CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૭
તા.૦૪-૦૩-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ ફાગણ સુદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૦ સૂર્યાસ્ત : ૦૬:૪૩

તાપમાન
ડીસા ૩૪.૨
અમદાવાદ ૩૪.૯
ગાંધીનગર ૩૪.૨
વડોદરા ૩૭.૨
સુરત ૩૪.
નલિયા ૩૨.૪

ચાંદી : ૪૩૦૦૦ સોનું : ૨૯૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

# અમૂલ દૂધના ભાવમાં બે રૂપિયા સુધી વધારો

## ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી કરાયો : અમૂલની બધી બ્રાન્ડના દૂધ ભાવમાં વધારો થતાં સામાન્ય લોકોમાં નારાજગી : ભાવ વધારા માટેના કારણો અપાયા

અમદાવાદ

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો ઉપર વધુ બોજ ઝીંકાઈ ગયો છે. કારણ કે, અમૂલે ફરી એકવાર દૂધની કિંમતમાં પ્રતિલીટર બે રૂપિયા સુધીનો જંગી વધારો ઝીંકી દીધો છે. આ ભાવ વધારાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના બજેટ બગડી શકે છે. ભાવ વધારા માટેના કેટલાક કારણો પણ આપવામાં આવ્યા છે. અમૂલની તમામ બ્રાંડની કિંમતમાં બે રૂપિયાનો વધારો તરત જ અમલી કરી દેવામાં આવ્યો છે. આણંદ સ્થિત અમુલ દ્વારા દુધમાં ભાવવધારો કરવાની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. મહિનાના બજેટને આધુપાછુ કરી બે છેડા મેળવવાની કોશિશમાં મધ્યમવર્ગીય ગૃહિણીઓને વધુ એક ફટકો દુધમાં ભાવ વધારો થવાથી પડી રહ્યો છે. અમુલે આવતીકાલથી રાજયમાં પ્રતિ લિટર રૂપિયા બેનો ભાવ વધારો અમલી બનાવ્યો છે. નવા લાગુ પડેલા ભાવ સાથે અમુલ ગોલ્ડ, અમુલ શક્તિ, અમુલ તાજા, અમુલ સ્લિમ એન્ડ ટ્રીમ, અમુલ ટી સ્પેશિયલ અને અમુલ કાઉ મિલ્કમાં આવતીકાલથી ૨ રૂપિયા વધી જશે ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, જે અમુલનું માર્કેટીંગ કરતી સંસ્થા છે તેણે અમુલ ચીઝ, બટર ઘી, છાશ અને આઈસ્કીમ વગેરે ડેરી પ્રોડક્ટમાં ભાવવધારો કર્યો છે તેમાં દુધમાં બે રૂપિયાનો વધારો આજે જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગત દિવસોમાં દુધ ઉત્પાદકો પાસેથી દુધ ખરીદીના ભાવમાં પણ ૧૦ રૂપિયાનો વધારો જાહેર કરવામાં આવ્યો હતો. જેને પગલે આશંકા સેવાઈ રહી હતી કે અમુલ દુધના વેચાણભાવમાં વધારો કરશે. જોકે એપ્રિલને બદલે માર્ચમાં જ આ નવો ભાવવધારો ઝીંકી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે જુન મહિનામાં પ્રતિ લિટર બે રૂપિયા ભાવ વધારો કરવામાં આવ્યો હતો, ત્યાં ફક્ત ૮ માસમાં જ ફરીથી ૨ રૂપિયા વધાર્યા છે. ૨૦૦૬થી લઈને અત્યાર સુધી અમુલે ૨૨ વખત દુધનો ભાવવધારો કર્યો છે.

## વિચાર વૈભવ...

### એ પાપ ધોઈ નાખવા

હું આપણી સંસ્કૃતિનો ભક્ત છું. સહેજે નિંદા ન કરું. પણ હું કહું છે કે જે દ્રોણાચાર્યે પાંડવો અને કૌરવોને તૈયાર કર્યા તે જ દ્રોણાચાર્યે દૂર રહીને એમની વિદ્યા લેનાર એક ભીલ કિશોરને કહ્યું કે, ''તું આર્ય નથી, અનાર્ય છે. તું મારી પાસેથી વિદ્યા શીખ્યો છે, માટે ગુરુદક્ષિણા તરીકે તારો અંગૂઠો કાપી આપ.'' એ જો અંગૂઠો જ કાપી આપે, તો પછી ધનુર્વિદ્યા કામ શું આવે ? કેટલી એમની દુર્જનતા! ભેજું કેટલું દુષ્ટ થયું!... તે પાપ ધોઈ કાઢવા આપણે અનેક જન્મો સુધી પછાત વર્ગોની, હરિજનોની અને આદિવાસીઓની સેવા કરવી રહી.

કાકા કાલેલકર

## સાર સમાચાર...

### ગૃહની કામગીરી નિહાળવા નારી શક્તિનો પ્રવાહ જારી

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીની આજે વિધાનસભાની કાર્યવાહી નિહાળવા આવેલી ભરૂચ જિલ્લાની ગ્રામીણ નારીશક્તિએ મુલાકાત લીધી હતી. વિજય રૂપાણીએ ૧૫૦૦ ઉપરાંતની આ બહેનો માતાઓને રાજય સરકારે ભરૂચ જિલ્લામાં આકાર લેનારી ૪૦૫૦ કરોડની ભાડભુત યોજના માટે આ વર્ષના અંદાજપત્રમાં ૧૦૦ કરોડની ફાળવણી કરી છે તેની વિગતો આપી હતી. તેમણે કહ્યું કે લોકમાતા નર્મદાના વહી જતા પાણીને આ ભાડભુત બેરેજ દ્વારા રોકીને જંબુસર, વાગરા સહિતના વિસ્તારોમાં નર્મદાના પાણી સિંચાઈ પીવા માટે પહોંચાડવા સરકારે બહુઆયામી આયોજન કર્યું છે. આ નારીશક્તિને મુખ્યમંત્રીએ બજેટમાં કરવામાં આવેલી ૫૬ હજાર કરોડની મહિલા કલ્યાણ યોજનાઓ, વરિષ્ઠ વડિલો માટે યાત્રાધામોની તીર્થની મુલાકાત માટે પ્રવાસ બસમાં ૫૦ ટકા રાહત સાથે શ્રવણતીર્થ દર્શન યોજના માટે ૪ કરોડની ફાળવણી વગેરેની વિસ્તૃત સમજ આપી હતી. અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે વિધાનસભાના હાલ ચાલી રહેલા અંદાજપત્ર સત્રમાં વિધાનગૃહમાં કામગીરી નિહાળવા રોજેરોજ રાજયના વિવિધ જિલ્લાઓ ગ્રામીણ ક્ષેત્રોની મહિલાશક્તિ વિશાળ સંખ્યામાં આવે છે.

## કોંગ્રેસના શંકરસિંહ વાઘેલાના સરકાર પર પ્રહાર

# બજેટમાં ફળવાતા નાણાં પૈકી ૫૦ ટકા કરતાય ઓછો ખર્ચ

અમદાવાદ

વિધાનસભા ગૃહમાં આજે બજેટ પરની સામાન્ય ચર્ચામાં ભાગ લીધા બાદ મીડિયાના મિત્રોને સંબોધતાં ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના પુરાંતવાળા બજેટની સામાન્ય ચર્ચાનો આજે પહેલો દિવસ છે. દર વર્ષે પુરાંતવાળુ બજેટ મુકાયા બાદ છેલ્લે તે ખાધમાં પરિણમે છે. આમ છતાં ભાજપ સરકાર છેલ્લા ઘણા વર્ષોથી પુરાંતવાળુ બજેટ રજુ કર્યાના ગાણા ગાયા કરે છે. હકીકતમાં, અર્થશાસ્ત્રી હોય તેને જ ખબર પડે, પરંતુ ભાજપ સરકારને તેની ખબર હોય તેવુ લાગતુ નથી. કારણ કે, અગાઉના જમાનામાં દેશીનામુ લખાતુ ત્યારે તેમાં શ્રી પુરાંત જણસે એવો શબ્દપ્રયોગ થતો, જેનો આધાર લઈ પુરાંત શબ્દનો ઉપયોગ બજેટ સાથે જોડી દેવામાં આવ્યો છે. કોઈપણ રાજય કે દેશ ત્યારે જ વિકસિત કહી શકાય જ્યારે તેનું બજેટ પુરાંત અથવા ખાધવાળુ હોઈ શકે. બજેટમાં ખાધ હોય એ કાંઈ નેગેટીવ બાબત નથી. ભાજપ સરકારમાં છેલ્લાં

અનુસંધાન પાના નં.૬

## સાત જિલ્લાની ૪૯ બેઠકો માટે આજે મતદાનને લઇ ઉત્સાહ

# ઉત્તરપ્રદેશ : આજે છઠ્ઠા ચરણમાં મતદાન, ૬૩૫ ઉમેદવારો મેદાનમાં

## રાજ્યમાં ગોરખપુર સીટ પર સૌથી વધારે ૨૩ ઉમેદવારો અને મઉ જિલ્લાની મોહમ્મદાબાદ ગોહના સીટ પર સૌથી ઓછા સાત ઉમેદવાર મેદાનમાં રહેશે



લખનૌ

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કાના મતદાન માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે. છઠ્ઠા તબક્કામાં સાત જિલ્લાની ૪૯ બેઠકો માટે મતદાન યોજાનાર છે. ગુરૂવારના દિવસે સાંજે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયા બાદ હવે ઉમેદવારો ઘરે ઘરે જઇને પ્રચાર કરી રહ્યા છે. છઠ્ઠા તબક્કામાં સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવના લોકસભા ક્ષેત્ર આજમગઢ સહિત પૂર્વાંચલના સાત જિલ્લાની ૪૯ બેઠકો માટે પ્રચારનો અંત આવ્યા બાદ હવે ઉત્સુકતા વધી ગઇ છે. છઠ્ઠા તબક્કામાં સૌથી વધારે ઉમેદવાર ગોરખપુર સીટ પર છે. આ સીટ પર કુલ ૨૩ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. જ્યારે સાત ઉમેદવાર મઉ જિલ્લાની મોહમ્મદબાદ ગોહના સીટ પરથી સાત ઉમેદવાર ભાગ્ય અજમાવી રહ્યા છે. સપાના સ્થાપક મુલાયમ સિંહ યાદવના સંસદીય ક્ષેત્ર આજમગઢમાં વિધાનસભાની ૧૦ સીટ છે. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં આમાંથી સમાજવાદી પાર્ટીએ નવ બેઠકો જીતી હતી. જો કે આ વખતે આજમગઢમાં મુલાયમસિંહે એક પણ રેલી કરી નથી. છઠ્ઠા તબક્કામાં ૭૭ લાખ ૮૫ હજાર મહિલા સહિત એક કરોડ ૭૨ લાખ મતદારો છે. આ તમામ મતદારો કુલ ૬૩૫ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો કરનાર છે.

## ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી બીજી ટેસ્ટ

બેંગલોર

બેંગલોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે આવતીકાલેથી ભારત અને પ્રવાસી ઓસ્ટ્રેલિયા વચ્ચે બીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. પ્રથમ ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયા સામે ૩૩૩ રનના જંગી અંતરથી ગુમાવી દીધા બાદ વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ પર જીતવા માટે દબાણ વધી ગયુ છે. ભારતીય અંતિમ ઈલેવનમાં કેટલાક ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારતીય ટીમ માટે હવે શ્રેણીમાં વાપસી કરવાની બાબત સરળ દેખાઈ રહી નથી. કારણ કે ઈતિહાસ પર નજર કરવામાં આવે તો વર્ષ ૧૯૩૨માં ટેસ્ટ ક્રિકેટ રમવાની શરૂઆત કર્યા બાદથી હજુ સુધી માત્ર ત્રણ વખત જ ભારતીય ટીમ પ્રથમ ટેસ્ટ મેચ ગુમાવી દીધા બાદ શ્રેણીમાં વાપસી કરવામાં સફળ રહી છે.

# મગફળીનો જથ્થો સમયસર ટેકાની કિંમતે ખરીદી લેવાયો

## પોષણક્ષમ કિંમતોનો લાભ સીધો જ ખેડૂતોને મળે તે માટે સંવેદનશીલ સરકાર સંપૂર્ણ સજગ છે : કૃષિમંત્રી સાપરિયા

અમદાવાદ

રાજયસરકારે ખેડૂતોને લાભ આપવાના હેતુસર મગફળી સમયસર ટેકાના ભાવે ખરીદી લીધી છે. આનાથી સીધો ફાયદો ખેડૂતોને મળે તેવો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. ચાલુ વર્ષે મગફળીનું વ્યાપક ઉત્પાદન થતાં ખેડુતોને પોષણક્ષમ ભાવો મળી રહે એ હેતુથી રાજય સરકારે સંવેદનશીલતા દાખવીને સમયસર ૮૬ ખરીદ કેન્દ્રો પરથી ૮૮૯.૨૯ કરોડની કુલ ૨.૧૦૭ લાખ ટન મગફળીની ટેકાના ભાવે ખરીદી કરી છે. કૃષિ અને સહકાર મંત્રી ચીમનભાઈ સાપરીયાએ આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ સમયસર દરખાસ્ત કરી અને કેન્દ્ર સરકારે પણ ત્વરિત મંજુરી આપતાં ખેડુતોને પોષણક્ષમ ભાવો મળી રહ્યા. આ માટે તેમણે રાજયના તમામ ખેડુતો વતીથી આભારની લાગણી પ્રદર્શિત કરી હતી. તલાલાના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પ્રશ્નનો જવાબ આપતાં મંત્રી ચીમનભાઈ સાપરીયાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ,

અનુસંધાન પાના નં.૬

# સપા, બસપ, કોંગ્રેસને ૧૧મીએ જોરદાર કરંટ લાગશે જ : મોદી

મિરઝાપુર

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આક્રમક ચૂંટણી પ્રચારનો દોર જારી રાખવામાં આવ્યો છે. સાથેસાથે હરીફ પક્ષો ઉપર જોરદાર આક્ષેપબાજીનો મારો પણ જારી રાખવામાં આવ્યો છે. ચૂંટણી પ્રચાર માટે મોદી આજે મિરઝાપુર પહોંચ્યા હતા. ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, ભાજપ ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ભારે બહુમતિ સાથે જીત મેળવશે તેવી તેઓ આશા ધરાવે છે. તેમણે કહ્યું હતું કે, મુલાયમસિંહ યાદવનું વચન ૧૩ વર્ષ બાદ તેમના પુત્ર પણ પુરા કરી શક્યા નથી. મુલાયમસિંહ ૧૩ વર્ષથી એક પુલ પણ બનાવી શક્યા નથી. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસને ૧૧મી માર્ચના દિવસે કરંટ લાગનાર છે. આ કરંટ પ્રજાની તાકાતના તાર અને ઉર્જાથી લાગશે. મિરઝાપુરમાં રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, મિરઝાપુરના લોકોએ પોતાના રેકોર્ડ જ તોડી દીધા છે. તેઓ જે રેલીમાં જાય છે ત્યાં ભારે ભીડ હોય છે. ઉત્તરપ્રદેશની ચૂંટણી એક ઉત્સવ સમાન છે. ઉત્તરપ્રદેશની આ ચૂંટણી સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસની મુક્તિ માટેનો ઉત્સવ છે. ઉત્તરપ્રદેશમાં વિકાસને લઈને અખિલેશ યાદવ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, ૧૩ વર્ષ અગાઉ મુલાયમસિંહ યાદવે પ્રજાને જે વચન આપ્યું હતું તેમના પુત્ર અખિલેશ યાદવ ૧૩ વર્ષ બાદ પણ પૂર્ણ કરી શક્યા નથી.

# થરાદના ખાનપુર ગામની સીમમાંથી અફીણનુ ખેતર ઝડપાયુ





## પોલીસની રેડ દરમ્યાન અફીણના અંદાજે ૫૦૦૦ છોડ મળ્યા

થરાદ

થરાદ પોલીસે ગઈકાલે મળેલ બાતમીના આધારે થરાદ તાલુકાના ખાનપુર ગામની સીમમાં તપાસ હાથ ધરતા ગેરકાયદેસર અફીણનુ ખેતર મળી આવ્યુ હતુ. પોલીસે અંદાજે ૫૦૦૦ જેટલા અફીણના છોડ પરથી ૯૬.૫૦૦ કિલોગ્રામ અફીણના ડોડા જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દેશભરમાં ચાલી રહેલ માદક કેફી દ્રવ્યોની બદી સંપૂર્ણપણે નેસ્ત નાબુદ કરવા અને જેનો સખત અમલ કરવા બાબતે જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજરની સુચનાના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક યુ.આર. પટેલના માર્ગદર્શન હેઠળ થરાદ પીઆઈ જે.જી. ચાવડાને મળેલ બાતમીના આધારે પીએસઆઈ આર.જી. ચૌધરીએ તેમના સ્ટાફ સાથે ખાનપુર ગામની સીમમાં આવેલ માવજીભાઈ નશાજી પ્રજાપતિના ખેતરમાં તપાસ હાથ ધરી હતી. જયાંથી ગેરકાયદેસર અફીણના અંદાજે ૫૦૦૦ જેટલા છોડ મળી આવ્યા હતા. પોલીસે આ તમામ છોડ ઉપરના ૯૬.૫૦૦ કિલોગ્રામ અફીણના ડોડા જેની કિંમત રૂા.૯,૬૫,૦૦૦ કબ્જે કરી ખેતર માલીક સામે પ્રોહિબીશનનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

Podar Jumbo Kids
પટેલ ટીમ્બર માર્ટ કમ્પાઉન્ડ, અમદાવાદ હાઈવે, રેલવે ક્રોસીંગ પાસે, બ્રીજની નીચે, પાલનપુર
પ્રિ-સ્કૂલ માટે અનુભવી અંગ્રેજી સમજી-બોલી શકે તેવા ટીચર અને સેન્ટર હેડની જરૂરિયાત છે.
સંપર્ક : 7405584430, 9033366099

મહિલાઓ માટે, યુવાનો માટે,
વડીલો માટે સૌના માટે
આવી રહી છે શાહી સવારી...

CMYK

સૂર્યોદય -૭.૦૦ સૂર્યાસ્ત - ૬.૪૩

## તિથિદર્શન
ફાગણ સુદ ૫ શુક્રવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ફાગણ સુદ પાંચમ શુક્રવાર નક્ષત્ર:ભરણી રાત્રે ૧૨.૦૪ પછી કૃતીકા યોગ: વૈધૃતી કરણ: બવ આજે જન્મેલા બાળકની મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### નિમેષ માત્ર અપિ તે વયો ગચ્છન્ન તિષ્ઠતિ તસ્માદે હેષ્વનિત્યેષુ કીર્તિ મે કામુપાર્જયેત્

'આયુષ્ય પળે પળે વ્યતીત થતું રહે છે. એક ક્ષણનો પણ વિસામો લેતું નથી, માટે આ નાશવંત શરીરમાં, આત્મા માટે- એકમાત્ર યશને પ્રાપ્ત કરી લ્યો.' આપણી આલસ્યવૃત્તિ, બધું કામ 'પછી' પર છોડવાની અને કર્તવ્ય- ફરજમાંથી છટકવાની ભાગેડુ વૃત્તિ હંમેશા કોઈ ને કોઈ બહાનાંને ઢાલ બનાવી આળસુ પ્રકૃતિને બૂરખો પહેરાવતાં હોઈએ છીએ અને જ્યારે રંગે હાથે પકડાઈ જઈએ ત્યારે પણ, મારે આજે જ કરવું હતું, પણ વચ્ચે આ કામ- ફોન- કોઈ મહેમાન- આવી ગયું એટલે રહી ગયું! એવું જ શારીરિક સાધના- કસરત કે શરીર- રોગો તરફ દુર્લક્ષ સેવી ઉપચાર આજે કરશું, કાલે કરશુંમાં ખૂબ મોડું થઈ જાય છે. આત્માની ઉન્નતિ- સાધના- સત્સંગ દ્વારા 'આત્મજ્ઞાન' પ્રાપ્ત કરવામાં પણ હજુ તો અભ્યાસ કરું છું, સંસારી છું, પહેલાં ધંધો- કુટુંબનું ભરણપોષણ, ભગવાન ક્યાંય ભાગી જતો નથી, નિવૃત્તિ પછી તો એ જ કરવાનું છે ને! આમ ને આમ જીવનનો 'અમૂલ્ય' શારીરિક શક્તિનો સાધના- તપ- ઉપાવાસ થઈ શકે એવો સમય પસાર થઈ જાય છે, અને પાછલી. અવસ્થામાં મને તો રોગ છે ને! મારાથી આમ ન થાય, તેમ ન થાય કહી બચાવ પ્રયુક્તિઓ શરૂ થઈ જાય.જીવનમાં 'સત્કાર્યો' કરી નામના- કીર્તિ દ્વારા સ્વ- જીવ- આત્માનો વિકાસ કરવો જરૂરી છે. મૃત્યુ કઈ ક્ષણે આવી જશે કોને ખબર છે?!

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)પ્રિયજનથી વિરહ રહે. અગત્યના કાર્યોમાં વિઘ્ન આવે..**

**વૃષભ : (બ.વ.ઉ.)વ્યવસાયિક કાર્યમાં સફળતા મળે. મોજ-શોખમાં દિવસ વિતે.**

**મિથુન : (ક.છ.ઘ.)બગડેલા કાર્યો સુધારી શકશો. ગુપ્ત ચિંતા દૂર થાય.**

**કર્ક : (ડ.હ.) માનસિક પરેશાની દૂર થાય. આવકમાં વધારો થાય.**

**સિંહ : (મ.ટ.) અટકેલા કાર્યો પૂર્ણ થાય. નવા સાહસમાં સફળતા મળે.**

**કન્યા : (પ.ઠ.ણ.)પ્રવાસમાં લાભ રહે. સ્વભાવ તેજ રહે.**

**તુલા : (ર.ત.)વ્યર્થ દોડા-દોડી રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**

**વૃશ્ચિક : (ન.ય.)કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. આકસ્મીક ધન પ્રાપ્તિ થાય.**

**ધન : (ભ.ફ.ધ.)મનની નિરાશા દૂર થાય. આર્થિક સમસ્યા હળવી બને.**

**મકર : (ખ.જ.)શત્રુવર્ગને પીછેહટ કરવી પડે. આવક-જાવક સરભર રહે.**

**કુંભ : (ગ.શ.સ.) કાર્યની અધિક્તા રહે તેવી સંભાવના. જીવનસાથીનો આરોગ્ય સંભાળવું.**

**મીન : (દ.ચ.જ.થ.)કામકાજમાં વ્યસ્ત રહેવાય. મનમાં મૂંઝવણ રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

હિંદની સંસ્કૃતિ, સાહિત્ય અને શાસ્ત્રોને જગવિખ્યાત કરનાર મહાન સારસ્વત શ્રી અલ-બિફની જન્મ જયંતી છે. એમનો જન્મ ૪-૩-૯૭૩ના રોજ થયો હતો. એમનું પુરૂ નામ અબુઅલ-રૈહાન મુહમ્મદ ઈબત અહમદ અલ બિરૂની હતું. અભ્યાસની એક વૈજ્ઞાનિક ઢબની પહેલ કરનાર શ્રી એલ બિરૂની હતા. મુસ્લિમ જગતને હિન્દુસ્તાનના વેદ, પુરાણો, યોગશાસ્ત્ર, ગીતા અને સંસ્કૃત સાહિત્યનો સાચો પરિચય એમણે કરાવેલો. એમનો ૨૭ જેટલો ગ્રંથો ઉપલબ્ધ છે. પણ મનાય છે કે એમણે લગભગ ૧૫૦ થી ૧૮૦ જેટલા ગ્રંથો લખ્યા હશે. આ મહાન સારસ્વતનું ઈ.સ.૧૦૪૨માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
RNI No. : GUJGUJ / 2010 / 35414
Stock Market Trend
www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૮૮૬૦ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

તા ૦૩.૦૩.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ( ૮૯૩૧ ) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૮૮૮૮ પોઈન્ટના પ્રથમ અને ૮૮૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૮૯૮૯ પોઈન્ટથી ૯૦૦૯ પોઈન્ટ, ૯૦૪૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૦૪૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ...

**૧) યશ બેન્ક (૧૪૪૧) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૧૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૦૪ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૬૪ થી રૂ.૧૪૭૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૪૭૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) લાર્સેન (૧૪૭૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૪૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૦૫ થી રૂ.૧૫૧૫ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) મહેન્દ્રા ૠ મહેન્દ્રા (૧૩૨૩) :- રૂ. ૧૩૦૭ પ્રથમ તેમજ રૂ.૧૨૯૦ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ. ૧૩૪૭ થી રૂ. ૧૩૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) સેન્ચુરી ટેક્ષટાઈલ (૯૩૯) :- ટેક્ષટાઈલ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૬૧ થી રૂ.૯૯૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૦૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) રિલાયન્સ કેપિટલ (૫૩૫) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૧૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાઈનાન્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૫૧ થી રૂ.૫૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ૫

**૧) ACC લિમિટેડ ( ૧૩૯૫ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૪૧૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૮૦ થી રૂ.૧૩૬૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૪૩૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) HDFC બેન્ક ( ૧૩૭૮ ) :- રૂ.૧૩૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૦૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૩૫૫ થી રૂ.૧૩૩૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૦૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ઇન્ફોસિસ ( ૧૦૩૨ ) :- ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૦૬૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ. ૧૦૦૯ થી રૂ.૯૯૬ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) કોટક બેન્ક ( ૮૧૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૦૩ થી રૂ.૭૯૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે.ટ્રેડીગલક્ષી રૂ.૮૪૦ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) ડીવીસ લેબ ( ૭૬૦ ) :- રૂ.૭૭૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૮૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૭૪૨ થી રૂ. ૭૨૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૮૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# મહંત શ્રી બી.જે.વિદ્યાલય પેપળુમાં ધોરણ-૧૦-૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો


જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

શ્રી નકળંગ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મહંત શ્રી બી.જે.વિદ્યામંદિર પેપળુ ખાતે પ્રમુખ બાબુપુરીજીના અધ્યક્ષ સ્થાને ધોરણ-૧૦-૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો હતો. શરૂઆતમાં દિપ પ્રાગટ્ય બાદ આવેલ મહેમાનોનું ફુલછડી અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસગે શાળામાંથી અભ્યાસ કરી નોકરી મેળવેલ વિદ્યાર્થી ભાઈ- બહેનોને સન્માનિત કરાયા હતા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ધો-૧૦-૧૨ ના વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાયો રજુ કર્યા હતા. ત્યારબાદ ટ્રસ્ટના પ્રમુખ બાબુપુરીજીએ પોતાના પ્રવચનમાં બાળકોએ શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી દાનની સરવાણી વહેવડાવી હતી. આ પ્રસંગે પેપળુ પ્રાથમિક શાળાના આચાર્ય ભાવજીભાઈ દેસાઈ રામપુરા પ્રાથમિક શાળાના આચાર્ય બાબુભાઈ દેસાઈ, ભેમસિંહ રાજપુત (શેરગઢ), મોહનભાઈ દેસાઈ (ગેળા), જીવરામભાઈ જોષી (ભીલડી), હરગોવનભાઈ દેસાઈ(ખેંટવા) સહિત હાજર રહ્યા હતા. કાર્યક્રમને સરળ બનાવવા બનાસ બેંકના ડિરેક્ટર બાબુલાલ પાનકુટા, ઈશ્વરલાલ દેસાઈ (ગજનીપુર) તથા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અશોકભાઈ દેસાઈએ કર્યું હતું. જ્યારે આભારવિધિ નરસિંહભાઈ દેસાઈએ કરી હતી.

# શેરબજારમાં મંદી જારી : વધુ ૭ પોઇન્ટનો ઘટાડો નોંધાયો

મુંબઈ

શેરબજારમાં આજે સતત બીજા દિવસે ઘટાડો રહ્યો હતો. મૂડીરોકાણકારોએ પ્રોફિટ બુકિંગની સ્થિતિમાં રસ દર્શાવ્યો હતો. એશિયન બજારમાં નકારાત્મક પ્રવાહ જોવા મળ્યો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ સાત પોઈન્ટ ઘટીને ૨૮૮૩૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી બે પોઈન્ટ ઘટીને ૮૮૯૭ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં આઉટ પરફોર્મની સ્થિતિ રહી હતી. બીએસઈ મિડકેપમાં ૦.૩ ટકા અને સ્મોલકેપમાં ૦.૪ ટકાનો સુધારો જોવા મળ્યો હતો. માર્કેટ બ્રીડ્રથની સ્થિતિ આજે સારી રહી ન હતી. નકારાત્મક પ્રવાહ જોવા મળ્યો હતો. આજે કારોબારના અંતે ૧૪૫૦ શેરમાં મંદી અને ૧૩૭૨ શેરમાં તેજી જોવા મળી હતી. કુલ ૧૭૧ શેરમાં યથાસ્થિતિ જોવા મળી હતી. અપોલો હોસ્પિટલના શેરમાં પાંચ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. બીએસઈના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૭ બાદથી તેના લિસ્ટિંગ બાદથી બીએસઈના શેરમાં સૌથી નીચી સપાટી જોવા મળી હતી. આજે ખાંડ કંપનીઓના શેરમાં ફરી સારી સ્થિતિ જોવા મળી હતી. તેના શેરમાં પાંચ ટકા સુધીનો સુધારો રહ્યો હતો. પીએમઆઈ સર્વિસ ગ્રોથના માર્ગ ઉપર આગળ વધતા તેની અસર પણ જોવા મળી રહી છે. વૈશ્વિક બજારોની અસર પણ જોવા મળી રહી છે. બીજી બાજુ યુરોપિયન બજારમાં આજે મંદી સાથે કારોબારની શરૂઆત થઇ હતી. એશિયન બજારમાં મોટાભાગે મંદી રહી હતી. જાપાનમાં ૦.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિક્કીમાં પણ ઘટાડો નોંધાયો હતો. ભારે ઉથલ પાથલના સેશનના અંતે સેન્સેક્સ ગઈકાલે કારોબારના અંતે ૧૪૫ પોઈન્ટ ઘટીને ૨૮૮૪૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૬ પોઈન્ટ ઘટીને ૮૮૯૯ની સપાટીએ રહ્યો હતો. સીએસઓ દ્વારા જારી કરવામાં આવેલા વર્તમાન નાણાંકીય વર્ષના ત્રીજા ત્રિમાસીક ગાળા ઓકટોબર-ડિસેમ્બર ૨૦૧૬માં જીડીપી વૃદ્ધિદર સાત ટકા રહ્યો છે. આનાથી એવી શંકા ખતમ થઈ ગઈ છે કે નોટબંધીથી અર્થવ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ચાલુ નાણાકીય વર્ષમાં વૃદ્ધિ દર ૭.૧ ટકા રહેવાનો અંદાજ પહેલાથી જ મુક્યો હતો.

# ખીમાણા પ્રાથમિક શાળામાં તિથિભોજન અપાયું


વિષ્ણુ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે પ્રાથમિક શાળાના પટાંગણમાં તા. ૩/૩/૨૦૧૭ શુક્રવારના રોજ સ્વ. ચંપાબા શેરાજી પરમાર તથા શાંતિલાલ ગોપાળદાસ ત્રિવેદીની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર દ્વારા ખીમાણા પ્રાથમિક શાળાના તમામ બાળકો તથા આંગણવાડીના બાળકોને મોહનથાળ, શાક, દાળ- ભાત, પુરી, સેવ છાશ વગેરેનું તિથિભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ ફતુજી ગલાબજી, માજી સરપંચ પીરાજી શેરાજી, ખટાણા ઈશ્વરભાઈ, ખટાણા સુરેશભાઈ, દેનાબેંક સ્ટાફગણ, પી.એચ.સી. સ્ટાફગણ, પટેલ જયંતિભાઈ (આચાર્ય ખોડા હાઈસ્કૂલ), હરેશભાઈ ત્રિવેદી (કિંજલ બુક સ્ટોલ), હિંમતસિંહ પરમાર, શાળાના આચાર્ય તથા સ્ટાફગણે સુંદર રીતે આયોજન કર્યું હતું.

# ધાનેરામાં લાયન્સ ક્લબ દ્વારા નિઃશુલ્ક કારકિર્દી સેમિનાર યોજાશે

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા લાયન્સ ક્લબ દ્વારા તા. ૪-૩ ૨૦૧૭ ના રોજ રાત્રે ૮ કલાકે હિરાણી પાર્ટી પ્લોટ ખાતે નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પરિક્ષિત જોબનપુત્રા વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો, એકાગ્રતા, યાદશક્તિ તેમજ પરીક્ષાની તૈયારી વિશે માર્ગદર્શન આપશે. જે સેમિનારમાં ભાગ લેવા ધાનેરા લાયન્સ ક્લબના પ્રમુખ રમેશભાઈ ડી.ઠક્કરે વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને અનુરોધ કર્યો છે.

# સામઢીમાં શોભાયાત્રા નીકળી


ચંદુભાઈ મકવાણા

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે આવેલ આસ્થા સ્થાનક હરસિધ્ધ માતાના મંદીરે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જે નિમિત્તે ગામમાં નીકળેલી વિશાળ શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું.

# કેરળમાં સંઘ અને સીપીએમ કાર્યકરો વચ્ચે સંઘર્ષ યથાવત

કોઝિકોડ

કેરળમાં આરએસએસ અને સીપીએમના કાર્યકરો વચ્ચે જારી સંઘર્ષે હિંસક વળાંક લઇ લીધો છે. નવેસરના ઘટનાક્રમમાં રાજયના પલક્કડ જિલ્લામાં ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયાના કાર્યકરો ઉપર થયેલા હુમલાઓના મામલામાં ભાજપના ત્રણ કાર્યકરોની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. એલ્લાપિલ્લીમાં થયેલા આ હુમલામાં ડીવાયએફઆઈના ત્રણ કાર્યકરોને ઈજા થઈ હતી. કેટલાક વણઓળખાયેલા અને મોટર સાયકલ ઉપર આવેલા લોકોએ હુમલો કર્યો હતો જેમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. અત્રે નોંધનીય છે કે, ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા સીપીએમની યુવા પાંખ તરીકે છે. આ અથડામણ થયા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. આ અગાઉ પણ સીપીએમના કોઝીકોડ સ્થિત વિષ્ણુ મંગલમ ઓફિસમાં કેટલાક વણઓળખાયેલા લોકોએ આગ ચાંપી દીધી હતી.

આ ઘટના ગુરુવારે મોડી રાત્રે બની હતી જેમાં કોઇને કોઇ નુકસાન થયું નથી. પોલીસ દ્વારા સમગ્ર મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. આ અગાઉ સંઘની ઓફિસ નજીક થયેલા બ્લાસ્ટમાં આરએસએસના ત્રણ લોકોને ગંભીરરીતે ઈજા થઇ હતી. આ તમામને કોઝિકોડેની સરકારી મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. આ હુમલો સંઘના નેતા કુંદન ચંદ્રાવતની એવી ટિપ્પણી બાદ કરાયો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિ પણ કેરળના મુખ્યમંત્રી વિજયનનું માથુ કાપીને લાવશે તેને એક કરોડ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. ચંદ્રાવતે કહ્યું હતું કે, જો કોઈ સંઘના કાર્યકરોની હત્યા કરનાર કેરળના મુખ્યમંત્રીનું માથુ કાપશે તો એક કરોડની રકમ અને અન્ય ઈનામ પણ આપવામાં આવશે.

# તુવેરની ખરીદી માટે કેન્દ્ર દ્વારા મંજુરી મળી

ગાંધીનગર

રાજયમાં વિપુલ પ્રમાણમાં થયેલ તુવેરના ઉત્પાદનના કારણે અને ખેડુતોને તેના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે તુવેરના ઉત્પાદનને ધ્યાને રાખીને ખરીદ કરવાની વધુ મંજુરી મેળવવા રાજય સરકારના કૃષિ અને ઉર્જા મંત્રી ચીમનભાઈ સાપરીયાએ મુખ્યમંત્રી વિજય રૂપાણી સમક્ષ કરેલ ચર્ચા વિચારણા કારણે તેમના દ્વારા ભારત સરકારના રાજય કૃષિ મંત્રી પરસોત્તમ રૂપાલા અને કેન્દ્રીય રાજય કેમિનલ એન્ડ ફર્ટીલાઈઝર મંત્રી મનસુખભાઈ માંડવીયાએ કેન્દ્રિય મંત્રી રામવિલાસ પાસવાન સમક્ષ કરેલ ભારપૂર્વક રજુઆત અન્વયે, ગુજરાત રાજયના ખેડુતોના વ્યાપક હિતમાં તુવેરની ખરીદી માટે કેન્દ્ર સરકાર દ્વારા ૬૦,૦૦૦ મેટ્રીક ટન માટેની મંજુરી આપવામાં આવેલ નથી. રાજયના વિવિધ માર્કેટ યાર્ડોમાં તુવેરની આવક ચાલુ રહેતાં અને ટેકાના ભાવ કરતાં બજાર ભાવ ઘણાં ઓછા હોવાથી સરકાર દ્વારા ફરીથી ખેડુતોના હિતાર્થે એક લાખ ટન સુધી ખરીદી કરવા રાજય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને તા.૨ માર્ચે ૨૦૧૭ના રોજ પુનઃવિનંતી કરેલ જે અન્વયે, ૧,૦૦,૦૦૦ મેટ્રીક ટન તુવેર ખરીદ કરવાની મંજુરી આપેલ છે, આમ સરકાર દ્વારા ખેડુતોના વિશાવ હિતને ધ્યાને લઈ, કલ્યાણકારી નિર્ણય કરેલ છે.

# ડીસા પંથકમાં દેશી ફ્રીજનું આગમન


વિનોદ બાંડીવાલા

ડીસા

ઉનાળાનું આગમન થતા ડીસા શહેરમાં ગાયત્રી મંદિર વિસ્તારમાં રાજસ્થાનના પ્રખ્યાત સફેદ માટલા નજરે પડવા લાગ્યા છે. ગરમીમાં ઠંડકનો અહેસાસ કરાવતા રાજસ્થાનના સફેદ માટલા ઉનાળામાં ઠંડુ પાણી આપતા હોઈ ગરીબો માટે દેશી ફ્રીજ સમાન બની ગયા છે. ઉનાળાની ગરમીમાં આ સફેદ માટલાના ઠંડા પાણીથી ગરીબ લોકોની તરસ બુઝાય છે. આ વખતે રાજસ્થાનના સફેદ માટલા ૬૦ રૂપિયાની ૨૦૦ રૂપિયાના ભાવે મળે છે. ઉનાળાની શરૂઆત થતા ધીમેધીમે તેની ખરીદી થવા લાગી છે.

આ રાજસ્થાનના સફેદ માટલા ડીસા શહેરના ગાયત્રી વિસ્તાર, જલારામ મંદિર વિસ્તાર બેકરી વ્હોળામાં મોટા પ્રમાણમાં નજરે પડે છે.

**પાંચ પરગણા સુથાર સમાજ દ્વારા**

# સણાદર અંબાજીધામ ખાતે રવિવારે ચોથા સમૂહ લગ્ન બાબતે બેઠક મળશે

તાલુકા પ્રતિનિધિ થરા

પાંચ પરગણા સુથાર સમાજ સમૂહલગ્ન સમિતિના જણાવ્યા મુજબ સમાજના ચોથા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. જે અંગે આવતીકાલે તા. ૫/૩/૨૦૧૭ ને રવિવારના રોજ બપોરેઃ- ૧-૦૦ કલાકે અંબાજી ધામ સણાદર ખાતે સમાજની બેઠક રાખવામાં આવેલ છે. જેમાં સમાજના તમામ ભાઈ-બહેનોને પધારવા આમંત્રણ આપવામાં આવે છે. કન્યાઓને ભેટ સૌગાદ આપવાની વસ્તુઓની ઉછામણી આ દિવસે થશે તો દાનવીર દાતાઓએ હાજર રહી લાભ લેવા સમૂહલગ્ન સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# બાલારામ સઘનક્ષેત્રનો ૫૯ મો સ્થાપના દિન યોજાયો

પાલનપુર

શ્રી બાલારામ સઘનક્ષેત્ર સમિતિ ''વિમળા જ્યોત'' ચિત્રાસણીનો ૫૯ મો વાર્ષિકોત્સવ કાર્યક્રમ ટ્રસ્ટી શૈલેષભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને અને ડ્યૂક પ્લાસ્ટો ટેકનીક પ્રા.લિ.ના એમ.ડી. પ્રભુદાસ પટેલના અતિથિ વિશેષ પદે તા. ૨૭/૨/૨૦૧૭ ના રોજ યોજવામાં આવ્યો હતો. પ્રારંભમાં નિયામક કાનજીભાઈ વાઘેલાએ સૌને આવકારી સંસ્થાનો અહેવાલ રજૂ કર્યો હતો. આ નિમિત્તે પ્રભુદાસ પટેલે વિદ્યાર્થીઓને શાળામાં નીતિમત્તા અને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળે અને તેઓ વૈશ્વિક પડકારો સામે ટકી શકે તેવા શિક્ષણની વ્યવસ્થા કરવા શિક્ષણ સંસ્થાઓ અને શિક્ષકોને અનુરોધ કરી વિદ્યાર્થીઓને વ્યસનો અને દૂષણોથી દૂર રહી પોતાનો ધ્યેય નક્કી કરવા અનુરોધ કર્યો હતો.

શૈલેષભાઈ મહેતાએ શિક્ષકોને અદ્યતન ટેકનોલોજી સાથે કદમ મિલાવી શકે વિદ્યાર્થીઓની તૃષ્ણા પારખી ગામડાના વિદ્યાર્થીઓ શહેરના વિદ્યાર્થીઓ સાથે ટકી શકે તેવી શિક્ષણ વ્યવસ્થા સંસ્થામાં કરવા અને શિક્ષકોએ માત્ર ૧૧ થી ૫ ના સમયને વળગી ન રહેતા વિદ્યાર્થીઓની સુશુપ્ત શક્તિઓને પારખી સમર્પિત ભાવથી કામ કરવા અનુરોધ કર્યો હતો.

વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં લોકનિકેતન રતનપુરના સંચાલક કિરણભાઈ ચાવડા,ગેલેક્ષી સ્કૂલ ઓફ સાયન્સ, વડગામના પ્રમુખ કાનજીભાઈ ચૌધરી, સુરેન્દ્રભાઈ જાદવ તથા સંસ્થાના સર્વે વિભાગોના કાર્યકરો તથા વિશાળ સંખ્યામાં ચિત્રાસણી અને આસપાસના ગ્રામજનોએ હાજર રહી નાના બાળકો અને તાલીમાર્થીઓ દ્વારા રજૂ થયેલ સુંદર મનોરંજન કાર્યક્રમો નિહાળ્યા હતા.

# એ.પી. ત્રિવેદી આર્ટ્સ અને સાયન્સ કોલેજ ખોરડાનું ગૌરવ

(પ્રતિનિધિ) થરાદ

હે.ઉ.ગુ. યુનિ., પાટણ દ્વારા ઓક્ટો-ડિસે. ૨૦૧૬માં લેવાયેલ બીએ સેમ-૩ અને બીએસસી સેમ-૫નું પરિણામ જાહેર થયેલ તેમાં એ.પી. ત્રિવેદી કોલેજનું બીએ સેમ-૩નું પરિણામ ૮૦.૭૪ % અને બીએસસી સેમ-૫નું ૮૫% પરિણામ આવેલ જેમાં કોલેજ ના વિદ્યાર્થીઓએ પોતાનું જવલંત પરિણામ લાવી સફળતા પ્રાપ્ત કરેલ છે. જેમાં બીએ સેમ-૩માં ઠાકોર અમીબેન શિવાજી, ચૌધરી વિરદાસભાઈ એચ, ચૌધરી હરેશભાઈ રામાભાઈ બીએસસી સેમ-૫માં તન્ના હરિઓમ.એચ., પટેલ પ્રિંજલબેન ડી., દેસાઈ નેન્સીબેન.એસ. જેઓને એ.પી.ત્રિવેદી શૈક્ષણિક સંકુલ પરિવાર બીરદાવે છે.

# દુઃખદ અવસાન



તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકા પંચાયતના સદસ્ય અને દીઓદર ગ્રામ પંચાયતના પૂર્વ સદસ્ય તેમજ રાવણા રાજપુત સમાજના પ્રમુખ મગનજી પનાજી પરમાર ના ધર્મપત્નિ સોનાબેન નું તા.૨૫/૨/૨૦૧૭ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમની સ્મશાન યાત્રામાં ગ્રામજનો, સમાજજનો, રાજકીય આગેવાનો વગેરે મોટી સંખ્યામાં જોડાયેલ.

# શુભલગ્ન

- દામા નિવાસી અમરતભાઈ કાળુભાઈ ખટાણાના સુપુત્ર ચિ.આશિષના લગ્ન રાણપુર ઉ.વાસ.નિવાસી રતુભાઈ બીજોલભાઈ ચેલાણાની સુપુત્રી ચિ. પલકના શુભલગ્ન નિમિત્તે તા. ૧૯/૨/૨૦૧૭ ને રવિવારે (રિસેપ્શન) સત્કાર સમારંભ રાખવામાં આવેલ. આ પ્રસંગે સ્નેહીજનો અને વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

-ડીસા નિવાસી પરેશકુમાર બાબુલાલજીની સુપુત્રી ચિ.સીનાના શુભલગ્ન અશોકકુમાર નેમીચંદજી લુંકડના સુપુત્ર ચિ.દર્શનજી સાથે તા. ૧૯/૨/૨૦૧૭ ને રવિવારે ધામધુમથી યોજાઈ ગયાં.

# ડીસા દક્ષિણ પોલીસે વિદેશી દારૂ વેચતા શખ્સને ઝડપ્યો


(ભરત સુંદેશા)

ડીસા

ડીસા દક્ષિણ પોલીસ મથકના પી.આઈ. જે.એચ.સિંધવની સૂચનાથી સ્ટાફે અજગરી સોસાયટીમાં રહેતા નસરૂદ્દીન મહંમદભાઈ શેખ અને અરમાન હબીબભાઈ પઠાણ પાસે પગારથી રહી એકટીવા ઉપર વિદેશી દારૂ અને બિયરની હોમ ડિલિવરી કરતા ગોવિંદ રાણા (રહે.શ્યામ બંગ્લોઝ) ને ઝડપી પાડયો હતો. પોલીસે તેની પાસેથી વિદેશી દારૂ અને બિયરની ૨૯ બોટલ તથા રોકડા રૂા.૭૬૪૦ અને એકટીવા મળી કુલ રૂા.૫૧,૫૪૦ નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધાનેરા પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

## મહેસાણાના ચાર શખ્સોની અટકાયત


એન.કે.મોદી

પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા પોલીસે વિદેશી દારૂની હેરાફેરી સામે લાલ આંખ કરી થાવર ત્રણ રસ્તેથી વિદેશી દારૂ ભરેલ છોટા હાથી ઝડપ્યાના બીજા દિવસે રાજધાની ત્રણ રસ્તા પાસેથી રૂા. ૫૮,૮૦૦ નો વિદેશી દારૂ ભરેલી સેવરોલેટ ગાડી સાથે ચાર શખ્સોને પણ ઝડપી પાડ્યા હતા.

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજર અને નાયબ પોલીસ અધિક્ષક (થરાદ) યુ.આર.પટેલે રાજ્ય સરકારના પ્રોહિબિશન એક્ટ સુધારા વટહુકમનું કડક અમલીકરણ કરવાના આદેશ આપેલ છે. જે સંદર્ભે ધાનેરા પોલીસે વિદેશી દારૂની હેરાફેરી સામે લાલ આંખ કરી છે. તેથી બુટલેગરો ફફડી ઉઠ્યા છે. ત્યારે મળેલી બાતમીના આધારે પી.એસ.આઈ. આર.કે. પરમારે પેરોલ ફર્લો સ્કોડ ટીમના દિલાવરખાન સિકન્દરખાન, ભેમજીભાઈ ધનરાજભાઈ, કરણસિંહ જવાનજી, વિજયસિંહ સોમસિંહ, ઈશ્વરભાઈ હરસીંગાભાઈ વગેરે સ્ટાફ સાથે રાજધાની ત્રણ રસ્તે નાકાબંધી ગોઠવી હતી. જે દરમ્યાન પુરઝડપે આવતી સેવરોલેટ ગાડી (નં.જી.જે.૧૯ એ ૮૫૬૩) ને રોકાવી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ અને બિયરની ૪૨૦ બોટલ (કિંમત રૂા. ૫૮,૮૦૦) મળી આવી હતી. તેથી પોલીસે ગાડી ચાલક બા-બી મહંમદ કાદીર ફતેશખાન અને ફિરોજખાન રૂસ્તમખાન પઠાણ તથા ઈમરાન સલીમભાઈ ઘાંચી (ત્રણેય રહે. મહેસાણા) અને પ્રવિણભાઈ શીવરામ રાવળ (રહે. લાંઘણજ) ની ધરપકડ કરી હતી. પોલીસે વિદેશી દારૂ અને ગાડી મળી કુલ રૂા. ૨,૫૮,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ ચારેય વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસા પાલિકામાં ચીફ ઓફિસરની ચેમ્બરમાંથી સી.સી.ટી.વી. કેમેરો હટાવાતા વિવાદ

## બુધવારે કચેરી સમય બાદ કેમેરો હટાવાયો

ડીસા

ડીસા નગરપાલિકામાં ચીફ ઓફિસરની ચેમ્બરનો સી.સી.ટી.વી. કેમેરા હટાવી લેવાની જાણ કર્યા બાદ પણ કેમેરો ન હટાવાતા બુધવારે સાંજે કચેરી સમય બાદ કોઈએ કેમેરો હટાવી લેતાં વિવાદ થયા છે. કેમેરો હટાવવાના સમયે ભાજપના સદસ્યોની હાજરી ઘણુંબધું સૂચવી જાય છે. આ અંગે પ્રમુખ દ્વારા સમગ્ર બાબતની તપાસ કરાવીશ તેમ જણાવાયું હતું.

ડીસા નગરપાલિકા કચેરીમાં દરેક શાખાની ઓફિસો, કચેરી પરીસર અને અધિકારીઓ હોદેદારોની ચેમ્બરોમાં ઘણા સમયથી સી.સી.ટી.વી. કેમેરા લગાવેલા છે. જેનું મોનીટરીંગ પ્રમુખની ચેમ્બરમાં થાય છે. ચીફ ઓફિસરની ચેમ્બરમાં લગાવેલો કેમેરો હટાવી લેવા કોઈએ મૌખીક જાણ કરેલી હતી. જોકે ચીફ ઓફિસર દ્વારા કેમેરો ન હટાવાતા બુધવારે સાંજે કચેરી સમય બાદ ચીફ ઓફિસરની ચેમ્બરનો કેમેરો હટાવી લેવાયો હતો.

બીજા દિવસે આ બાબતની જાણ થતાં અન્ય સી.સી.ટી.વી. કેમેરાના રેકોડીંગ ચેક કરાતા બુધવારે સાંજે ૭.૧૦ વાગ્યાના સમયે કેમેરો હટાવી દેવાયા છે. ભાજપના પાલિકા સદસ્યોની હાજરી હોવાથી અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. હાલ મુખ્ય અધિકારી રજા પર હોઈ આવ્યા બાદ તપાસ હાથ ધરાશે.

**ચોકીદારનો ખુલાસો પૂછાશે : પ્રમુખ**

આ ઘટના પાલિકાના અધિકારીઓ - કર્મચારીઓને ગેરહાજરીમાં બની છે. જેથી આ મુદ્દે ચોકિયાતનું નિવેદન લઈ તપાસ કરવા મુખ્ય અધિકારીને જણાવ્યું છે. જ્યારે આવું કરવાનું કારણ શું ? તે બાબતે પણ તપાસ હાથ ધરીશું.

**એવું તે શું છુપાવવાનું હોય છે ? દિપક પટેલ - નેતા વિપક્ષ**

કથીત રીતે કેમેરો ભાજપના જ સભ્યો દ્વારા ઉતારી લેવાયો છે. ભાજપના સભ્યે અંદર અંદર ઝઘડવામાંથી ઉંચા નથી આવતા તે શહેરનો શું વિકાસ કરશે ? કેમેરો હટાવી લેવાની મનાસીકતા કાંઈક ખોટુ કરવાની હોય તેવી લાગે છે નહીતર એવું શું છુપાવવાનું હોય કે કેમેરા હટાવી લેવા પડે.

# થરાદમાં વિદેશી દારૂ સાથે શખ્સ ઝડપાયો



(પ્રતિ.) થરાદ

જિલ્લા પોલીસવડા નીરજકુમાર બડગુજરની સુચના અને થરાદ નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ થરાદ પી.એસ.આઈ. આર.જી.ચૌધરી તેમના સ્ટાફ સાથે ગઈકાલે થરાદ શહેરમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે મળેલ બાતમીના આધારે સોમનાથ સોસાયટીમાં રહેતા સવાઈભાઈ ત્રિકમભાઈ મહેશ્વરીને તેના રહેણાંક મકાનમાંથી રૂા.૭૨૦૦ ની કિંમતના ૩૪ નંગ વિદેશી દારૂ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# થરા પાલિકા દ્વારા નવીન વિકાસના કામોનું ખાતમુહુર્ત


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગરપાલિકા વિસ્તારમાં જાગોસર તળાવ જુના ગંજ બજાર દિયોદર રોડ ખાતે પીક- અપ સ્ટેન્ડ તથા કમ્પાઉન્ડ દિવાલના કામનું પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોર, ઉપપ્રમુખ ધીરજભાઈ શાહના હસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રગતિબેંકના ચેરમેન ચીનુભાઈ શાહ, કોર્પોરેટર રાકેશભાઈ શાહ, કરીમખાન ઘોરી, ભાવનાબેન વિપુલભાઈ પ્રજાપતિ, ગીરાબેન શાહ, અમરતજી કાંકરેચા, મમતાબેન તેરવાડીયા, બાબુજી ઠાકોર, દિનેશભાઈ ઠક્કર, ભવાનભાઈ ખાનપુરા, અલ્પેશભાઈ શેઠ, પુરણસિંહ વાઘેલા, પ્રા.ડી.ડી.ઝાલા, કમલેશભાઈ શાહ, ચંદુજી ઠાકોર (વડા), વિપુલભાઈ પ્રજાપતિ, ભૂપેન્દ્રભાઈ ધાણધારા, જતીનભાઈ શાહ, ભુદરજી જગાણી, સોવનજી ઠાકોર, જોગાજી ઠાકોર, ઈકબાલભાઈ મેમણ, સુબાજી ઠાકોર, ત્રિકમભાઈ મકવાણા, ચીફ ઓફિસર જતીન મહેતા તથા પાલિકા સ્ટાફ હાજર રહેલ.

# વાવમાં પૂર સહાયની ઉચાપત કેસમાં તત્કાલીન ટીડીઓની અટકાયત



પાલનપુર

વાવ તાલુકામાં જુલાઈ-૨૦૧૫માં વિનાશક પુરની સ્થિતી સર્જાઈ હતી. જેમાં જાનમાલને વ્યાપક નુકશાન પહોચ્યુ હતુ. જો કે, સરકાર દ્વારા પુર અસરગ્રસ્તોને સહાય આપવામાં આવી હતી. પરંતુ સ્થાનિક અધિકારીઓ કર્મચારીઓ દ્વારા સહાયમાં ઉચાપત કરવામાં આવી હતી. જે અંગેની ફરીયાદના આધારે ગઈકાલે આ ઉચાપત કેસમાં આરોપોનો સામનો કરી રહેલ વાવના તત્કાલીન ટીડીઓ ભમરદાન ગઢવીની ગઈકાલે એસીબીએ અટકાયત કરી સબજેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. એસીબીએ તેમને કોર્ટમાં રજુ કરી સાત દિવસની રીમાન્ડ માંગણી કરી છે.

# ડીસા એસ.ટી.ડેપોના કંડકટરની પ્રમાણિકતા



ડીસા

ડીસા એસ.ટી. ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવતા હર્ષદભાઈ ત્રિવેદીને ડીસા - કમોડી રૂટ ઉપર રૂા.૯ હજારની રોકડ, એટીએમ તથા અન્ય અગત્યના કાગળ ભરેલું પાકીટ મળી આવ્યું હતું. બાદમાં તેના મુળ માલિકની તપાસ કરી મૂળ માલિક હંસરાજભાઈ દેવરાજભાઈ ચૌધરીને પરત આપી પ્રમાણિકતાના દર્શન કરાવ્યા હતા.

# દીઓદરમાં નૂતન જિનાલયની પ્રતિષ્ઠાનું મૂર્હત અપાયું


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર નગરે ઢાળ ઉપર મહેતા ડોસજીભાઈ હેમજીભાઈ પરિવાર દ્વારા નિર્મિત નૂતન જિનાલયની પ્રતિષ્ઠાનું મૂર્હત દીઓદર જૈન સંઘ તથા લાભાર્થી પરિવાર દ્વારા અમદાવાદ નગરે પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી મોક્ષરત્નસૂરીશ્વરજી મ.સા.ની શુભ નિશ્રામાં લેવામાં ગયેલ.જ્યાં પૂજ્યશ્રીએ નૂતન જિનાલયની પ્રતિષ્ઠાનું મૂર્હત ૨૦૭૩ના વૈશાખ સુદ-૧૩ને સોમવાર તા.૮-૫-૨૦૧૭ના રોજ આપેલ.

મૂર્હત બાદ સૌ પરિવારજનો તથા દીઓદર જૈન સંઘના સદસ્યોએ વધાવી કંકુ છાંટણા કરેલ.મુળ નાયક શ્રી શાંતિનાથ દાદાને બિરાજમાન થશે.આ પ્રસંગે મહોત્સવનું આયોજન પણ જાહેર થયેલ.આ પ્રસંગે પૂજ્યશ્રી જ્યાં બિરાજમાન હતા.ચાંદખેડા વિસ્તારમાં સંગાથ પોથમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ શાહ અંબાલાલજી ખીમાજી પરિવાર દ્વારા નિર્માણધીન છે.તે પરિવાર દ્વારા પૂજ્યશ્રીની નિશ્રામાં મહોત્સવ યોજાઈ રહ્યો છે.આ પરિવારે દીઓદરના મહેતા પરિવારજનોનું બહુમાન કરેલ તેમજ સૌની બપોરના જમણની ભક્તિનો લાભ લીધેલ.

# જશવંતગઢ ખાતે આરોગ્ય જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



પાલનપુર

ભારત સરકાર ના ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય પાલનપુર અને જિલ્લા આરોગ્ય કચેરી સાબરકાંઠા ના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય જનજાગૃતિ કાર્યક્રમ ઈડર તાલુકાના જશવંત ગઢ઼ (દેશોતર)મુકામે યોજાઈ ગયો ,ચારદિવસીય આ કાર્યક્રમમાં ભવાઈ ,સ્વચ્છતા રેલી ,ફિલ્મ શો ,વકૃત્વ સ્પર્ધા ,સ્વસ્થ બાલ હરીફાઈ ,વાનગીસ્પર્ધા ,સમૂહ ચર્ચા તેમજ મૌખિક સંદેશાઓના માધ્યમથી ભારતસરકાર ની આરોગ્ય લક્ષી જનસુખાકારી યોજનાઓને જન જન સુધી પહોંચાડાઈ ,ત્યારે આજે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત ,જિલ્લા આરોગ્ય અધિકારી ડો મનીષ ફેન્સી ,તાલુકા આરોગ્ય અધિકારી ડો ચરણ અને ક્ષેત્રીય પ્રચાર અધિકારી જે ડી ચૌધરીઅને ગામ ના સરપંચ કલ્યાણસિંહ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો ,તો ગામ માંવહેલી સવારે શાળાના બાળકો દ્વારા સ્વચ્છતા સંદેશ અને બેટી બચાવો ના સંદેશ સાથેના બેનરો અને સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢવામાં આવી હતી,આ પ્રસન્ગે બાલ વકૃત્વ સ્પર્ધા ના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું, આપ્રસંગે બોલતા જિલ્લા આરોગ્ય અધિકારી ડો મનીષ ફેન્સીએ જણાવ્યું કે નાનપણથી જ બાળકોને સ્વચ્છતાના સંસ્કાર આપી માતા કાળજી રાખે તો જ બાળક સ્વસ્થ રહે છે, સાથે સાથે તેમને સામાજિક ચેતના જગાડવા બેટી બચાવો નો સંદેશ પણ ઉદાહરણ આપી આપ્યો હતો, તેમને સાસુ વહુ નો સંબંધ માં દીકરી જેવો રાખવાની મહિલાઓને સંદેશ આપ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# શિહોરી નાળા પાસે ટ્રેઈલરમાં આગ ભભૂકી


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

દિયોદર- શિહોરી હાઈવે ઉપરના નાળા નજીક શિહોરીથી કંડલા બંદર તરફ લોખંડની પટ્ટીઓ ભરીને જઈ રહેલ ટ્રેઈલર (નં.જી.જે.૧૨ એ ડબલ્યુ ૮૩૬૮) ના પાછળના રોંગ સાઈડના ભાગે અચાનક આગ ભભૂકી તેથી ડ્રાયવર-ક્લીનર સતર્કતા દાખવી ટ્રેઈલર સાઈડમાં ઉભુ રાખી ઉતરી ગયા હતા. દોડી આવેલા ગ્રામજનોએ પાણીનો મારો ચલાવી આગને માંડ કાબુમાં લીધી પરંતુ આગમાં છ ટાયર બળીને ખાખ થઈ ગયા હતા.

# પાલનપુર મુકામે પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેકઠ યોજાઈ

**બનાસકાંઠા જિલ્લામાં રૂ. ૨૨ કરોડના ૧૧૦૦થી વધુ વિકાસકામોને મંજૂરી આપવામાં આવી : જાહેર હિત ધરાવતા વિકાસકામોને અગ્રતા આપી સમયમર્યાદામાં અને સારી ગુણવત્તાનાં કામો કરાવીએ - મંત્રી દિલીપકુમાર ઠાકોર**



પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે શ્રમ અને રોજગાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા યાત્રાધામ વિકાસ અને જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઇ હતી. બેઠકમાં વર્ષ-૨૦૧૭-૧૮ના જિલ્લાના કુલ રૂ.૨૨ કરોડના ૧૧૦૦ થી વધુ વિકાસકામો મંજુર કરવામાં આવ્યા હતા. જિલ્લાના આયોજનમાં ૧૫ ટકા વિવેકાધિન સામાન્ય, ખાસ અંગભૂત યોજના અને આદિજાતિ પ્રોત્સાહક જોગવાઇ વગેરેનો સમાવેશ થાય છે. નગરપાલિકાઓ ધ્વારા રૂ. ૧.૬૭ કરોડનું આયોજન રજુ કરવામાં આવ્યું હતુ.

બેઠકમાં મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું કે સરકાર દ્વારા વિકાસ માટે કરોડો રૂપિયાની ફાળવણી કરવામાં આવે છે ત્યાઆરે વિકાસકામોના આયોજન સમયે અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે સારુ સંકલન કેળવાય તે જરૂરી છે. તેમણે કહ્યું કે જાહેર હિત ધરાવતા વિકાસકામોને અગ્રતા આપી સમયમર્યાદામાં અને સારી ગુણવત્તાનાં વિકાસકામો થાય તેની કાળજી રાખીએ. મંત્રીશ્રીએ કામોની વિગતવાર સમીક્ષા કરતાં જરૂરી માર્ગદર્શન અને સુચના આપી હતી.

બેઠકમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજયમંત્રી કેશાજી ચૌહાણ,

અનુસંધાન પાના નં.૬

# રહેવાલાયક શહેરની યાદીમાં અમદાવાદ ૧૪મા ક્રમાંક પર

અમદાવાદ

દેશના રહેવાલાયક શહેરોની યાદીમાં અમદાવાદ શહેર હવે ૧૪ ક્રમાંક ઉપર આવી ગયું હોવાની વિગત બેંગ્લોર સ્થિત એક એનજીઓ દ્વારા દેશના વિવિધ શહેરોમાં કરવામાં આવેલા સર્વે બાદ એક રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યું છે.આ અગાઉ અમદાવાદ શહેર એ દેશમાં રહેવાલાયક શહેરોની યાદીમાં ૧૬ મા ક્રમાંક ઉપર હતું. આ અંગે મળતી વિગતો અનુસાર,બેંગ્લોર ખાતે જનાગ્રહ નામની એક એનજીઓ દ્વારા દેશના અલગ અલગ શહેરોમાં વિવિધ મુદ્દાઓ ઉપર જનમત મેળવવામાં આવે છે. આ જનમત મેળવવામાં આવ્યા બાદ અલગ અલગ મુદ્દાઓ ઉપર અલગ અલગ શહેરોને પોઈંટસ આપવામાં આવતા હોય છે.જેને સૌથી વધુ પોંઈટ મળે તેને ટોચના ક્રમે મુકવામાં આવે છે. આ પછી અન્ય પોંઈટ મેળવનારા શહેરોને તે પછીના ક્રમ પર મુકવામાં આવતા હોય છે. આ અગાઉ કરવામાં આવેલા સર્વેમાં અમદાવાદ શહેર ૧૬ મા ક્રમ ઉપર હતું. પરંતુ આ વખતે નવા બહાર પાડવામાં આવેલા સર્વેમાં અમદાવાદ શહેરે તેનો ક્રમ સુધારતા હવે તે દેશના ૨૧ રહેવા લાયક શહેરોની યાદીમાં ૧૪ મા ક્રમ ઉપર આવી ગયું છે.આ શહેરોની યાદીમાં તિરૂવનંતપુરમ એ પ્રથમ નંબરનું શહેર બનવા પામ્યું છે. જયારે સુરતે ૧૭ મો ક્રમાંક મેળવ્યો છે. આ સંસ્થા દ્વારા રહેવાલાયક શહેરોની અગ્રતા યાદી તૈયાર કરવા માટે અલગ અલગ પરિમાણો રાખવામાં આવતા હોય છે. આ પરિમાણોમાં અર્બન પ્લાનિંગ એન્ડ ડીઝાઈનિંગ,અર્બન કેપેસીટી,અર્બન રિસોર્સીસ એન્ડ એન્વાયરમેન્ટ, પોલીટીકલ પ્રેઝન્ટેશન ઉપરાંત ટ્રાન્સપરન્સી એન્ડ એકાઉન્ટિબિલિટી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

# બટાટામાં બંધ મુઠ્ઠીનો આકાર



ચાલુ સિઝનમાં બટાટામાં જોવા મળતા સામાન્ય ભાવોના કારણે ખેડુત વર્ગની હાલત કફોડી થઈ જવા પામી છે. પોષણક્ષમ ભાવો ન મળતા બટાટામાં વ્યાપક નુકશાની ભોગવાનો વારો છે ત્યારે એક બટાટામાં મનુષ્યની બંધ મુઠ્ઠીનો આકાર મળી આવતા કુતુહલ પેદા થવા પામ્યુ છે કે આ વર્ષે બટાટાના પાકે ખેડુતોની મુઠ્ઠી બંધ કરી દીધી છે. જે ક્યારે ખુલશે તેનો ખેડુત વર્ગને પણ ઈન્તજાર છે ?

# વનકુટીર બાંધકામ કરવા અંગેની ટુંકી મુદતની ટેન્ડર નોટીસ

**સને ૨૦૧૬-૧૭ ના વર્ષ માટે આ વિભાગની ખાસ અંગભુત યોજના તળે ધાનેરા તાલુકાના મોજે : વાછડાલ (સુરજગઢ) ગામે મંજુર થયેલ વનકુટીર બાંધકામ કરવા માટેની કામગીરી કરવાની થાય છે. જે માટે રસ ધરાવતા ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ, શરતો રૂા. ૫૦૦/- ભરી કચેરી સમય દરમ્યાન જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી તા. ૧૦/૦૩/૨૦૧૭ સુધી ઓફીસ સમય દરમિયાન સવારના ૧૦:૩૦ થી સાંજના ૧૮.૦૦ ક.સુધી રૂબરૂમાં પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, વિસ્તરણ ધાનેરાની કચેરીએથી મળશે. જે તા. ૧૪-૦૩-૨૦૧૭ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં જે તે રેન્જ કચેરીમાં રાખવામાં આવેલ બોક્ષમાં નાંખવાના રહેશે તથા તેજ દિવસે ૧૫ : ૦૦ કલાકે હાજર રહેલા ઈજારદારો કે તેમના અધિકૃત પ્રતિનિધિઓની હાજરીમાં ખોલવામાં આવશે. વધુ વિગતો માટે ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવા વિનંતી છે.**

**પરીક્ષેત્ર વન અધિકારી,**
**વિસ્તરણ રેન્જ, ધાનેરા**

## તંત્રી સ્થાનેથી ...

**ઈચ્છા જ મનુષ્યને દરિદ્ર બનાવે છે.**

# સંયુક્ત રાષ્ટ્રમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવતું ભારત

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે પાકિસ્તાન દ્વારા ઉછેરવામાં આવી રહેલા આતંકવાદનો મુદ્દો રજુ કર્યો હતો અને ભારતે જણાવ્યું હતું કે પાકિસ્તાને ભારત વિરૂધ્ધ પાકિસ્તાનમાં આતંકવાદને ઉછેર્યો હતો પરંતુ હવે આ આતંક નામનો રાક્ષસ તેને જ નડી રહ્યો છે, અને ગમે ત્યારે પાકિસ્તાનને ભરખી જશે, તે દિવસો હવે દૂર નથી.

મુંબઈ હુમલામાં દોષિત હાફીઝ સઈદને અત્યાર સુધી પાકિસ્તાને ઉછેરી મોટો કર્યો હતો અને હવે જયારે તેના દ્વારા પાકિસ્તાનમાં આતંકી પ્રવૃત્તિઓનું પ્રમાણ શરૂ થવા લાગ્યુ ત્યારે તેની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે અને એ પણ અમેરિકાના દબાણ બાદ પાકિસ્તાન મોડે મોડે જાગ્યું ખરું?

આ સમગ્ર બાબતને લઈ હવે સંયુકત રાષ્ટ્રમાં ભારતે પાકિસ્તાનને આડે હાથ લીધું છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી રિપ્રેઝેન્ટેટિવ અજિતકુમારે જણાવ્યું હતું કે પાકિસ્તાને પોતાના દેશમાં આતંકવાદને ઉછેર્યો અને તે રાક્ષસ સમા આતંકવાદીનો ઉપયોગ ભારત વિરૂધ્ધ અત્યાર સુધી કરી રહ્યો હતો, પણ હવે તેને ખુદને પણ આ રાક્ષસ (આતંક) ભરખી રહ્યો છે.

આશ્ચર્યની વાત તો એ છે કે પાકિસ્તાન જે આતંકવાદીઓને પોષે છે તેવા આતંકી સંગઠનોએ ચાલુ માસમાં ૧૦ થી વધુ હુમલા પાકિસ્તાનમાં કર્યા છે. આ વકરેલા આતંકવાદને પછાડવા માટે પાકિસ્તાન દ્વારા અત્યાર સુધી કોઈ પણ જાતના પ્રયત્નો થયા ન હતા. પરંતુ હવે રહી રહીને આતંકવાદીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે પાકિસ્તાને બોયો ચડાવી છે. આતંકવાદને કોઈપણ રાષ્ટ્ર પ્રોત્સાહન આપશે તેનું પરિણામ ખરાબ આવશે તે વાત ચોક્કસ છે.

મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ હાફિઝ સઈદને પાક. દ્વારા હાલમાં નજર કેદ કરવામાં આવ્યો છે. અને તે પણ અમેરિકાના દબાણ બાદ પાકિસ્તાન સરકાર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે, જો કે અગાઉ પણ હાફિઝને નજર કેદ કરી પાછળથી છોડી મુકવામાં આવ્યો હતો. તેથી હવે ભારતે તેની વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે. ભારતે હાફિઝ બાબતના અનેક પુરાવા આપ્યા છે. તે બાબત પાકિસ્તાને ધ્યાનમાં રાખવી જોઈએ. પરંતુ હાફિઝને નજરકેદ કરવાનું નાટક પાકિસ્તાન ક્યાં સુધી કરશે?

ભારત પાકિસ્તાનને અનેક વખત કહ્યું છે કે ભારતમાં થયેલા ૨૬/૧૧ હુમલાનો માસ્ટર માઈન્ડ હાફિઝ સઈદ છે. અને આ બાબતને ધ્યાનમાં રાખી ભારત દ્વારા બે ડઝન પુરાવા પાકિસ્તાનને આપવામાં આવ્યા હતા. ત્યારે હવે હાફિઝ વિરૂધ્ધ અદાલતી કાર્યવાહી (ટ્રાયલ) કરવામાં પાકિસ્તાનને કયો ગ્રહ નડી રહ્યો છે તે જ સમજાતું નથી. આજે વિશ્વ આખુ આતંકના ખતરાથી ડર અનુભવી રહ્યું છે ત્યારે પાકિસ્તાનને હાફિઝ જેવા આતંકવાદીને ઉછેરીને આંતરરાષ્ટ્રિય સ્તરે માનવ અધિકારોનું હનન કર્યું છે.

જે આતંકીઓ પર આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રતિબંધ મુકવામાં આવ્યો તેને પાકિસ્તાને શરણ આપી ભૂલ કરી છે, તો પછી પાકિસ્તાન દ્વારા હાફિઝ વિરૂધ્ધ અદાલતમાં ટ્રાયલનો પ્રારંભ ક્યારે થશે? હાફિઝ જેવા બીજા અનેક આતંકવાદીઓ હજુ પણ પાકિસ્તાનના કરાંચી- પેશાવર અને ઈસ્લામાબાદ વિસ્તારમાં આઝાદ બની ફરી રહ્યા છે. જેનો વિશ્વ સ્તરેથી વિરોધ થઈ રહ્યો છે.

જમ્મુ- કાશ્મીર સહિત ભારતના જે તે વિસ્તારોમાં અત્યાર સુધી જે વિસ્ફોટક હુમલા થયા છે. તે પાકિસ્તાનમાં વર્ષોથી પડાવ નાખીને રહેતા આતંકી સંગઠનો દ્વારા થયા છે. વર્તમાન સંજોગોમાં પાકિસ્તાનના જે નાગરિકો ભારતમાં ઘુસણખોરી કરે છે તે પણ ગેરકાયદેસર છે તે બંધ કરવા સરકારે હવે સરહદી માર્ગો પર વધારાની ચોકીઓ ઉભી કરવી પડશે.

# GIFA અવોર્ડ સમારંભ નું પ્રસારણ કલર્સ ગુજરાતી પર ૫મી માર્ચે



GIFA અવોર્ડ સમારંભપ્નું પ્રસારણ કલર્સ ગુજરાતી પર ૫મી માર્ચે ગુજરાતી આઈકોનિક ફીલ્મ એવોર્ડ્સ (GIFA) દર્શકો માટે પોતાના એક છત્ર નીચે અવોર્ડ સેરેમની દરમ્યાન પીરસાતા શ્રેષ્ઠ મનોરંજન સાથે તૈયાર છે.આ કાર્યક્રમનું પ્રસારણ ૫મી માર્ચ ૨૦૧૭ના રોજ માત્ર કલર્સ ગુજરાતી ર કરવામાં આવશે.

ગુજરાતી ફીલ્મ જગતને ગુજરાતી સિનેમા માટે કરાયેલા "દાનને બિરદાવતું આ અવોર્ડ ફંક્શન હોવાથી તેમાં ઢોલીવુડ ના સિનેતારકો જેમકે હિતુ કનોડિયા, દિવ્યાંગ ઠર, ચંદન રાઠોડ અને અરવિંદ વેગડા ઉપસ્થિત રહેશે.પોતાના તેજસ્વી અભિનયથી ગુજરાતી સિનેમાના પરદાને ઉજાળનાર લોકપ્રીય સેલેબ્રીટીઓની હાજરીને કારણે GIFA અવોર્ડ સમારંભ દર્શકોની ખુશહાલ ચિચિયારીઓથી સભર બની જશે.આ બધું અને અન્ય ઘણી ધમાલ, મસ્તી અને મનોરંજનના રસથાળ સાથે GIFA અવોર્ડ સમારંભ એક શાનદાર સાંજનું યાદગાર સંભારણું બની રહેવાનું છે. તો દર્શકમિત્રો આ કાર્યક્રમને ૫ માર્ચ ૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ વાગ્યે કલર્સ ગુજરાતીના પરદે જોવાનું ચૂકશો નહી!

## આત્મચિંતન

# ઈશ્વરીય અનુદાનનું સન્માન કરો

મનુષ્યોમાં પણ અનેક પ્રકારના વિભૂતિવાનો જોવા મળે છે. તેઓ પોતાનું કૌશલ, પોતાની વિશેષતાઓ લગભગ સાથે લઈને જ જન્મે છે. મૂળભૂત સાધન સામગ્રી હોવા છતાં તેને નિખારવા, સજાવવાની વાત તો સહજ જ બુદ્ધિ અને પરિસ્થિતિના સહયોગથી બનતી અને વધતી રહે છે. પ્રતિભાશાળી અસંખ્યોને દીશા આપવા અને વાળવામાં સફળ થાય છે.

ઉલ્ટા પ્રવાહને ઉલટાવીને સાચી દિશામાં નિયોજિત કરવાની તથા નવનિર્માણ માટે પ્રયુક્ત કરવાની જવાબદારી વિભૂતિવાનોની હોય છે. લોક માનસની નિકૃષ્ટ ચિંતન પદ્ધતિ તથા ગતિવિધિઓને બદલવા માટે કરવા જેવાં તો કેટલાય કામ પડ્યા છે, જેમાં દરેક પ્રકારની વિભૂતિ સંપન્ન લોકો પોતાને અનુરૂપ ભૂમિકા નિભાવી શકે છે. સાહિત્ય પ્રકાશન, ફિલ્મ ઉદ્યોગ, ગાયન, અભિનય તંત્ર, પ્રેરણાપ્રદ પ્રદર્શન, મેળાનું અભિનવ સ્વરૂપ આપવાનું છે, જેનાથી તે વધારેમાં વધારે લોકોપયોગી અને સત્યપ્રવૃત્તિ સંવર્ધનનું માધ્યમ બની શકે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# મને લાગ્યું કે જૂઠ્ઠૂ બોલી રહ્યા છે કુમાર સાનૂ :રાજેશ રોશન

ઝી ક્લાસિક આ શનિવારે૪ માર્ચ સાંજે ૭ વાગ્યે 'માય લાઈફ માય સ્ટોરીમાં કુમાર સાનુ સાથેના કેટલાક ઈન્ટ્રેસ્ટીંગ પળો રજૂ કરવા જઈ રહ્યું છે...પોતાના સંઘર્ષના દિવસોને યાદ કરતાં કુમાર સાનૂએ જણાવ્યું હતું કે, તેઓ ઈન્ડસ્ટ્રીમાં બ્રેક મેળવવા માટે નિર્માતાઓ અને સંગીત નિર્દેશકોના સ્ટુડિયોના ચક્કર લગાવતા હતા, એવામાં એક દિવસ તેઓ એક કેસેટમાં પોતાના ગીતોની રિકોર્ડિંગ લઈને સંગીતકાર રાજેશ રોશનના ઘરે પહોંચ્યા હતા, જેમાં કિશોર કુમાર દ્વારા ગવાયેલ ગીત બાદ મુદ્દત કે પણ હતું જેને મેં મારા અવાજ ગાયું હતું. જો કે ઘણા પ્રયત્નો બાદ રાજેશ રોશને કેસેટમાં બીજુ ગીત સાંભળ્યું જેમાં કુમાર સાનુ સાથે ધીરા ઘોષનો પણ અવાજ હતો. રાજેશ રોશને ફરીથી તે ગીત સાંભળ્યુ અને મારા અવાજની ખુબ પ્રશંસા કરી. તેઓ એટલા પ્રભાવીત થયા કે કેટલાક દિવસો બાદ જબ કોઈ બાત બિગડ જાએ ગીત ઓફર કર્યું. આ એપિસોડમાં કુમાર સાનુ પોતાના ફેમસ ગીતો સિવાય,સિનેમાની દુનિયામાં તેમની સફરના કેટલાક ન સાંભળેલ કિસ્સો પણ સંભળાવશે.

# ઈન્ડિયન સેરામિક્સ એન્ડ સેરામિક્સ એશિયાનો દબદબાભેર શુભારંભ




સેરામિક્સ ઉદ્યોગના પુરવઠાકારો માટે અવ્વલ આંતરરાષ્ટ્રીય વેપાર મેળો ઈન્ડિયન સેરામિક્સ એન્ડ સેરામિક્સ એશિયાનો દબદબાભેર શુભારંભ થયો છે. પ્રથમ દિવસે પાછલી આવૃત્તિની તુલનામાં ૧૫ ટકા વધુ ટ્રેડ વિઝિટરો સમારંભમાં પધાર્યા હતા. ૩૦૦ પ્રદર્શનકારીઓએ ૪૦૦ બ્રાન્ડ્સ પ્રદર્શિત કરીને ૨૦૧૭નો ધૂમધડાકા સાથે આરંભ કર્યો. ૧લીથી ૩જી માર્ચ, ૨૦૧૭ સુધી ગુજરાત યુનિવર્સિટી એક્ઝિબિશન સેન્ટર, અમદાવાદમાં ઈન્ડિયન સેરામિક્સ એન્ડ સેરામિક્સ એશિયાનો ભવ્ય શુભારંભ થયો હતો, આરંભના દિવસે જ અદભુત પ્રતિસાદ મળ્યો તે બદલ અમને બેહદ ખુશી છે. પ્રદર્શનમાં લાઈવ ટેકનોલોજી, ઉચ્ચ જ્ઞાની કોન્ફરન્સો અને નેટર્વકિંગ કાર્યક્રમો સાથે ટ્રેડ ફેર્સ ખાતે ઘણું બધું અનુભવ લેવા જેવું છે. શો ફ્લોર પર ઊર્જા અત્યંત હકારાત્મક છે અને અમે આગામી બે દિવસ સુધી તે ચાલુ રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

**પ્રદર્શનમાં ટેકનોલોજી** ૧૧,૦૦૦ ચોરસમીટરમાં પથરાયેલી કુલ જગ્યામાં આ ટ્રેડ ફેર્સમાં સેરામિક્સ ઉદ્યોગ માટે વધુ મશીનરીઓ અને કાચા માલો લવાશે. બેલ્જિયમ, બલ્ગેરિયા, ચીન, ઝેક રિપબ્લિક, ઈજિપ્ત, ફ્રાન્સ, જર્મની, ગ્રીસ, ઈરાન, ઈટાલી, સ્પેન, થાઈલેન્ડ, નેધરલેન્ડ્સ, ટર્કી, યુનાઈટેડ કિંગડમ, યુએસએ અને ભારત જેવા દેશોમાંથી આશરે ૩૦૦ વૈશ્વિક અને ઘરઆંગણાના પ્રદર્શનકારીઓ સેરામિક્સ ઉદ્યોગ માટે તેમનાં નાવીન્યપૂર્ણ નિવારણો બતાવી રહ્યા છે.પ્રથમ દિવસે ઈનોવેશન એક્સચેન્જ પર ચર્ચાવિચારણા થઈ હતી, જેમાં બજારમાં નવી ટેકનોલોજીઓ અને નિવારણો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. ખરીદદારોને સહભાગી પ્રદર્શનકારીઓ સાથે ચર્ચા કરવાનો અને તેમની નવી ઓફર વિશે પૂછપરછ કરવાનો મોકો મળ્યો હતો.વધુ નેટર્વકિંગ કાર્યક્રમો અને જ્ઞાન સમૃદ્ધ કોન્ફરન્સો આગામી બે દિવસ ચાલવાની છે ત્યારે ટ્રેડ ફેર્સ આગામી દિવસો માટે આશાસ્પદ જણાય છે. પાલકાએ અંતે ઉમેર્યું હતું કે ટ્રેડ ફેર્સનો આવો જબરદસ્ત આરંભ જોઈને બેહદ ખુશી થઈ છે. અમે જ્ઞાન, ટેકનોલોજી અને નેટર્વકિંગ તકોને જોડીને મુલાકાતીઓને મૂલ્ય ઓફર કરવાનું ચાલુ રાખીશું.

# ટાટા હિટાચીના ખડગપુર પ્લાન્ટમાં ૧૦,૦૦૦માં મશિનનું ઉત્પાદન



એક સિમાચિહ્નરૂપ પ્રસંગમાં ટાટા હિટાચીના ખડગપુર પ્લાન્ટે આજે તેના ૧૦,૦૦૦માં મશિનના ઉત્પાદનની જાહેરાત કરી હતી. ZAXIS470H નામનું આ મશિન ભારતીય માઈનિંગ ઉદ્યોગમાં અગ્રણી સ્થાન ધરાવતી અને ટ્રેન્ડ સેટર કંપની વીપીઆર માઈનિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડના શ્રી વી. પ્રભાકર રેડ્ડીને સુપરત કરાયું હતું. વીપીઆર માઈનિંગ વૈશ્વિક સ્તરે એક પ્રોજેક્ટ્સમાં સક્રિય છે અને તે ટાટા હિટાચીના મોટા સમર્થક છે. આ જ દિવસે પ્લાન્ટમાંથી ZAXIS370GI નામના ૧૦,૦૦૦૧માં મશિનનું પણ રોલઆઉટ કરાયું હતું. ZAXIS370GI એક્સકેવેટરને બાલાસોર એલોય્ઝ લિમિટેડના શ્રી નિલમણી પાંડાને અપાયું હતું.૧૦,૦૦૦માં મશિનની ડિલિવરી લઈને હું અત્યંત આનંદની લાગણી અનુભવી રહ્યો છું. સમયસર સર્વિસ અને સ્પેર પાર્ટ્સ ઉપલબ્ધ બનાવી અમને સહાયરૂપ બનવા બદલ હું ટાટા હિટાચીનો આભાર વ્યક્ત કરું છું. અમારા સંબંધો ઘણાં જૂના છે, મને વિશ્વાસ છે કે તાતા હિટાચી નવી સર્વોત્તમ પ્રોડક્ટ્સ દ્વારા નવી ઊંચાઈઓ હાંસલ કરી ગ્રાહકોના વિશ્વાસને જીતવામાં સફળ રહેશે. બજારની આર્થિક વૃદ્ધિ અને વિસ્તરણની સાથે જ અમારો ખડગપુર પ્લાન્ટ સ્થાનિક માગ ઉપરાંત નિકાસની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ટાટા હિટાચીનો ખડગપુર પ્લાન્ટ વૈશ્વિક કક્ષાના ઉત્પાદન, અત્યાધુનિક ટેક્નોલોજીનું બેનમૂન ઉદાહરણ છે. જેને જાપાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાન્ટ મેઈન્ટેનન્સ દ્વારા ટીપીએમ એક્સેલન્સ એવોર્ડ એનાયત કરાયો છે. ૨૫૦ એકરમાં ફેલાયેલો આ પ્લાન્ટની ગણના કન્સ્ટ્રક્શન મશિનરી ઉત્પાદનના સૌથી મોટા પ્લાન્ટમાં થાય છે અને તેમાં બેચ અને માસ પ્રોડક્શનની અનોખું મિશ્રણ પણ છે. ખડગપુર પ્લાન્ટ તેની ઓપરેટર ટ્રેઈનિંગ સ્કૂલ દ્વારા સ્કિલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવાની સાથે સાથે જ ખડગપુર શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં સામાજિક અને સામુદાયિક પ્રવૃત્તિઓને વેગ આપે છે.

# વાજબી આવાસમાં મધ્યમવર્ગને પણ સામેલ કરવામાં આવશે : વૈંકેયા નાયડૂ

ભારતમાં આવાસની જરૂરિયાતોની વાત કરીએ તો અહીં દરેક પ્રકારની માંગ છે – નિમ્ન આવક વર્ગથી લઈને મધ્યમ તથા ઉચ્ચ આવક વર્ગની અલગ-અલગ માંગ છે. જ્યારે આપણે દરેક માટે વાજબી આવાસની વાત કરે છે તો આમાં દરેક વ્યક્તિ સામેલ છે. આવાસ તથા શહેરી ગરીબી ઉન્મૂલન માંત્રાલયમાં શહેરી વિકાસ મંત્રી શ્રી વૈંકેયા નાયડૂએ કહ્યું. આવાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવું કેન્દ્ર અને રાજ્ય સરકારોની પહેલી જવાબદારી છે. તેમનું માનવું છે કે સરકાર દ્વારા કરવામાં આવતા સુધારાત્મક પ્રયાસોના ચાલતા સેક્ટરમાં જલ્દી જ તેજી આવશે. વાજબી આવાસને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો દરજ્જો આપવાથી વધુ પૈસા બેન્કોથી બજાર તરફ આવશે અને જરૂરિયાતમંદો માટે આવાસની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકશે. આ ઉપરાંત પ્રધાનમંત્રીજી એ ક્રમશ: ૯-૧૨ લાખ તથા ૧૨-૧૮ લાખના ઘરો માટે વ્યાજ દરોમાં ૪ તથા ૩ ટકા છૂટની ઘોષણા કરી છે. બજેટની ઘોષણાઓ અનુસાર ૩૦ અને ૬૦ વર્ગ મીટરના બિલ્ટ-અપ એરિયાના બદલે કારપેટ એરિયા પર વિચાર કરવામાં આવશે, આ ઘોષણા મધ્યમવર્ગ સહિત દરેક માટે ઘર ઉપલબ્ધ કરાવવામાં મદદ કરશે.

# આઈડિયા સેલ્યુલર દ્વારા ગુજરાતમાં 4G સેવાની રજુઆત



દેશમાં અગ્રણી ટેલિકોમ ઓપરેટરમાંથી એક આઈડિયા સેલ્યુલરે ગાંધીનગર,આણંદ,ભાવનગર અને ભરૂચ સહિત ચાર મુખ્ય શહેરોમાં લોન્ચ કરવા સાથે આજે ગુજરાતમાં તેની વિશ્વ કક્ષાની ૪ૠ સેવાનો શુભારંભ કર્યો છે. કંપની માર્ચ ૨૦૧૭ના અંત સુધી રાજ્યની ૨૫ ટકા વસતિને આવરી લેતાં અમદાવાદ, સુરત,રાજકોટ, ગાંધીધામ, વડોદરા અને જામનગર સહિત ૧૦ મુખ્ય શહેરોને આવરી લેવા માટે ૪ૠ સેવાઓનું ઝડપથી વિસ્તરણ કરશે. આઈડિયાએ ડિજિટલ યુગ માટે અમારા ૨૦૦ મિલિયન ગ્રાહકોને તૈયાર કરતાં દેશવ્યાપી વાયરલેસ બ્રોડબેન્ડ ઓપરેટર બનવા માટે નેટવર્કના વિસ્તરણમાં એકધાર્યું રોકાણ કર્યું છે.ગયા એક વર્ષમાં આઈડિયાએ ૪ૠ/૩ૠ મંચ પર તેનું મોબાઈલ બ્રોડબેન્ડ નેટવર્ક બમણાથી વધુ કર્યું છે અને હવે ભારતની વસતિના ૫૦ ટકાબે આવરી લે છે.આઈડિયાએ ગુજરાતમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે. અમે પ્રદેશમાં ૧.૬ કરોડ જેટલા આઈડિયાના ગ્રાહકો માટે વિશ્વ કક્ષાની, હાઈ સ્પીડ 4G સેવાઓ રજૂ કરવામાં અને તેમની સતત વધતી ઈન્ફોટેઈનમેન્ટની જરૂરતોને પહોંચી વળવા માટે હાઈ-સ્પીડ બ્રોડબેન્ડ મંચ પર ડિજિટલ સેવાઓની સંપૂર્ણ શ્રેણી પ્રૂરી પાડીશું આઈડિયાએ ટેરિફ પેક્સ સાથે ઘણી બધી સ્માર્ટફોન ઓફરો અને ડિજિટલ કન્ટેન્ટ સહિત આકર્ષક ઓફરોની શ્રેણી ગુજરાતમાં તેના ઉપભોકતાઓ માટે રજૂ કરી છે.રૂ.૧૭ની કિંમતે કલાકના 4G ડેટાથી હેન્ડસેટ અપગ્રેડ ઓફર અને સ્માર્ટફોન ડીલ્સ,આઈડિયા બધા પ્રકારના ઉપભોક્તાઓ માટે વિવિધ પ્રોડક્ટોની શ્રેણી ઓફર કરે છે.

# અમદાવાદથી સુંધા માતા પગપાળા સંઘનું પ્રસ્થાન



શહેરના કુબેરનગર વિસ્તારમાં છેલ્લાં ૯ વર્ષથી અમદાવાદથી સુંધા માતા પગપાળા સંઘનું આયોજન માજી કાઉન્સીલ બલરામ ખુબચંદ થાવણી દ્વારા કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે સવારે ૧૫૦ થી ૨૦૦ ભકતો મા ચામુંડાના નાદ સાથે કુબેરનગર વિસ્તારમાં આવેલ સ્વામી હરનામદાસ સોસાયટી બંગ્લા એરીયાથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પગપાળા સંઘ ૩૦૦ કી.મી.નું અંતર ૧૦ દિવસમાં કાપીને તા.૧૨-૩-૨૦૧૭ ના રોજ હોળીના દિવસે રાજસ્થાનના સુંધા માતાએ પહોંચશે. સવારે બલરામ ખુબચંદ થાવણી દ્વારા સંઘનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા.

*<u>ગુજરાતમાં સંભવીત ખેતી વિષયક ધીરાણ માટે</u>*

# નાબાર્ડ વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રૂા.૧.૧૬ લાખ કરોડની સંભાવના




ગાંધીનગર

રાષ્ટ્રીય કૃષી અને ગ્રામીણ વિકાસ બેંકે, નર્મદા હોલ, સ્વર્ણીમ સંકુલ, ગાંધીનગર ખાતે ૩ માર્ચના રોજ રાજયકક્ષાના ક્રેડીટ સેમીનારનું આયોજન કરેલ હતું. નાબાર્ડે ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમીયાન ગુજરાત રાજય માટે અગ્રીમ ક્ષેત્ર માટે રૂા.૧૧૬૩૫૪ કરોડના ધિરાણની સંભાવના રાખેલ છે. જેમાં રૂા.૭૧૯૮૩ કરોડ કૃષી ક્ષેત્ર માટે હશે. સંભવીત ધીરાણ કે જે સ્ટેટ ફોકસ પેપર ૨૦૧૭-૧૮ માં રજુ કરેલ છે. જેનું વિમોચન કૃષિ મંત્રી ચીમનભાઈ ડી.સાપરીયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. સેમીનરને સંબોધન કરતાં કૃષી મંત્રી ચીમનભાઈ ડી. સાપરીયાએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડુતોની આવક બમણી કરવા માટેના પ્રયત્નો ઉપર ભાર મુકવા જણાવ્યું હતું. તેમણે આગામી ૫ વર્ષ માટે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરેલ કૃષી વ્યાપાર નીતી અંગે ચર્ચા કરી.

સેમીનાર દરમિયાન ચુનંદી બેંકો, આદિવાસી વિકાસ, ખાદ્ય ઉત્પાદન સંસ્થા, ફાર્મસકલબ, નાણાંકીય સાક્ષરતા કેન્દ્રના સલાહકારો, નાણાંકીય સમાવેતા તેમજ ગેર સરકારી સંસ્થાઓ અને વ્યકિતઓ કે જેઓ સ્વસહાય જુથ અને સંયુકત જવાબદારી સમુહને ધિરાણ વગેરે સાથે સંકળાયેલા છે. તેમાં તેમની નોંધપાત્ર કામગીરી બદલ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

# કલર્સના દેવાંશી પર કુસુમ સુંદરી ગોલ્ડન હેન્ડ ધારણ કરે છે



કલર્સનો લોકપ્રીય શો દેવાંશી સારા અને નરસા વચ્ચેની રસાકસી પર પ્રકાશ પાડતાં વિષયવસ્તુના અગાઉ કયારેય ન જોવામાં આવેલ અંધ વિશ્વાસ મારફતના સંકટને દર્શાવે છે. પોતાના અનોખા વર્ણન અને વિષયવસ્તુના કારણે પોતાના લોંચથી જ શો એ દર્શકો તરફથી નિરંતર પ્રશંસા મેળવેલ છે. હવે કહાણીને વધુ આગળ ધકેલતા શોએ ૧૪ વર્ષની ફાળ ધરી છે. અને જ્યારે હેલી શાહે. મોટી થઈ ગયેલી દેવાંશી તરીકે લોઢુ`લેવાનું માથે લીધેલ છે ત્યારે પ્રતીસ્પર્ધી કુસુમ સુંદરી નવો દેખાવ લઈને આવતી દેખાશે. તેણીના નવા દેખાવનો મહત્વનો પોઈન્ટ હશે બનાવટી સોનેરી હાથ.

જેમ કહાણી આગળ વધે છે કુસુમ સુંદરીનો દેખાવ આની સાથે રસપ્રદ વળાંક લઈને આવે છે. તેથી સંપુર્ણપણે લાલ વેશભુષામાં હવે નહીં હોય. આના બદલે કુસુમ સુંદરી સોનાનાં ઘરેણાઓ વડે સુશોભીત, સફેદ અને સોનેરી સાડી પહેરેલી દેખાશે. જે સત્તા, સમૃદ્ધિ અને સર્વોપરીતાના પ્રતીક રૂપે છે. આંતરરાષ્ટ્રીય ઓળખ મેળવવા સાથે તેણીના પાત્રની મહત્તા પણ વિલક્ષણ રીતે વૃદ્ધિ પામેલ છે. તેણી વધુ સૌમ્ય દેખાવ રાખી રહેલ હોવા છતાં એના પાત્રની કુટીલતા એવીને એવી જ રહી છે. વાસ્તવમાં કુસુમ સુંદરીનો ડાબો હાથ ગાયબ છે.જેને માટે તેણી લોકોની સંવેદનાઓ પ્રાપ્ત કરવા તથા દેવાંશીના દુષ્ટ ઈરાદા હોવાનું સાબીત કરવા દાવો કરે છે કે તેણીએ જવાલાપુરીના લોકો માટે એનું બલીદાન આપી દીધું છે.હવે ફાળ પછી તેણીના કપાયેલા હાથના સ્થાને સોનેરી ધાતુનો હાથ આવી ગયેલ છે જે લોકોને તેણીની નિર્દોષતા અને બલીદાનનું સ્મરણ કરાવતો રહે છે.

જાણવા માટે દર સોમથી રવિવાર સાંજે૭.૩૦ કલાકે દેવાંશી જોવાનું ચુકશો નહીં ફકત કલર્સ પર !

# કલર્સના ખિડકિંયાં થિયેટર ફેસ્ટિવલ ૨૦૧૭ નો આરંભ



દિવસ ૧ સ્વ.ઓમપુરીને શ્રધ્ધાંજલી રૂપે છે પિયુષ મિશ્રા દ્વારા સંગીતમય પરફોર્મન્સ અને સુપરલેટિવ થિયેટર પ્રોફેશનલ્સના એકઠા થવું

ભારતીય થિયેટરની વિશાળતા પર પ્રકાશ પાડતાં, કલર્સ ખિડકિયાં થિયેટર ફેસ્ટિવલ ૨૦૧૭ મુંબઈમાં વિલે પાર્લે (પૂર્વ) ખાતે સાઠે કોલેજમાં ગતરોજ શરૂ થયો છે. વાયાકોમ ૧૮ ની હિન્દી જનરલ એન્ટરટેનમેન્ટ ચેનલ કલર્સ અને હિન્દી ફિલ્મ ચેનલ રિશ્તે સિનેપ્લેક્સના ભાગીદાર હોવા સાથે મુકેશ છાબડા કાસ્ટિંગ કંપની દ્વારા આયોજિત છે. ચિત્તહારી થિયેટ્રીક્લ નિપૂણતાની ઉજવણી માટે ફેસ્ટિવલ થિયેટલર પ્રોફેશનલ્સ અને બોલીવુડ જગતને એક સાથે લાવે છે.

કલર્સનો ખિડકિયાં થિયેટર ફેસ્ટિવલ ૨૦૧૭ અભિનેત્રી રાગિણી ખન્ના દ્વારા એક સ્વાગત નોંધ સાથે શરૂ થયો. આ સાંજ પીઢ સમકાલીન અભિનેતા, સ્વ. ઓમપૂરીને શ્રદ્ધાંજલી ઉપરાંત પિયુષ મિશ્રા દ્વારા એક સંગીતમય પરફોર્મન્સ, બલ્લીમારાંન સાથે જ રાજનાયક (હિન્દી માસ એન્ટરટેનમેન્ટ, વાયાકોમ ૧૮ ના સીઈઓ) અને મુકેશ છાબરા, અને ડોલી આહલુવાલિયા, અંકિતા ભાર્ગવ, મેઘના મલિક અને અમિત દોલાવતનું નિરૂપણ કરતી સ્મિતા ભારતીના નાટક, જુગ જુગ જિયોની બે થિયેટર પ્રસ્તુતિઓની સાક્ષી રહી. થિયેટર પ્રોફેશનલ્સ માટે એના પ્રકારની પ્રથમ એવી રેડ કાર્પેટે ટેકા માટે આગળ આવનાર અન્યો માંહે સિદ્ધાર્થ મલ્હોત્રા, ઈમ્તીયાઝ અલી, પુત્ર વિવાન શાહ સાથે નસીરુદ્દીન શાહ, કબીર ખાન, વિકાસ બહેલ, પત્ની અશ્વિની ઐયાર તિવારી સાથે નિતેશ તિવારી, સાક્ષી તંવર, યામી ગૌતમ, દિયા મિર્ઝા, સોનાલી કુલકર્ણી, પ્રાચી શાહ પંડ્યા, કરુણા પાંડે, સુચિત્રા પિલ્લાઈ અને જેકી ભગનાની જેવા મોટા માથાના મજબૂત ટેકાની સાક્ષી બની.

# કલર્સનો શક્તિ... અસ્તિત્વ કે અહેસાસ કી કિન્નરો સાથે પોતાના ૨૦૦- એપિસોડના માઈલ સ્ટોનની ઉજવણી કરે છે



કલર્સનો શક્તિ અસ્તિત્વ કે અહેસાસ કી પોતાના જ પરિવાર દ્વારા થતાં ભેદભાવનો સામનો કરતી એક કિન્નર, સૌમ્યા (રુબિના દિલાઈક) ની ક્રિએટિવ સ્ટોરીલાઈન અને જકડી રાખનાર વર્ણન વડે દર્શકોને હિલોળે ચડાવી રહેલ છે. જ્યાં સૌમ્યા કિન્નર તરીકેની પોતાની ઓળખમાંથી બહાર આવવા પોતાનો સંઘર્ષ કરવાનું ચાલુ રાખે છે, ત્યાં જ આ ડામાડોળ મુસાફરીમાં તેણીની સાથે તેણીનો પતિ હરમન (વિવિઅન ડીસેના) અને નાની બહેન સુરભી (રોશની સાહોટા) નો સાથ છે. ભારતીય ટેલિવિઝન પર ટોચના તરીકે અંકતા શોઝમાંનો એક, એવા શક્તિએ તાજેતરમાં ૨૦૦ એપિસોડનો માઈલસ્ટોન પૂરો કરી ચૂકેલ છે. અને ઉજવણીઓમાં સ્ટાર કાસ્ટની સાથે તેઓના ટેકા માટે આભાર માનવા તથા લાંબા સમય સુધી ચાલવા માટે તેઓના આશીર્વાદ આપવા કેટલાંક કિન્નરો પણ છે. સૌમ્યા ઉર્ફે રુબિના દિલાઈકે કહ્યું, ''સૌમ્યાએ મને ધારણાઓને બદલવાની શક્તિ આપી છે, અત્યાર સુધીની તેણી મુસાફરીએ એક અભિનેત્રી તરીકે મને ખાસ્સી ધ્યેયલક્ષી રાખી છે. આ એક પડકાર રૂપ ભૂમિકા છે, પણ એ પણ સત્ય છે કે શક્તિ સાથે અમે તફાવત આણવા પ્રયાસરત છીએ જે એવું કાંઈક છે આને વધુ ખાસ બનાવે છે. આજે કિન્નરોની ઉજવણી કરતાં આ માઈલસ્ટોન અગાઉ કરતાં પણ વધુ ખાસ બની જાય છે, આ એમની કહાણી છે અને એમનો સંઘર્ષ છે જે અમે દરરોજ ટેલિવિઝન પર લઈ આવવા મથી રહ્યાં છીએ. તેઓનો ટેકો અને આશીર્વાદ અમારા માટે સર્વસ્વ મળવા સમાન છે!''''શક્તિ એક ગહન શો છે જે મનુષ્યની લાગણીઓને પ્રકાશમાં આણે છે પૂર્ણપણે એના લોકોની પ્રતિક્રિયાઓ તથા ભેદભાવો મારફત. અઠવાડિયાઓથી શોને મળી રહેલ પ્રચંડ ફીડબેકપ, અને ૨૦૦ એપિસોડસની પૂર્ણતા જ એના દર્શકો સાથે સુંદર મુસાફરીની શરૂઆત છે. તેઓનો પ્રેમ અને ટેકો અમને આ શોને દરેક દરેક દિવસે અમારું સંપૂર્ણ આપી દેવા પ્રોત્સાહન આપે છે.''

# કિલ્લોલ કુંજ

બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...

ગમ્મત સાથે જ્ઞાન પીરસે...
અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

## પાંચ માતાઓ મહાન દેવ છે

પ્રથમ આપણી જનેતા માં આપણી માં એ શક્તિ સ્વરૂપ દેવી છે, માટે મહાનમાં આપણી જનેતા છે,આમ તો આપણા ભારત દેશની મહાન પાંચ માતાઓ કહેવાય છે. ૧. જનેતામાં ૨. નદીમાતા ૩. ગૌમાતા ૪.પ્રકૃતિમાતા ૫. ધરતીમાતા આમ આ પાચેય મહાન માતાઓ છે.આપણા ઋષી મુનિઓ અને મહાન સંતોએ આ દેવીની ઘણી ઉપાસના કરેલ છે. આપણા કવી લેખકો અને કલાકારોએ આ પાંચ માતાના ઘણા બધા ગુણગાન ગાયા છે.મહાત્માં ગાંધી,જવાહરલાલ નહેરૂ, સ્વામી વિવેકાનંદ તેમજ નરસિંહ મહેતા,મહારાણા પ્રતાપ, સરદાર પટેલ વગેરેને જન્મ આપનાર આપણી શક્તિશાળી માતાઓ છે, જે આપણે આજે યાદ કરીએ છીએ.નદીમાતાએ આપણને પાણી પુરૂ પાડે છે. જેમા ઘણા કુટુંબો તે નદીના કિનારે ખેતી તેમજ અન્ય ઉધોગ કરીને લોકો નભે છે, અને દેશને આ નદીનું પાણી મીઠુ પુરૂ આજે લોકોને પુરૂ પાડે છે.

ગૌ માતાએ આપણા દેશને ઉત્તમ બળદ અને દુધની અમુલ્ય ભેટ આપે છે, ગાયનું દુધ ખુબ જ શક્તિશાળી અને ગુણકારી છે. અને ગાયએ તેત્રીસ કરોડ દેવીનો વાસ છે. પ્રકૃતિ માતાએ આપણા દેશની અને ધરતીની શોભા છે. વૃક્ષો ઘાસ-વેલો છોડવાઓ -ફળ ફુલ આ બધી જ કુદરતે આપેલી અમુલ્ય ભેટ છે. ઉપરાંત પશુ-પક્ષી જીવજંતુ વગેરે પ્રકૃતિ પણ આપણી મુલ્યવાન શક્તિ રૂપી માતા છે.

ધરતીમાતાએ મહાન દેવી છે. આ આપણી ધરતી બધાજને સાચવે છે. સૌને સાચવીને રાખે છે. આ દેશના દરેક લોકો પશુ-પક્ષી તેમજ દરેકને આ ધરતી આપણને રહેઠાણ પુરૂ પાડે છે. આપણે જે અનાજ ખાઈએ છીએ. તેમજ ઉત્તમ અને કિંમતી ખનીજ સંપતિ પણ આ આપણી ધરતી માતા જ આપે છે.આમ ધરતી માતાએ આપણી મહાન માતા છે.

ઠાકોર બાબુભાઈ પી. બીયોક

## મધુવન

**"ખુદાની મને મહેરબાની ઘણી છે,**
**ઘણાની મોહબ્બત અને લાગણી છે.**
**મને એવા'આઝાદ' મિત્રો મળ્યા છે,**
**જે મિત્રો નથી કિન્તુ પારસમણી છે"**

કુતુબ'આઝાદ'ના આ શબ્દમાં મિત્રોને પારસમણી સાથે સરખાવવામાં આવ્યા છે. સાચે જ મિત્રોનું સ્થાન જીવનમાં એટલું મહત્વનું છે કે એનાથી જ તમારી જગતમાં એક આગવી ઓળખ ઉભી થાય છે. કોઈપણ માણસ વિશે સરેરાશ અંદાજ લગાવવો હોય તો બસ એનું મિત્રવર્તુળ જોઈ લ્યો તો એ માણસ વિશે આપણને ઘણું બધું જાણવા મળી જશે.

**"મિત્રોય છે જીવનમાં જરૂરી કબૂલ પણ**
**મિત્રો બની શકે તો બહુ કમ બનાવીએ"**

ગઝલના સિંહ તરીકે ઓળખતા ગઝલ સમ્રાટ સ્વ. અમૃત 'ઘાયલ' પોતાના આ શે'રથી આપણને ચેતવે છે કે જીવનમાં બેશક મિત્રો અનિવાર્ય છે પણ ખૂબ થોડા હોવા જોઈએ. બધા મીત્રોને પૂરતો સમય આપી શકાતો નથી. મેં ક્યાંક વાંચ્યું છે કે જીવનમાં એક મિત્ર પૂરતો છે. બે મિત્રો થોડા વધારે કહેવાય અને ત્રણ મિત્રો કોઈને હોતા નથી. આ વાતને ચાણક્યની વાતનું સમર્થન આપીએ તો તરત જ સમજાઈ જાય કે છ કાનમાં ગયેલી વાત છાની રહેતી નથી.

**"સાચા મિત્રો શોધી તો જો**
**મળશે તો પણ ઓછા મળશે"**

બાબુભાઈ પટેલ'બાલુ' ના આ શે'ર સાચા મિત્રોની વાત થઈ છે. શેરીમાં આપણને સો મિત્રો મળે છે. તાળી લેનારા-દેનારા અનેક મિત્રો મળે છે. સાથે ચાલવા વાળા અને એમની મંઝિલ આવતાં સાથ છોડી દેનારા સહપાઠીઓ-સહકાર્યકરો અનેક મળે છે.પરંતુ જેના પર સુખ દુ:ખ વારી શકાય એવા લોકો ખૂબ ઓછા મળે છે.

**'વો મેરા દોસ્ત ભી હૈ, મેરા હમનવા ભી હૈ**
**વો શખ્સ સિર્ફ ભલા હી, બુરા ભી હૈ'**

રાહત ઈન્દૌરીના આ શેરમાં મિત્રો કેવા હોય એનો સરસ જવાબ છે. ખુબી અને ખામીનો સરવાળો એટલે માણસ. પોતાના મિત્રની હઠીલી નબળાઈઓ જે જાણતો નથી એ એનો સાચો મિત્ર નથી. મિત્રમાં માત્ર સારાપણું જ હોય એવું માનવું જરા વધારે પડતું છે. માણસમાં થોડી ઘણી ત્રુટીઓ તો રહેવાની જ આથી એની નબળાઈઓ સાથે એને સ્વીકારી લેવો જોઈએ.

**'ખુદાને બનાયે રીશ્તે બહુત અનમોલ હૈ લેકીન**
**તેરી દોસ્તી કો અપની પહેચાન માનતી હું'**

સુરેશ શાગવાન સરૂના આ શેરમાં મિત્રને આપણી ઓળખ સાથે સરખાવ્યા છે. મિત્રોને તરબુચ સાથે. સરખાવતા બંનેમાં સેંકડો ચાખી જુઓ ત્યારે એકાદ નંગસરસ મળી જાયગ. હસશો નહીં, હું પુરી ગંભીરતાથી બોલું છું

સોક્રેટીસ મિત્રતાને દિવ્ય સંતોષ સાથે સરખાવતાં કહ્યું છે કે લોકો સંપત્તિ, વૈભવો માન વગેરેની પાછળ પાગલ બની તે મેળવવા ઘોર પરીશ્રમ કરે છે પણ મને મિત્રોના સંગાથમાં જે સંતોષ થયો છે એવો દિવ્ય સંતોષ આ બધું મેળવ્યા પછી પણ નહીં થાય.

**'રફતાર જીંદગી કી કુછ યુ બનાયે રખ ગાલીબ'**
**કી દુશ્મન ભલે હી આગે નીકલ જાયે પર દોસ્ત કોઈ પીછે ન છુટે'**

સાચા માણસની મિત્રતા એ એક દૈવી ભેટ છે ને મનુષ્ય માટે એક ઉત્તમ વરદાન છે. આથી આપણે કોઈ સાચો મિત્ર ના હોય તો આ જગત નિર્જર જંગલ જેવું લાગે છે. માબાપની પસંદગી કરવાનું આપણા હાથમાં નથી પણ મિત્રની પસંદગી આપણા જ હાથમાં છે અંતે

**'યું નિભાઈ દોસ્તી કુછ, ગૈરોને અપના બના કે**
**હમને ઔર નયે દોસ્ત બનાના છોડ દિયા'**

**શ્રી ધેંગાભાઈ એન'સરહદી'**
**મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**૯૪૨૭૬૪૪૬૧૧**

## આવશ્યકતા અનુસાર વિશેષતાઓ ત્રણ મિત્રોની ફરિયાદ

એક જંગલમાં આવેલા સરોવરમાં ત્રણ મિત્રો રહેતા હતા. એક હંસ, બીજો મરઘો અને ત્રીજો બતક.

એક દિવસ સરોવરના કિનારે ત્રણેય મિત્રો બેસીને વાતચીત કરી રહ્યા હતા. હંસ બોલ્યો ''હું મારા શરીર પર આવેલા વાળથી ઘણો જ દુ:ખી છું વધુ પડતા વાળ મારા શરીરને બેડોળ બનાવી રહ્યા છે. ઈશ્વરે મારી સાથે અન્યાય કર્યો છે.''

મરઘો બોલ્યો અન્યાય તો ઈશ્વરે પર કર્યો છે.મારૂ શરીર સુંદર બનાવ્યું છે તો બીજી બાજુ મારો અવાજ સાવ કર્કશ કૂકડે કૂક...! બનાવ્યો છે. મારા માથા પર આવેલ કલગી મારી સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે. પણ મારો અવાજ ...! મને બિલકુલ ગમતો નથી.''

બતક કહેવા લાગ્યું ''મારી તો ઈશ્વરને કોઈ જ ફરિયાદ નથી, પણ જ્યારે હું મારા પગ જોઉં છું ત્યારે મને ખૂબ જ ઘૃણા થાય છે. આંગળી એક પાતળા પડથી જોડાયેલી હોવાથી મારી સુંદરતાનો નાશ થઈ જાય છે.''

ત્રણે મિત્રો પોતપોતાની ફરિયાદોને લઈને ઘણાં સમય સુધી વિચાર વિમર્શ કરતા રહ્યા. અંતે નક્કી કર્યું કે તેઆ`ઈશ્વર પાસે જઈને પોતાની સમસ્યાનું સમાધાન કરવાની પ્રાર્થના કરશે. નિશ્ચિત સમયે ત્રણે મિત્રો ઈશ્વરને મળવાને માટે સ્વર્ગમાં પહોચ્યા. ઈશ્વરની મુલાકાત લઈને પોતપોતાની સમસ્યા એમની સમક્ષ રજૂ કરી ઈશ્વરે એમની સમસ્યાનું સમાધાન એમની ઈચ્છાનુસાર કર્યું.

સમસ્યાનું સમાધાન થતાં જ હંસના શરીર પરથી ગીચવાળ ગાયબ થઈ ગયા. મરઘાંનો અવાજ પણ ચીં..ચી.. માં ફેરવાઈ ગયો અને બતકના પગના પંજામાં આવેલ પાતળું પડ પણ ગાયબ થઈ ગયું.

થોડા દિવસ પછી ઠંડીની ઋતુ શરૂ થઈ. તીવ્ર ઠંડી પડતા હંસ એક વૃક્ષ પર બેઠો બેઠો ધ્રુજી રહ્યો હતો. એણે વિચાર્યું કે આજે આટલી બધી ઠંડી કેમ લાગે છે.?પછી તે વિચારવા લાગ્યો કે જરૂર મારા શરીર પરથી વાળ ગાયબ થવાથી મને ઠંડી લાગી રહી છે. એ ગીચ વાળ જ મને ઠંડીથી બચાવતાં હતા. મેં ઈશ્વર પાસેથી મારા શરીર પરના વાળ હટાવવાનું કાર્ય ખૂબ જ ખોટું કર્યું હતું.

આ બાજુ મરઘાંના બચ્ચા એનાથી ઘણે દૂર રમવા નીકળી ગયા ત્યારે મરઘાં એ બૂમ પાડીને તેમને બોલાવ્યા ત્યારે મોંમાંથી માત્ર ચીં...ચીં... અવાજ જ નીકળ્યો જે એના બચ્ચાં એના ઓળખ્યો. મરઘાએ વિચાર્યુ કે જ્યારે હું કૂકડે... કૂકે બોલતો હતો ત્યારે આ બચ્ચાઓ દોડીને મારી પાસે આવતા હતા લાગે છે કે મેં મારો અવાજ બદલીને સારૂં નથી કર્યું.

બતક જ્યારે માછલીને પકડવાને માટે પાણીમાં ઉતર્યું ત્યારે તે તરી ન શક્યું અને પાણીમાં ડૂબવા લાગ્યો. એણે વિચાર્યું કે જ્યારે મારી આંગળીઓ સાથે ચામડીનું પડ જોડાયેલું હતુ તે મને તરવામાં મદદરૂપ હતું. મેં ભગવાન પાસે એને દૂર કરીને ઘણું જ ખોટું કર્યું છે. સારું થાત કે મારા પગ પહેલાં હતા એવા થઈ જાય તો કેવું સારું !

ત્રણે મિત્રો પસ્તાવો કરવા લાગ્યા અને ફરી એક વાર ઈશ્વર પાસે સ્વર્ગમાં જઈ પહોચ્યા અને પોતાની સમસ્યા દર્શાવતા કહ્યુ કે હે પ્રભુ! તમે અમને અમારી મૂળ સ્થિતિમાં ફરીથી લાવી દો.

ઈશ્વરે એમને મૂળ રૂપમાં લાવીને કહ્યું કે '' મેં સંસારના દરેક પ્રાણીને એમની આવશ્યકતા અનુસાર જ વિવિધ વિશેષતાઓ આપી છે. એમણે એનો સ્વિકાર કરવો જ જોઈએ. ત્યારે જ તેઓ ઉપયોગી સાબિત થાય છે.

**-કમલેશ કંસારા**

## એકતા ઝિંદાબાદ

શ્યામવનમાં ઘણાંબધાં પશુઓ રહે. આ જંગલનો વિસ્તાર પણ ખૂબ જ મોટો. જંગલના જુદા જુદા વિભાગ. એ જુદાજુદા વિભાગમાં જુદાંજુદાં પશુઓ રહે. તેમાં કેટલાક વિસ્તારમાં દીપડા, સિંહ, હાથી, વાઘ જેવાં બળવાન પ્રાણીઓ રહે, તો કેટલાક વિસ્તારમાં હરણ, સાબર, વાંદરા,સસલા,નીલગાય જેવા અહિંસક અને દયાળુ પ્રાણીઓ રહે.

આ શ્યામવનામાં સૌ પ્રણીઓને ભરપૂર ખાવા-પીવાનું મળી રહેતું. તેથી બીજી કોઈ ખાસ ચિંતા આ પ્રાણીઓને ન રહેતી.વળી જંગલ એવું ઘનઘોર હતું કે શિકારીઓ પણ તેમાં પ્રવેશ કરતા ડરતા. આને લીધે તો બધાં પ્રાણીઓ કોઈપણ પ્રકારના ભય વિના આનંદથી રહેતાં.

જંગલના એક ભાગમાં જ્યાં સાબર અને હરણાં રહેતાં તે વિસ્તારમાં ખૂબ જ ઊંચું ઊંચું ઘાસ ઊગે. તેથી ઘણીવાર એવું બને કે એકબીજાને આ હરણ કે સાબર જોઈ પણ ન શકે. પરંતુ ઘાસ ખાવાનો ભરપુર જથ્થો હોઈ આ ઘાસ માટે કોઈનેય ક્યારે ફરિયાદ ન હતી.

આ સાબર-હરણાના ટોળામાં એક વૃદ્ધ સાબર રહે. તે સ્વાભાવે ખૂબ જ દયાળુ. સાથે સાથે હોશિયાર પણ બહુ. તે કાયમ સૌને કહે કે "સૌએ સંપથી રહેવું જોઈએ. એકબીજાને કંઈ તકલીફ હોય તો તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. કોઈના પર દુ:ખ આવી પડે તો તે દુ:ખમાં તેને ધીરજ આપવી જોઈએ."આવી જુદી જુદી શિખામણો તે સૌને આપતું રહે.

તેની આ રોજની શિખામણ હવે સૌ સાબર અને હરણો માટે માથાનો દુખાવો થઈ પડી હતી. તેથી ઘણીવાર તો સૌ તેની વાતને હસીને ઉડાવી નાખતા. કોઈ કોઈ તો તેના મોઢે પણ કહી દેતું,"તમે વડીલ છો તે વાત બરોબર. પરંતુ અમને તમારા ઉપદેશની કોઈ જરૂર નથી. ખોટી ખોટી વાત કરવાનું છોડી દો. મારૂ માનો, તો તમે જે કરતા હો તે કરો. કોણે શું કરવું જોઈએ ? તે સૌ જાણે જ છે."

આવું અપમાન થાય તોપણ તે નારાજ ન થાય. ઊલટું હસતાં હસતાં જવાબ આપે, "હું કોઈ ઉપદેશ નથી આપતો. આ તો માત્ર તમને સૌને સત્ય સમજાવું છું. જો તમે એકબીજાને પરસ્પર મદદરૂપ બનશો તો ભવિષ્યમાં તમને કોઈ તકલીફ નહિ પડે."

ત્યારે તેની વાત સાંભળી સૌ હસતાં અને તેની મજાક ઉડાવતાં. અવાર-નવાર આવી મજાક ઊડવા છતાં તે પોતાની વાત કરતું રહેતું.

એકવાર શ્યામવનમાં જ રહેતા એક દીપડાની નજરમાં આ સાબર-હરણાંઓથી ભરેલો વિસ્તાર આવી ગયો. તેને લાગ્યું આ વિસ્તાર મુલાકાત લેતા રહેવાથી બીજે ક્યાંક શિકાર શોધવા જવું નહીં પડે. દરરોજ લીલું તાજું ઘાસ ખાઈ મસ્ત બનેલાં સાબર-હરણનો શિકાર કરવાની દીપડાને તલાવેલી લાગી.

બરાબર લાગ જોઈ એક દિવસ દીપડાએ આ ઘાસ ઊગેલા વિભાગમાં પ્રવેશ કર્યો. તેને હાથમાં તુરંત એક હરણ આવી ગયું. તે હરણાનો શિકાર કરી તે તો તેને ખાઈ ગયો. તો ઘાસમાં જરાક સળવળાટ થાય એટલે ડરથી ભાગવા માંડે. દીપડો તો જ્યારે ભુખ લાગે ત્યારે આ વિસ્તારમાં આવી એકાદ હરણ કે સાબરનો શિકાર કરી લે.

હવે તો દીપડાને મજા પડી ગઈ હતી. જ્યારે બધાં જ હરણાં-સાબર દીપડાથી ડરી ડરી છુપાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. આથી બધાં જ અલગ અલગ વિભાગમાં વહેંચાઈ ગયાં. તેથી જે સાબર કે હરણ હાથમાં આવે તેનો દીપડો શિકાર કરી નાખે. આ પ્રમાણે શિકાર થવાથી ધીરે ધીરે હરણ-સાબરની વસ્તી ઘટવા લાગી.

આ બધું જોઈ પેલા વૃદ્ધ સાબરને ખૂબ દુ:ખ થઈ રહ્યું હતું. પરંતુ તે કરે પણ શું ? તેને લાગતું હતું કે હવે એક એક કરીને બધાનો વારો આવી જશે. તેમાં પોતાનો પણ વારો આવી જાય તો નવાઈ નહિ !

આવી પડેલી સમસ્યાને કઈ રીતે ઉકેલવી ? તેનો તેને વિચાર અવવા લાગ્યો. મનમાં જાતજાતના-ભાતભાતના વિચાર આવ્યા. કંઈક તો કરવું જ પડશે. અલબત્ત તે માટે પોતાને ભાગે કોઈ કષ્ટ આવી પડે તો પણ તેનો સામનો કરી આ સમસ્યાનું નિરાકરણ લાવવું એ પોતાની પહેલી ફરજ છે. તેણે મક્કમ નિર્ણય કરી લઈ બધાં જ સાબરો અને હરણોને એકઠાં થવા માટે અવાજ દેવા માંડ્યો.

બસ પછી તો પૂછવું જ શું ? બધાંય સાબર-હરણ એકબીજાને અવાજ દઈ એકઠાં થવા વિનંતી કરવા લાગ્યાં. બધાં જ દોડવામાં ઝડપી. જરાવારમાં બધાં વૃદ્ધ સાબર પાસે એકઠાં થઈ ગયાં. તેમને એકઠાં થયેલાં જોઈ વૃદ્ધ સાબરે પોતાનું વક્તવ્ય શરૂ કર્યું,"તમને સૌને બોલાવ્યાં તેનું કારણ તમે સૌ જાણો જ છો. આપણે સૌ એક મોટી સમસ્યામાં ફસાઈ ગયાં છીએ. મેં અગાઉ પણ તમને સૌને કહેલું છે. આજે ફરી એકવાર એ જ વાત સોને એક સાથે રાખી અને કહી રહ્યું છું. તમે ધ્યાનથી સાંભળો."

આ પ્રમાણે જ્યારે તેણે કહ્યું, ત્યારે તેને શાંતિથી સાંભળી રહેલાં સૌને વધુ ઈન્તેજારી થઈ. તેમાંથી એક હરણ બોલ્યું,"તમે ખરું કહો છો. એક દીપડાએ આપણા સૌની ઊંઘ હરામ કરી દીધી છે. આપણે કંઈ જ નથી કરી શકતાં."

"આપણામાં એકતા નથી. તેથી જ એ દીપડો ફાવી ગયો છે.જો એ દીપડાને પાઠ ભણાવી શકીએ તો આપણી સમસ્યા દૂર થાય." વૃદ્ધ સાબર બોલ્યું.

"આપણે એક થઈ શું કરી શકવાનાં ? એ દીપડો ભારે શક્તિશાળી છે. તેનો એક પંજો પડે તો આપણા તો રામ રમી જાય." એક સાબર ધ્રૂજતું ધ્રૂજતું બોલી ઉઠ્યું.

વૃદ્ધ સાબરે જરા ખોંખારો ખાધો. પછી ધીમેથી કહ્યું,"એ જ આપણી ભૂલ છે. આપણે કાયમ ભૂલ કરીએ છીએ. જો આપણે એક થઈ, એ દીપડા પર હુમલો કરીએ તો આપણામાંથી કોઈ બે-ચાર જણાને ઈજા થશે કે વધુ તેનું મૃત્યુ થશે. પરંતુ આમ મૂંગેમોઢે સહન કરતા રહેશું તો એક દિવસ એક પછી આપણે બધાંય મરી જઈશું."

તેની આ વાત ત્રણ-ચાર યુવાન સાબરોને સમજાઈ. તેમણે સૂરમાં સૂર પુરાવતાં કહ્યું,"તમારી વાત સાચી છે. આજ દિવસ સુધી અમે તમારી વાતોમાં ધ્યાન ન આપ્યું. પરંતુ હવે અમને તમારી વાત બરોબર સમજાય છે. અમે તમારી સાથે છીએ. તમે જેમ કહેશો તેમ કરવા તૈયાર છીએ."ધીરે ધીરે તો બધાં જ વૃદ્ધ સાબરના કહેવા પ્રમાણે કરવા તૈયાર થઈ ગયાં. બસ, પછી તો આયોજન ગોઠવવામાં આવ્યું.

આયોજન મુજબ એવું નક્કી કરવામાં આવ્યું હતું કે જેવો દીપડો આવે અટલે જેટલાં સાબર છે, તેઓએ પોતાનાં શિંગડાં વડે દીપડાને મારવા તૂટી પડવું. હરણાંઓએ એ સમય દરમ્યાન ચિત્ર-વિચિત્ર અવાજો કાઢી દીપડાને ભયભીત કરવા કોશિશ કરવી.

નક્કી થયા પ્રમાણે દીપડો આવ્યો કે તુરંત બધાં સાબર તે દીપડા ઉપર તૂટી પડ્યાં. બીજી બાજુ હરણાંઓએ જાતજાતના અવાજ કાઢવા માંડ્યા. અચાનક હુમલા અને અવાજોથી દીપડો ગભરાઈ ગયો. તે કંઈક વિચારે તે પહેલાં તો તેના શરીર ઉપર ઉઝરડા પડી ગયા. કોઈ સાબરનું શિગડું તેની એક આંખમાં લાગતાં તેની આંખ ફુટી ગઈ. તે "બચાવો.. બચાવો.. " ની બૂમો પાડતો ત્યાંથી નાઠો.

બધાંય સાબર-હરઓએ આ જોયું. તેઓ ખૂબ ખુશ થઈ વૃદ્ધ સાબરના નામના ઝિંદાબાદના નારા લગાવવા લાગ્યાં.ત્યારે વૃદ્ધ સાબરે તેઓને કહ્યું,"મારું નામ ન બોલો, સા બોલો કે એકતા ઝિંદાબાદ.." ત્યારે પછી એ દીપડો ફરી ક્યારેય દેખાયો નહિ.

**સાર: એકતામાં મોટી શક્તિ છે.**

**-દેવેન વ્યાસ ગીતાબેન વ્યાસ (અંજાર)**

## નાદાર નન્નેખાન અને સમજુ ગધેડા

અધમપુર નામે એક નાનકડું ગામ. ગામની મોટાભાગની પ્રજા ખેતી અને ખેતમજૂરી કરી જીવતી હતી.પ્રજામાં ખૂબ સારો કોમી એખલાસ જોવા મળતો. ગામના દરેક તહેવારો હિન્દુ-મુસ્લિમ ભાઈ ભાઈની ભાવનાથી ઉજવતા એ અધમપુરગામની સૌથી મોટી અચરજ પમાડે તેવી અજીબો ગરીબ કથા એ પણ એક યાદગાર પ્રસંગ બની જાય છે.

અધમપુર ગામના પઠાવાસમાં તેમના એક આગેવાન નન્નેખાન અને બીજા કેટલાક ભાઈઓના મળીને લગભગ પચાસેક ઘર આવેલાં છે તેમાંથી આઠ દસ ભાઈઓ ગધેડા રાખવાનો વ્યવસાય કરતા બાકીના ચાળીસેક ભાઈઓ ખેતી અને ખેતમજૂરીના પૂરક વ્યવસાય કરતા હતા.

ગામના મુખી મેઘાજી સેજપાલના નવા મકાન માટે રેતી-માટી-ઈંટો અને ચુનો તાણી લાવવાનું તમામ કામ આ ગામના આગેવાન નન્નેખાનને શિરે આપ્યું હતુ. નન્નેખાન પાસે નવ ગધેડા અને તેમના ભાઈ સમજુખાન પાસે ચૌદ ગધેડા મળી કુલ ત્રેવીસ ગધેડાને મુખીના ઘરના સામાનની હેરા ફેરી કરવાનું ખાસ કામ આવી ચડ્યું.

રોજ સવારનાં નન્નેખાન વાડામાંથી બે ભાઈનાં ગધેડા બહાર લાવી તેમને નિરલ આપી પોઠ મૂકીને તૈયાર કરતા બે પહોર દહાડો ચડે એ પહેલાં નન્નેખાન અને તેમના ભાઈ નદીઓર દરવાજે પહોંચી જઈને રેતી અને કપચી તાણી લાવતા-મુખીના ઘરના કામકાજ માટે બેઉ ભાઈઓ ખડે પગે કામ કરતા નદીથી ગામનું અંતર લગભગ બે અઢી કિલોમીટર હતું. રોજના આ ગધેડા બપોર પહેલાં ચાર-પાંચ ફેરા કરી આવતા આ કામ લગભગ બે ત્રણ માસ સુધી રૂટિનની જેમ ચાલ્યું.

એક દિવસ નન્નેખાનને વિચાર આવ્યો.. "લાવ આ ગધેડા કેટલા વફાદાર છે તે ચેક કરી લઉં"... ગધેડાની પીઠ ઉપર તેમણે પહેલાં કરતાં ઓછું વજનનું કાર્ટિંગ કરી કામ શરૂ કર્યું.. પીઠ ઉપરનો બોજો હળવો અને ઓછો થતાં એકાદ બે બુઝુર્ગ ગધેડા હતા એ વિચારવા લાગ્યા.. "અલ્યા આપણા આ માલિક હવે મને લાગે છે તેમ કંઈક બદલાઈ ગયા છે." 'ઈમાન અને નેકી ભૂલતા હોય એવું લાગે છે".. આટલું પુરૂ થાય એ પહેલાં બાકીના તમારા ગધેડાઓએ માથું હલાવી હણહણાટી કરી વડીલ ગધેડાને ટેકો આપતા હોય તેવી રજૂઆત શરીરના હાવભાવથી કરી..લગભગ બીજા મહિનાનો આ બીજો દિવસ હતો.. નન્નેખાનની આ એક નાદારી જેવી રીત રસમ હાઈ મુખીના માણસો બોલ્યા:'અરે,ભાઈ નન્નેખાન આ બે તત્ર દિવસથી તમામ ગધેડાંની પીઠ ઉપર રેતી-કપચી જેવો સામાન પહેલા કરતાં ઓછો જણાય છે, 'શું ત્યાં નદીમાં કે આજુબાજુ રેતી-કાંકરી કપચીનો પૂરવઠો ઓછો થયો છે કે શું ?

નન્નેખાન બોલ્યા:'ના બાપુ એવું નથી.. અમારા આ ગધેડા આવું કામ બે ત્રણ મહિના સુધી કરે તો થાકી જવાની પૂરી દહેશત જેવું મને લાગ્યું એટલે દરેક પોઠમાં અમે એકાદ-બે તબકડાં ઓછું ભારણ કરી દીધું છે.. બાકી કંઈ ખાસ નથી.

નન્નેખાનની આ વાત સરળતાથી સમજાય તેવી ન ઈનગી એટલે ત્રેવીસ ગધેડાને એકી અવાજે હોંચી-હોંચી-હોંચી કરવા લાગ્યો, નન્નેખાનને આ ગધેડાની તરકીબ જોઈ વિચાર આવ્યો..'અલ્યા મારું નિરલ ખાઈને તમે મારા જ ઘરના વિરૂદ્ધ આવી બૂમબરાડા મચાવો એ બરાબર છો ?

મુખીના માણસો નન્નેખાનનો ચહેરો જોઈ સમજી ગયા ખરેખર તેની નાદારી છતી થઈ જાય એવો આ પ્રસંગ ગધેડાંએ ઉભો કર્યો.. પોતાના કરેલા કામ ઉપર એ પશ્વાતાપ કરવા લાગ્યો..'પણ હવે એ શું કરે ?'આ તમામ વાતની અચાનક બાતમી મુખીને મળી એટલે મુખી ત્યાં આવી ગયા.. નન્નેખાનને કહ્યું' ભાઈ તમારા કામનો બધો હિસાબ આવતીકાલે મને આપજો.. હું તમારી મહેનતનો હિસાબ આપી દઈશ.

સમજું ગધેડાઓએ નન્નેખાનની નાદારી પોતાની ભાષામાં જાહેર કરી એટલે આ માણસે અચાનક આંચકો આવી ગયો એ આંચકો કદાચ ભૂકંપના આંચકા કરતાં મોટો લાગ્યો.. માણસના જીવનમાં પોતાની રોજી રોટી સામે અચાનક આંચકો આવે એ માનસિકતા છતી કરે છે ખરેખર નન્નેખાનની નાદારી અને સમજદારી વાળા ગધેડા એ બેમાંથી કોણ અવ્વલ નંબરે આવશે ?.. બાળદોસ્તો એ નિર્ણય તમે કરો.. અને જવાબ મને નીચેના માત્ર નંબર ઉપર એસ.એમ.એસ. થી મોકલો એ જ તમારું વાર્તા શીખવાનું પ્રયોજન ગણાશે.

**હંસામૃતવાલમીયા-**
**અમદાવાદ**

## વાઘ કૂવામાં સંતાયા

પદમસિંહ રાજાના નગરની પાસે પહેલા વગડો પછી જંગલ શરૂ થતું હતું. એ નગરના લોકો વગડા સુધી જે જતા હતા. પણ જંગલમાં એકલ દોકલ જવાનું કોઈ સાહસ કરતું નહીં. ત્યાં હિંસક પ્રાણીઓનો વાસ હતો. વળી રાજાએ આદેશ કર્યો હતો કે કોઈએ જંગલમાં જવું નહી. જવાના જો સંજોગ જાગે તો હાથમાં હથિયાર સાથે જવું. બે ત્રણ જણાની ટુકડીમાં જવું કામ પતે એટલે સત્વરે પાછા આવી જવું. એમાંય રાત્રે તો જવું જ નહીં.. રાજાનો આ પ્રકારનો આદેશ હતો. નગરજનો આ પ્રકારના આદેશનું ચુસ્તપણે પાલન કરતાં. રાજાનો જો આ પ્રકારનો આદેશ ન પાળે તો મોતની સજા મળી શકે. એટલે કે હિંસક પ્રાણીના ભોગ બનવું પડે.

પણ છેલ્લા કેટલાય સમયથી એક વાઘનો ત્રાસ વધી ગયો હતો. તે જંગલમાંથી વગડામાં આવી ગયો હતો. બે ત્રણ જણાએ એને જોઈ જતાં રાજાને આવીને ફરિયાદ કરી હતી. જો કે એ વાત એમ હતી એ સાથે જ રાજાએ વગડામાં જવા અંગે પ્રતિબંધ મૂકી દીધો હતો.એ સાથે વળી છૂટ પણ આપવામાં આવી હતી કે જેને અનિવાર્ય કામ હોય એ જઈ શકે છે. પૂર્ણ સાવધાનીની સાથે.

રાજાએ આદેશ આપ્યો. લોકોના જાન માટે. પણ સામે છેડે વાઘ માટે કંઈક કરવું જોઈએ એ અંગે રાજા વિચારતો હતો. એણે તો વગડામાં જનારની દરવાજાની પાસે નોંધણી કરવાનું પણ નક્કી કર્યુ હતું.

રાજાની આવી વૃતી-પ્રવૃતિના લીધે એ ચાર જણા બોલ્યા હતાં કે વાઘને પકડવા કે એનો ત્રાસ દૂર કરવાને બદલે નોંધણી કરવાથી શું થવાનું છે? લોકોની વાત હતી તો રાજા એ સાવધાની માટે આ બાબત કરી હતી કે જો કોઈ નોંધાવીને ગયો હોય તો રસ્તામાં કાંઈ થાય તો રાજા યોગ્ય કરી શકે.

રાજાનો શુભ આશય હતાં.

જો કે વાઘનું આગમન થતાં વગડે જનારા પણ સાવ ઓછા થઈ ગયા હતો.

એક દિવસ ગંગાડોશીને વગડે જવાનું થયું. વાસ્તવમાં વગડાની બીજી તરફ નદી હતી. અને પેલે પાર ગંગા ડોશીની છોકરી મંગુ રહેતી હતી.એને ભેગા થવા જવું હતું..ડોશીએ ડબ્બામાં કુલેરના લાડવા લીધાં.. હાથમાં ડંગોરો લીધો . અને નીકળ્યાં. દરવાજાની પાસે રાજાનાં સૈનિકો નોંધણી કરવા બેઠા હતાં. એ કહે ડોશી નામ નોધાવો.

શું કામ ભૈ ? ડોશીએ સવાલ કર્યો. રાજાના એ નોંધણી કરનારાએ આખી વાત જણાવી. ત્યારે એ સમયે રાજા ક્યાંથી રથમાં બેસીને આવી ગયો. એણે વાત જાણી.એણે કહ્યું. ગંગામાં વગડે જવાનું માંડી વાળો-વાઘનો ત્રાસ છે. અને તમે જાવ છો એની મને ચિંતા છે.

ગંગામા હસ્યા બોલી ઉઠ્યાં મહારાજ તમારી ચિંતા યોગ્ય છે. નગરની એક સામાન્ય ડોશી માટે તમે આમ ચીંતા કરો એ વખાણવા જેવી બાબત છે. પણ મારે મારી મંગુ તો ના જવું જરૂરી છે. હશે નસીબમાં જે લખ્યું હોય તે ખરૂ.

ગંગા ડોશી બોલ્યા.રાજા કહે જોઈ જાળવીને જજો. અને ડોશી વગડાની વાટે ચડ્યા. મૂખમાં ભગવાનનું નામ હતું. વાઘની ખબર હતી. પણ ડર ન હતો. એ ખાઈ જશે બીજી શું ભલે મને ખાવાથી એનું પેટ ભરાતું હોય. આખરે એ ભલાઈનું તો કામ છે. ગંગાડોશીએ વિચાર્યું..

એ આગળ વધ્યાં.

કલાક દોઢ કલાક થયો હશે.. ગંગાડોશી જ્યાંથી જતાં હતાં ત્યાં માર્ગમાંજ-કેડી પર વાઘ બેઠો હતો. ડોશીને બીક તો લાગી પણ હિંમત ન હાર્યો. સીધી નજર વાઘની સામે જ રાખી છેક નજીક પહોંચી ગયા.માત્ર થોડું જ અંતર રહ્યું.

ત્યાં તો ડોશી બેઠા લાડવા બાંધ્યા હતાં એ થેલીને કાઢી. ડંગોરો સાથે બાંધી અને એ લાઠી ને ગોળ ગોળ ફેરવવા માંડી. એમાંથી ગે ગું ગે ગું અવાજ આવવા માંડ્યો. વિચિત્ર અવાજ થી વાઘ ભડક્યો. ડોશીને મારવાને બદલે ઉભો થઈને ભાગ્યો. ગંગાડોશી લાકડી-ડંગોરી ધુમાડતાં પાછળ પડ્યા-ત્યારે રસ્તા પર પડેલો એક પત્થર ઉપાડ્યા છૂટો માર્યો.. છૂટેલો પત્થર વાઘની પીઠ પર અથડાયો. વાઘ વધુને વધુ ભાગ્યો. ઝડપથી દોડ્યો.. પણ માર્ગમાં કૂવો આવ્યો.. વાઘને થયું.

આમા સંતાઈ જવા દે અને એ સંતાવા માટે કુદયો.. પછી એ વાઘને સદાને માટે કૂવામાં સંતાઈ જવું પડ્યું. નગરમાં રાજાએ લોકોએ જાણ્યું. સૌ બોલી ઉઠ્યા વાહ ગંગામાં વાહ.

**રેણુ વિષ્ણુકુમાર બારોટ**

### બજેટમાં ફળવાતા ...

પાના નં.૧ ચાલુ

૧૦ વર્ષથી બજેટમાં જેટલા નાણા ફળવાય છે, તેના ૫૦ ટકા ઓછા નાણા ખર્ચાય છે. તેમાંય સવિશેષ સોશીયલ સેક્ટર જેવાં કે, ગરીબ, મધ્યમ વર્ગ, દલિત, આદિવાસી, બક્ષીપંચ સમાજ માટે બજેટમાં ફળવાયેલ નાણા કરતાં પણ બહુ ઓછા નાણા ખર્ચવામાં આવે છે. આમ, ભાજપ સરકારમાં બજેટની ફાળવણી કરતાં ૫૦ ટકા કરતાં ઓછો ખર્ચ થાય છે. એનું કારણ એ પણ છે કે, ૧૨ મહિનામાં ૧૨ કરતાં વધુ ઉત્સવો કરતી સરકારમાં આખું વહીવટીતંત્ર એની કામગીરીમાં લાગી જતુ હોય એટલે વહીવટીતંત્રને પ્રજાલક્ષી વિકાસના કામો કરવાનો સમય મળતો નથી અને બજેટ વપરાયા વગરનું પડયુ રહે છે. સરકાર જીડીપી અને જીએસપી કરંટ અને કોન્સ્ટન્ટના આંકડાઓ અગાઉના વર્ષોને બેઈઝ યર ગણી ૯.૦૨ ટકા વિકાસની વાત કરતા હોય તો તેમાં ૨૦ ટકા ખેતીવાડીના ગણીએ તો તેમાંથી ૩ ટકા બાદ થાય એટલે ૬ ટકાની આજુબાજુ વિકાસદર રહે. આમ, વિકાસદરમાં પણ ખોટી અને ભ્રામક વાતો કરી પ્રજાને ભાજપ સરકાર છેતરી રહી છે. પર કેપીટા આવક ૧ લાખ કરતાં વધારે ભાજપ સરકાર બતાવે છે તેમાં ગુજરાતના ૧૦ મોટા માથા અંબાણી, અદાણી, નિરમા, ટોરેન્ટ, સંઘવી, કેડીલાની આવકો ઉમેરીને બતાવવામાં આવે છે. હકીકતમાં ગુજરાતની ૬ કરોડની વસ્તીએ ૩.૬૦ કરોડ ખેડુતો, ખેતપેદાશ આધારિત ખેતમજુરો કે જેઓની પર કેપીટા ૨૬ હજારની આસપાસ થવા જાય છે, જેમાં ગરીબ માણસોને ૧૦ ટકા પણ મળતા નથી. વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજયપાલના આભાર પ્રસ્તાવમાં ઈન્ટરવીન થઈ મુખ્યમંત્રીના વક્તવ્યમાં એકસપોર્ટ જે ૨૨ ટકાની કહી હતી, તે બાબતની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, આ ૨૨ ટકા સાવ ખોટી અને ઉપજાવી કાઢેલી બાબત છે. હકીકતમાં એક્સપોર્ટ એ કેન્દ્ર સરકારનો વિષય છે. આ એક્સપોર્ટના ૨૨ ટકામાં ૨-૩ ટકા હિસ્સો રિલાયન્સનો છે. જેથી એક્સપોર્ટ માત્ર ૬ ટકાની આસપાસ રહે છે. ભાજપ સરકારે કોઈ નવા બંદરો વિકસાવ્યા જ નથી. અગાઉના જે હતા તેમાં મુન્દ્રા અને પીપાવાવ તેઓના સમયમાં મંજુર થયેલા, બાકીના કંડલા જેવા જુના બંદરો જ ચાલતા હતા. જે રાજ્યો પાસે બંદરો નથી તેવા દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા અને ઉત્તરપ્રદેશનો કેટલોક ભાગ જેમનો જીડીપી ગુજરાત કરતા ઘણો વધારો છે. આમ, એક્સપોર્ટની મોટી મોટી વાતો કે ફક્ત વાહવાહ કરવાથી એક્સપોર્ટ વધતુ નથી.

### મગફળીનો...

પાના નં.૧ ચાલુ

કોડીનાર, ઉના, તલાલા, ગીર ગઢડા ધોકળવા અને કોડીનાર તાલુકાઓમાંથી ૨.૧૬ લાખ ક્વિંટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. જેનું મુલ્ય ૯૦૯૬.૮૭ લાખ થાય છે. મંત્રી ચીમનભાઈ સાપરિયાએ જણાવ્યું હતું કે, ટેકાના ભાવે ખરીદીનો લાભ સીધો ખેડુતોને જ મળે અને વેપારીઓ ખેડુતોના ભોગે લાભ ન મેળવી જાય તે માટે રાજય સરકાર દ્વારા પુરતી કાળજી લેવામાં આવી રહી છે. ખેડુતો પાસેથી ટેકાના ભાવે ખરીદી માટે ખેડુતોના ૭-૧૨ અને ૮-અના ઉતારા લેવામાં આવે છે. ખેડુતોના બેન્ક એકાઉન્ટ માટે પાસ બુકની નકલ લઈને રાજય સરકાર દ્વારા ખેડુતોના બેન્ક એકાઉન્ટમાં આરટીજીએસથી સીધુ જ ચુકવણુ કરવામાં આવે છે. એપીએમસીના ગેટપાસની નકલ પણ ચકાસવામાં આવે છે. આમ ટેકાના ભાવોનો લાભ જરૂરિયાત ખેડુતોને જ મળે તેની પુરતી કાળજી લેવામાં આવી રહી છે.

### પાલનપુરના લાલ....

પાના નં.૮ ચાલુ

કાણોદર ગામની સરોજબેન મયૂરભાઈ ગોહિલ નામની પ્રસૂતા મહિલાને ડિલેવરી માટે દાખલ કરાઈ હતી. જ્યાં નોર્મલ ડિલેવરી બાદ પ્રસુતાએ બાળકીને જન્મ આપ્યો હતી. જોકે, નોર્મલ ડિલેવરી બાદ પ્રસુતાને બલ્ડિંગ શરૂ થઈ જતા તેની હાલત લથડતાં ફરજ પરના તબીબ ડો. પ્રશાંત પ્રજાપતિ છુટી પડ્યા હોવાના આક્ષેપો મૃતકના સ્વજનોએ કર્યા હતા. જોકે, લાલ દવાખાનાવાળા છુટી પડવાથી પ્રસુતાને મહેસાણા રીફર કરાઈ હતી. જ્યા બુધવારે તેણીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારે પ્રસુતાની અંતિમવિધિ બાદ તેના પરિવારજનોએ લાલ દવાખાનામાં આવી હોબાળો મચાવ્યો હતો. મૃતકના પરિવારજનોએ તબીબ અને સ્ટાફની બેદરકારીએ પ્રસુતાનું મોત નીપજ્યું હોવાના આક્ષેપો સાથે હોબાળો મચાવતા પોલીસ દોડી આવી હતી. જ્યાં પોલીસે સમજાવટનો માર્ગ અખત્યાર કરી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

### આંગણવાડી....

પાના નં.૮ ચાલુ

વિરોધાભાસી નિવેદનો આવી રહ્યા છે. એકબાજુ આંગણવાડી પ્રમુખ ચંપાબેન પરમાર આંદોલનને જડબેસલાક પ્રતિભાવ મળી રહ્યો હોવાના દાવા સાથે મોટા ભાગના કેન્દ્રો બંધ હોવાનો દાવો વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે બીજી બાજી ડી.ડી.ઓ આંદોલનને મોળો પ્રતિસાદ સાંપડ્યો હોવાનો દાવો કરી રહ્યા છે. તેઓના મત મુજબ ૩૩૦૦ કેન્દ્રોમાંથી માત્ર ૨૨૨ કેન્દ્રો બંધ છે. જયારે ૫૦ જેટલી બહેનો જ પ્રતીક ઉપવાસ પર છે. ત્યારે તંત્ર દ્વારા સમજાવટના પ્રયાસો હાથ ધરાયા હોવાનું તેઓએ જણાવ્યું હતું. આમ, આંગણવાડી આંદોલન નબળું પડી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. ત્યારે આંગણવાડી બહેનોની માંગણીઓ સંતોષાશે કે કેમ તે જોવું રહ્યું!!!

### પાલનપુરમાં રિક્ષાચાલકોએ ....

પાના નં.૮ ચાલુ

રિક્ષાચાલકો માટેની દમનકારી નીતિનો વિરોધ કરતા રિક્ષા ચાલકોએ સરકારને વ્યાજખોર સાધ્વી સાથે સરખામણી કરતા સૂચક બેનરો લગાવ્યા હતા. દરમિયાન, આજે રિક્ષા ચાલકોએ પથિકાશ્રમથી ગુરુનાનક ચોક સુધી માનવ સાંકળ રચી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. બાદમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ન્યાય નહીં મળે તો સોમવારથી રિક્ષાના પૈડાં થંભાવી દેવાની ચીમકી ઉચ્ચારી હતી. રિક્ષા ચાલકોએ ન્યાય નહીં મળે ત્યાં સુધી લડત જારી રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા જરૂર પડે આત્મવિલોપન કરવાની પણ ચીમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી છે.

### બટાટા સોનાના...

પાના નં.૮ ચાલુ

અલ્પેશજી ઠાકોરે ઉમેર્યું હતુ કે, વડગામ-છાપી પોલીસ મથકો દ્વારા દારૂબંધીનો કડક અમલ નહિ કરાવવામાં આવે તો મારે જાતે જનતા રેડ કરવી પડશે. ગુજરાતમાં તમામ સમાજ વ્યસન મુક્ત બન્યા છે. વિધાનસભાની અંદર ગૃહ મંત્રી ઉપર બુટ ફેંકાયું તે બાબત નિંદાને પાત્ર છે. પાડા અને આખલાની લડાઈમાં ભાજપવાળાએ યુવા મોરચાનું એક બકરીનું બચ્ચું રમતું મુકયું છે. તેથી હાથના કર્યા હૈયે વાગ્યા છે. પ્રજાના આક્રોશને વર્તમાન સરકારે સ્વીકારવો પડશે. સહન કરતાં શિખવું પડશે ગુ-જરાતમાં હજુ સુધી દારૂબંધીનો કડક અમલ થતો નથી જેના સરકાર પરિણામો ભોગવવા પડશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન રમેશજી વી. ઠાકોર, મુકેશભાઈ ભરવાડ, ડૉ.જગદીશ એફ. ઠાકોર, ભરતજી ઠાકોર, પ્રવિણજી આર. ઠાકોર વગેરે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રદેશ પ્રમુખ ધાન્ધાર પ્રદેશમાં પ્રવેશ્યા ત્યારે પાંચસોથી વધુ બાઈક સવારો, બગી, ગાડીઓ દ્વારા શાહીસવારી દ્વારા ભવ્ય સામૈયુ કરાયું હતું. પ્રાર્થના-દિપપ્રાગટય બાદ ઠાકોર સમાજ સહિત લુઘમતી સમાજ, બક્ષીપંચ સમાજ, દલિત સમાજ, એસટી સમાજ, ચૌધરી સમાજ વગેરે દ્વારા પ્રતિક, તલવાર, પાઘડી, સાલ, ફુલહાર દ્વારા અલ્પેશજી ઠાકોરનું વિશિષ્ટ સન્માન કર્યું હતું.

ઠાકોર સમાજના વડગામ તાલુકામાંથી વિજેતા બનેલ સરપંચો, ઉપસરપંચો, સભ્યોનું પ્રમાણપત્ર, ફુલહાર વડે સન્માન કર્યું હતું. વડગામ તા.ઠાકોર સેના પ્રમુખ દિનેશજી ઠાકોર, સોમાજી ઠાકોર, હેમરાજજી ઠાકોર, અશોકજી ઠાકોર, સંજયજી ઠાકોર, જયંતીજી ઠાકોર, સુરેશજી ઠાકોર, માવજીજી ઠાકોર, પ્રવિણજી ઠાકોર, બચુજી ઠાકોર, નરેશજી ઠાકોર, બબાજી ઠાકોર, રામાંજી ઠાકોર, દિનેશજી ઠાકોર, ધનજીજી ઠાકોર વગેરે તમામ પદાધિકારીઓ, સમાજના આગેવાનો કાર્યકરોએ કાર્યક્રમ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

### બટાટામાં મંદીના...

પાના નં.૮ ચાલુ

પણ છેલ્લા કેટલાક સમયથી આ બધા પાકોના ભાવોમાં જોવા મળતી સ્થિરતાના કારણે હવે ઉનાળુ સિઝનમાં બાજરી અને મગફળીનો પાક વધારે પ્રમાણમાં વાવતા હોય છે. ગત વર્ષે પણ ઉનાળુ મગફળીના મળેલા સારા ભાવોના કારણે તેમજ બટાટાના ભાવ ઓછા મળતા મગફળીનું વાવેતર વધે એવી શક્યતાઓ હાલ દેખાઈ રહી છે. જેથી બજારોમાં ખેતીના સ્ટોર પર ઉનાળુ મગફળી બિયારણ કટ્ટાઓના ઢગ ખડકાયા છે અને ખેડુતો મોટાપાયે મગફળી બિયારણ ખરીદી કરી લઈ જઈ રહ્યા છે.

ડીસા તાલુકામાં મગફળીનું ઉત્પાદન ખુબ સારુ થાય છે. ઉનાળુ મગફળીમાં ઉંચા તાપમાનના કારણે રોગચાળો કે અન્ય જીવાતનો ભય ઓછો રહે છે. જેથી ચોમાસુ મગફળી કરતાં ઉનાળુ ઉત્પાદન ખુબ સારૂ જોવા મળે છે. ત્યારે ડીસા પંથકના ખેડૂતો મગફળીના બિયારણની ખરીદી કરી રહ્યા છે. ગત વર્ષ જેટલા જ બિયારણના ભાવ જળવાઈ રહ્યા છે. ત્યારે ઉનાળુ સિઝનમાં ડીસા સહિત જિલ્લામાં મગફળીનું વાવેતર વધે તેવી શક્યતાઓ દેસાઈ રહી છે.

### પાલનપુર મુકામે...

પાના નં.૩ ચાલુ

ધારાસભ્યો સર્વ પરબતભાઈ પટેલ, ગોવાભાઈ દેસાઈ, જોઈતાભાઈ પટેલ, મણીભાઈ વાઘેલા, મહેશભાઈ પટેલ, કાન્તીભાઈ ખરાડી, ધારશીભાઈ ખાનપુરા, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, કલેક્ટરશ્રી જેનુ દેવન, જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત નિયામક પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખઓ, જિલ્લા આયોજન અધિકારી પટણી, તાલુકા વિકાસ અધિકારીઓ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જશવંતગઢ ખાતે...

પાના નં.૩ ચાલુ

આ પ્રસંગે એચ ડી પટેલ વિદ્યાલય ની દીકરીએ બેટી બચાવો નો સંદેશ આપ્યો હતો તો જિલ્લા પંચાયત ના પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવતે જણાવ્યું હતું કે "પહેલું સુખ તે જાતે નર્યા " જે બાળપણ થી જ શરુ થાય છે ,ત્યારે સરકાર જન્મ પહેલા થી લઈ પૌઢ વ્યક્તિ સુધી ની આરોગ્ય લક્ષી યોજનાઓ બનાવી છે ,અને દરેક કદમ પર સરકાર લોકો ની સાથે રહી છે ,તેમને બાળકોને પેકેટ આહાર કરતા પૌષ્ટિક અને ઘરે બનાવેલી રોટી શાકભાજી આરોગવાનો આગ્રહ રાખવાની સલાહ આપી હતી ,આ પ્રસંગે આરોગ્ય ચકાસણી કેમ્પ રખાયો હતો ,તો સ્થાનિક પી એચ સી ના ડો હિતેશ પ્રજાપતિ ,તલાટી કમ મંત્રી ,આયુષ માંથી ડો વિનુભાઈ પટેલ ,ડો મનીષ નાયક વગેરે ઉપસ્થિત રહ્યા હતા ,તો આ આરોગ્ય પ્રચાર કાર્યક્રમ માં પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના પત્રકારત્વ વિભાગ ના કો ઓર્ડીનેટર ભરત ચૌધરી અને વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

### રહેવાલાયક શહેરની...

પાના નં.૩ ચાલુ

સ્વચ્છ ભારત અભિયાન, સ્માર્ટસિટી અને ડીજીટલ ઈન્ડિયા જેવા પ્રોજેક્ટ મામલે અમદાવાદ શહેરને ૨.૭ પોઈંટ મળવા પામ્યા છે. જયારે હૈદરાબાદને આ મામલે ૭.૫ પોઈંટ મળ્યા છે. વોર્ડ લેવલ પ્લાન મામલે દિલ્હી અને ભુવનેશ્વર મેદાન મારી ગયા છે.કેમકે દેશમાં માત્ર આ બે શહેરોમાં જ વોર્ડ લેવલ પ્લાનિંગ સિસ્ટમ અમલમાં છે. અમદાવાદમાં નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે કોંપ્રીહેન્સીવ રિડ્રેસલ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. આ સિસ્ટમના અમલીકરણ અંગે અમદાવાદ શહેરને ૩ પોઈંટ મળવા પામ્યા છે.

## આકાશને આંબી જાશુ !

(રાગ : તમે મને મુકીને વરસ્યાં)

અમે મન મુકીને ભણશું, દુનિયામાં નવું કંઈ કરશું
નિત સવારે વહેલા ઉઠશું, કર દર્શન કરી હરી સ્મરશું
પગ મુકતાં ધરતીને નમશું, પછીમાતા પિતાને નમશું...
વનરાજીને નીલકંઠ કહેશું, એનું પર્ણ કદી ના ચૂંટશું
નીત જળથી સિંચતા રહેશું, ધરા ઉપવન સજતા રહેશું !
દીન દુઃખીયાની સેવા કરીશું પર દુઃખે દુઃખી થઈ રહેશું
છતાં નામની તમા નહીં કરશું, સૌ હળી મળીને જીવશું !
દેશ ભારતને મહાન કરશું, આકાશને આંબી જાશું !
કોઈ આંખ ઉઠાવે અમ દેશે, એને દિલથી જીતી લઈશું..! અમે

મંગુભાઈ એમ.પ્રજાપતી
(મંડાલી)

## કજીયાળી નાર

ન દેજે તું કજીયાળી નાર
માગું મહાદેવ એક વરદાન
આખો દિવસ કંકાસ કર્યા કરે
નિરાંતે ન દે ધરાઈને ખાવા ધાન
છોકરા હાટુ ઝગડા માંડે
પડોશીયોને સુવા ન દેતી
મહી માગણ નો આવે દ્વાર
ન દે કોઈને મુઠી જાર
હૈયે જેના ના હોય કોઈ ઘા
કરે એ સીધા વેલણના ઘા
ધણીને રાખે વસમા કેવો
સાવજ જાણે સસલા જેવો
માદેવ કરજે મુજ પર મેર
દુર રાખજે આવું ઝહેર

સંકલન : પ્રભુ સી.જેપુ (પ્રચાંદ)
ડેડાવા

## નથી ગમતું

કદી વાતે કોઈ ઉપકાર વશ થાવું નથી ગમતું
મને મંજુર મૃત્યુ આમ મુંઝાવું નથી ગમતું
વિધાતાએ લખેલું ભાગ્ય તો મંજુર છે કીંતુ
રહી નિષ્કામ મુજને ભીખનું ખાવુ ંનથી ગમતું
ધરી દઈએ અમે માથું ફનાની માણીએ લીજ્જત
કરીને જી હજુરી રોજ શરમાવું નથી ગમતું
વદન પર સ્મીત હો દીલમાં ભલે હો દર્દને પીડા..
જરાએ આંખનું મુજ કયાંય છલકાવું નથી ગમતું
અમે તો આ ધરા પર સ્નેહનો સંદેશ લઈ આવ્યા
કે નફરત થઈને યુસુફ કયાંય ફેલાવુ ંનથી ગમતું

યુસુફ ગુંજાવી

## તરસે છે નેન રાતદિવસ કયારે આવશો ?

તરસે છે નેન રાતદિવસ કયારે આવશો ?
મૃગજળ ના બની જાય તરસ કયારે આવશો ?
એક જ મિલનમાં આવાગમન પૂર્ણ થઈ જશે,
એક જ મિલન કહી દો કે બસ, કયારે આવશો ?
જીવી રહ્યો છું એમ દિવસ-રાત યંત્રવત્
જાણે નથી જીવનમહીં કસ, કયારે આવશો ?
બંડખોર થઈ ગયો છે સમય, આપના વિના
પ્રત્યેક પળ બની છે વરસ, કયારે આવશો ?
એકલતા શૂન્યને ખૂબ સાલે છે આપ વિણ,
કાપે છે રોઈ રોઈ દિવસ, કયારે આવશો ?

- શૂન્ય પાલનપુરી

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૨૫૦૦-૪૩૦૦૦**
રૂપુ કાચું ૪૨૫૦૦-૪૩૦૦૦
સોનુ તોલો ૨૯૨૦૦-૨૯૫૦૦
**તેલ બજાર**
રાધે પામોલીન ૧૦૦૦
પામોલીન ૯૬૦
સોયા રીફાઈન ૧૨૭૦
રાયડાતેલ ૧૫કી૧૨૩૦
સીંગતેલ૧૫ લી. ૧૬૭૦
સીંગતેલ ૧૫ કી.૧૬૮૦
સીગતેલ ૫ લી. ૫૨૦
તિરૂપતી કપા. ૧૨૫૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૧૦૦
રા.રીફાઈન્ડ ૧૯૫૦
કોપરેલ ૧૫ કિલો ૨૧૫૦
૫ કે. કોપરેલ ૮૦૦
૫લી. અંકુર સીંગતેલ ૫૨૦
**૧૫ લીટર સનફલાય ૧૨૬૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૭૦
૫ લી. ૩૯૦
૨ લી. ૧૫૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૩૯૦૦
ગેટવે ડેઈલી ૩૪૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૯૫૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૬૫૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૬૬૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૬૮૫૦
ઈ.ગેટતીબાર ૧ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૬૨૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૬૪૫૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૬૫૦૦
દુન પ્રીમીયમ ૭૨૦૦
દુન તીબાર ૨૫ કી.૬૬૦૦

દુન તીબાર ૧૦ કી.૭૦૦૦
દુન તીબાર ૫ કી. ૭૩૫૦
દુન તીબાર ૧ કી. ૭૪૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૬૧૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૬૫૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૪૫૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૩૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૦૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૫૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૬૫૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર ૭૨૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૮૫૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૬૫૦૦
લાલ કિલ્લો દુબાર ૫૨૦૦
લાલ કિલ્લો મોગરો ૪૨૨૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૦૦૦
હેરીટેજ તીબાર ૬૫૦૦
હેરીટેજ દુબાર ૫૦૦૦
હેરીટેજ મીની દુબા ૪૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦

મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૮૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૮૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૭૪૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૧૦૦**
**ખાંડ એમ. ૪૧૫૦**
ખાંડએલ. ૪૧૫૦-૪૨૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦

વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૫૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૫૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૦૦
સુકી ડુંગળી ૧૨૦-૧૪૦
લસણ ૧૨૦૦-૧૩૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૨૪૦-૩૦૦
લીબુ ૮૦૦-૯૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૫૦૦-૬૦૦
રીંગણ ૨૦૦-૩૦૦
ટામેટા ૧૬૦-૨૪૦
ભીંડા ૬૦૦-૭૦૦
કોબી ૧૦૦-૧૪૦
વટાણા ૨૪૦-૩૦૦
ટીંડસા ૪૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૦૦-૧૩૦
સાંગા બટાકા ૭૦-૧૦૦
ફુલાવર ૧૨૦-૨૦૦
ચોળી ૪૫૦-૮૦૦
લીલું લસણ ૬૦૦-૭૦૦
લીલા ચણા ૬૦૦-૬૫૦

## મારી પાઠશાળા

પાઠશાળામાં પઢે ટાબરીયાં, ગુરૂ લવજીભાઈ હતા
ધનજીભાઈને કાંતીભાઈ, ભણાવે હોંશે સાહેબ ઘણા !
ભણી ગણીને તેજસ તારા ને વહાવી છે અમૃત ધારા
હેમરાજભાઈ ગોળીયા વાળા મોટા મને બા દલા કાળા
દેવાજી ને ભેમાજી વળી મોડજી રાઠોડ મોરાલે મીઠા
દુતાજી ડગલાં ભરતા, વિરમાજી અમે બોર્ડમાં દીઠા !
કલાજી તે રાજસ્વ બિરાજે, ને ઉંચા વિરાજે આંબાભાઈ
ઈશ્વર મોતીજી શેઠ મોટા, નાણાંના નથી તેમને તોટા !
એવા તો વળી અનેક છે રૂડા રામભાઈ ને દલાભાઈ
કાંનાભાઈ કુડાના સાહેબ સાથે સાહેબ છે દાંનાભાઈ !
બંધુબેલડી મહેશ કીશોર તાત કાંતીરામ ત્રિવેદી
નામ ઉજાળ્યું શાળા તણું, જસરાના વધાર્યા જશ તમે !
ગીતાજીની કુખે જન્મ્યા ભલે ફુંક મારો ને પથરા હલે,
કોર્ટ કચેરીને રાજકાજમાં લીંક છે મોટી ખુબ ભલે !

મશરૂ પ્રજાપતી

## હાઈકુ

શેઢા વચમાં દાતરડું, સૂર્યના કીરણ વાઢે
ઘુઘવે પાણી નદી નીતરે, આંખે ખેતર ભણી
ફુલગુલાબી નજર પાણીયારે, ચુવા ઉલેચે !
શેરી વચનમાં માણસ બાઝે : શ્વાન ઉંઘે નીરાંતે
સ્મરણો ભીનાં, નેણે નીતરે મન અષાઢ કોરો
તું કલા શ્વેત હું કવિ અશ્વેત, તો કોણ નિસ્તેજ ?
વન્યપ્રદેશે લાકડી ટેકે વૃદ્ધ જીંદગી શોધે

મંગળ રાવળ સ્નેહાતુર

## ફાઉન્ડેશન સુધારીએ

દેશ આખાનું બગડી ગયેલુંઆ લોકેશન સુધારીએ
આવો યારો હાથ મીલાવો ફાઉન્ડેશન સુધારીએ..
એમ.એ.બી.એડ.હાકે રીક્ષા પીએચડીને મળે ન ભિક્ષા
ટયુશન ફીથી કથળી ગયેલું એજ્યુકેશન સુધારીએ..
ફ્રેન્ડશીપના બહાના આગળ થાય ઉઘાડા પર્દા પાછળ
પ્રેમને અભડાવે એવી, ખોટી ફેશન સુધારીએ..
વેદને ગીતા કોઈ ન વાંચે, વરવી વાતોમાં સૌ રાચે
સંસ્કારોના ગળાં દાબતાં પબ્લીકેશન સુધારીએ..
સચ્ચાઈનું ગીત નથી આ સાચું કેં સંગીત નથી આ
બેસુરૂનું બેતાલું છે આ નોટેશન સુધારીએ..
ઉપર પ્રેમને અંદર નફરત, મીઠો માણસ ઝેરનું શરબત
માણસના ચહેરા પરનું લેમીનેશન સુધારીએ
વેરઝેરમાં જીવે માણસ એકબીજાથી બીવે માણસ
સાંઈ ચાલો આખે આખું ઈન્સ્ટોલેશન સુધારીએ

સાંઈરામ દવે

## આઈના

યા, રબ મેરે સિનેમેં મોમકા દિલ કયું બનાયા ?
દેખકર દુનિયા કે, જલ્લાદોં કી બુરી તાસિર
તબ મોમ પીગલકર આંસું બનકર ટપકતા હૈ
મેને હર નજરકો ફુલોકીં નજરોં સે દેખા હૈ
ઉન્હોને મેરી હર રાહ મેં કાંટે બિચ્છાએ રખા હૈ
ઈનામ બેચકર જુઠ બાલેકર જર-જાયદાદ કમાયા
આખીર શહેરે-ખામોસ મેં અપને કદપે સમાયા
જીતે જી ઔર કે કામ ન આયા અપની કરની પે ન રોયા
અંત-ઘડી મેં કરવટ બદલકર શેનેસે ક્યા ફાયદા
નજાકત ઉલઝનોં મેં ફંસકર સો ગયા થા
મૌત કી આહટને આકર અચાનક જગા દિયા
બહુત દેર હો ચુકી થી, અબ રોને સે ક્યા ફાયદા ?
ક્યા મત અંધેરા પલકોં પે છા ગયા
રુહ-જિસ્મ સે જુદા હોને કી ઘડી નજદીક આ ગાઈ
રોશની બુઝને સે પહલે યા રબ યા મેરે આકા ?
એક ગુજારીશ હૈ થોડી સી જિન્હે કી મોહલત ઓર દેદો
તાકિ ગુનાહોં કી ચાદર કો ઈબાદત સે ધો-દુ

શાંતિલાલ ડી.કણેરિયા
ધાનેરા

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ........................................................
મોકલનારની સહી : ............................................

Website : www.rakhewaldaily.com E-mail : rakhewal@gmail.com

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ

શનિવાર ૪ માર્ચ ૨૦૧૭ (૭)

# રાધનપુરમાં ગાયત્રી પરિવાર દ્વારા પ્રજ્ઞા પુરાણ કથા યોજાશે

(પ્રતિ.) રાધનપુર

રાધનપુરમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા આજથી શનિવારથી શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથાનો શુભારંભ થશે. જે તા.૭ માર્ચને મંગળવાર સુધી ચાલશે. શ્રી વેદાંત બંગ્લોઝ, અંબિકાનગર રોડ ઉપર યોજાનાર આ કથાના બીજા દિવસે રવિવારે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે આઠ વાગે રાખવામાં આવ્યો છે. જેમાં મુખ્ય અતિથીવિશેષ તરીકે મામલતદાર ભીખાભાઈ પટેલ અને માર્કેટયાર્ડના ચેરમેન અમથાભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. જયારે તા.૮ માર્ચના રોજ બુધવારે વિશ્વ મહિલા દિવસ પ્રસંગે રાધનપુર ગાયત્રી પરિવાર મહિલા મંડળ દ્વારા મહિલા સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું છે. કળિયુગથી સતયુગ તરફ યુગ જઈ રહ્યો છે ત્યારે મહિલાઓની સંવેદનાઓ અને ભાવનાઓ સતયુગ તરફ પ્રેરાય એ માટે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. આ પ્રસંગે પ્રખર વકતા પ્રજ્ઞાપુત્રી પલકબેન નિરંજનભાઈ જોષી સમય અને સાધના અંગે તેમજ પ્રજ્ઞાપુત્રી મમતાબેન પંડીત આ યુગમાં મહિલાઓની જવાબદારીઓ વિષય ઉપર ધર્મસભર પ્રવચન આપશે.

# રાધનપુર તાલુકા ભાજપ કિસાન મોરચામાં વરણી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ તરીકે ચૌધરી માવજીભાઈ હીરાભાઈ અને મહામંત્રી તરીકે રાવલ પ્રવિણભાઈ દશરથભાઈની વરણી કરવામાં આવી છે, જેને તાલુકા ભાજપના તમામ અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા સહર્ષ વધાવી લેવામાં આવી હતી.

# રાધનપુરના અરજણસર ગામે સફાઈ અભિયાન

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના અરજણસર ગામના નવા ચૂંટાયેલા સરપંચ ગણેશભાઈ જીવાભાઈ ચૌધરીની નેમ હતી કે આખાયે ગામને સ્વચ્છ કરવું. જેના ભાગરૂપે ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા સદસ્યો અને ગ્રામજનોને સાથે રાખીને ગામના ખૂણે- ખૂણે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો, બાળકો અને અગ્રણીઓએ પણ ભરપૂર સહયોગ આપ્યો હતો અને હાથમાં સાવરણા, ઝાડુ લઈને ખૂણે- ખૂણે સફાઈ કરવામાં આવી હતી.

# મેથાણમાં સાસરીયાના ત્રાસથી પરિણીતાએ આપઘાત કરતાં ચકચાર

પાટણ

પાટણ તાલુકાના મેથાણ ગામે એક પરિણીતાએ સાસરીયાના ત્રાસથી આપઘાત કરતાં પરિણીતાના પિયર પક્ષના સભ્યોએ સાસરીયા વિરૂધ્ધ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે.

આ અંગે કાકોશી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં ઠાકોર કડવાજી જેસંગજી (રહે. ડાભી, તા. ઊંઝા) ની પુત્રી વર્ષાના લગ્ન મેથાણ ગામે રહેતા ઠાકોર બચુજી બળવંતજી સાથે થયા હતા.

ત્યારે પતિ બચુજી વર્ષાબેનને વારંવાર શારિરીક માનસિક ત્રાસ આપતો હતો અને કહેતો કે તારા બાપના ઘરેથી પૈસા લઈ આવ કહી મારઝુડ કરતો હતો. જેથી કંટાળીને વર્ષાબેને ગત મંગળવારે ઘરમાં ગળે ટુંપો ખાઈ આપઘાત કર્યો હતો.

# વિવિધ બજાર ભાવ

**ડીસા**

| | |
|---|---|
| બાજરી | ૨૯૫-૩૨૫ |
| એરંડા | ૭૭૦-૮૦૦ |
| રાયડો | ૬૫૧-૬૮૧ |
| ગવાર | ૬૮૫-૭૦૦ |
| રાજગરો | ૭૨૧-૮૨૧ |
| મગફળી | ૭૨૧-૯૧૫ |
| જીરૂ | ૨૯૦૦-૨૯૧૧ |

**ભીલડી**

| | |
|---|---|
| એરંડા | ૭૮૦-૭૯૦ |
| રાયડો | ૬૦૦-૬૮૧ |
| બાજરી | ૨૭૦-૨૯૨ |
| ગવાર | ૬૬૯-૭૦૭ |
| રાજગરો | ૭૧૧-૭૯૨ |
| જીરૂ | ૨૮૦૦-૨૯૫૨ |
| સરસવ | ૭૭૬ |

**પાલનપુર**

| | |
|---|---|
| ઘઉં | ૩૨૫-૪૦૫ |
| બાજરી | ૨૯૫-૩૧૭ |
| ગવાર | ૬૪૫-૬૯૬ |
| એરંડા | ૭૬૦-૭૯૨ |
| રાજગરો | ૬૮૦-૭૯૫ |
| રાયડો | ૬૨૧-૬૯૪ |
| વરી. | ૧૦૨૧-૨૬૫૧ |
| રાજગરો | ૭૦૦-૮૩૬ |
| જવ | ૩૧૫-૩૧૭ |
| ખાદ્યજીરૂ | ૩૦૦૦-૩૦૫૫ |

**વડગામ**

| | |
|---|---|
| ઘઉં | ૩૬૦-૪૦૦ |
| એરંડા | ૭૭૮-૭૮૨ |
| રાયડો | ૬૫૧-૬૮૦ |
| રાજગરો | ૭૦૦-૭૬૧ |
| ગવાર | ૬૬૦-૭૦૧ |

**ધાનેરા**

| | |
|---|---|
| ઘઉં | ૩૨૧ |
| એરંડા | ૭૩૦-૭૮૭ |
| મગ | ૮૧૦-૮૨૦ |
| ગવાર | ૬૫૦-૬૮૮ |
| અસાળીયો | ૯૭૦ |
| રાયડો | ૬૫૦-૭૦૬ |
| બાજરી | ૨૯૦-૩૨૧ |
| તલ | ૧૨૩૫-૧૨૯૦ |
| રાજગરો | ૬૫૧-૭૯૪ |
| જીરૂ | ૩૧૮૪-૩૨૭૫ |
| સરસવ | ૬૭૧-૮૦૦ |
| મેથી | ૬૦૦ |
| બીજડા | ૯૭૦ |
| ઈસ. | ૨૧૦૦ |

**લાખણી**

| | |
|---|---|
| એરંડા | ૭૭૧-૭૮૮ |
| રાયડો | ૬૫૦-૭૧૪ |
| ગવાર | ૬૯૨-૭૦૦ |
| રાજગરો | ૭૩૮-૭૮૭ |
| બાજરી | ૩૦૫-૩૦૯ |
| ર.બાજરી | ૩૦૬-૩૧૬ |

**થરાદ**

| | |
|---|---|
| એરંડા | ૭૭૫-૭૮૬ |
| રાયડો | ૬૬૦-૭૦૭ |
| જીરૂ | ૨૩૦૦-૩૩૨૫ |
| મગ | ૭૨૧-૮૧૫ |
| ઈસ. | ૨૦૫૦ |
| બાજરી | ૨૯૩-૩૦૦ |
| મઠ | ૫૦૦-૫૪૫ |
| મેથી | ૬૫૧-૭૬૧ |

**રાહ**

| | |
|---|---|
| એરંડા | ૭૭૫-૭૮૩ |
| રાયડો | ૬૮૫-૭૦૦ |
| બાજરી | ૩૦૦-૩૨૫ |

**સિદ્ધપુર**

| | |
|---|---|
| એરંડા | ૭૬૦-૭૯૪ |
| રાયડો | ૬૦૦-૭૧૩ |
| અડદ | ૯૨૬-૧૦૫૨ |
| ગવાર | ૬૫૦-૭૦૦ |
| ઘઉં | ૨૬૩-૪૨૫ |
| બાજરી | ૨૧૦-૩૧૫ |
| જુવાર | ૩૫૫-૪૮૬ |
| કપાસ | ૯૫૦-૧૧૬૭ |

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૨૫૫૦-૩૨૦૦ |
| એરંડા | ૭૭૭-૭૮૫ |
| અડદ | ૮૫૦-૯૧૦ |
| રાયડો | ૬૫૦-૬૮૦ |
| વરી. | ૧૧૫૦-૧૨૦૦ |
| ઘઉં | ૨૯૦-૩૬૬ |
| બંટી | ૩૫૦-૪૦૮ |
| રજકા બા. | ૨૮૫-૨૯૨ |
| જુવાર | ૩૮૦-૪૫૦ |
| ગવાર | ૬૬૦-૬૯૫ |
| બાજરી | ૨૮૪-૩૦૮ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૨૪૦૦-૩૧૪૨ |
| વરી. | ૧૦૭૦-૧૪૪૪ |
| મેથી | ૪૬૦-૬૮૦ |
| રાયડો | ૬૩૫-૭૫૧ |
| એરંડા | ૭૭૦-૭૯૭ |
| ગવાર | ૬૭૦-૭૦૫ |
| ઘઉં | ૨૯૫-૩૪૧ |
| બાજરી | ૨૯૦-૩૧૦ |
| બંટી | ૩૦૦ |
| મગ | ૮૨૨ |
| રજકા બા. | ૨૮૦-૩૦૭ |
| જુવાર | ૪૫૦-૪૬૬ |
| અડદ | ૮૫૦-૧૦૫૧ |
| તલ | ૧૧૦૦-૧૧૫૧ |
| કપાસ | ૮૫૦-૧૧૮૫ |

# પાટણ ખાતે ડીસ્ટ્રીકટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ કમીટી (દિશા)ની સમીક્ષા બેઠક યોજાઇ

પાટણ

પાટણનવા સર્કીટ હાઉસ ખાતે ડીસ્ટ્રી કટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડટ મોનીટરીંગ કમીટી (દિશા)ની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં પાટણના સાંસદશ્રી લીલાધરભાઇ વાઘેલા, રાજયસભાના સાંસદશ્રી દિલીપભાઇ પંડયા, જિલ્લાો પંચાયતના પ્રમુખ શ્રીમતી પશીબેન ઠાકોર, જિલ્લો વિકાસઅધિકારીશ્રી રાજેશ રાજયગુરૂ ઉપસ્થિ ત રહયા હતા.

આ બેઠકમાં આ અગાઉ યોજાયેલ જિલ્લાી કક્ષાની વિજીલન્સઘ અને મોનીટરીંગ કીમીટીની કાર્યવાહી નોંધ વંચાણે લઇ બહાલી આપવામાં આવી હતી. ગત બેઠકમાં ભૌતિક અને નાણાંકીય પ્રગતિ અંગેની જુદા જુદા વિભાગો દ્વારા થયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં મહાત્માસ ગાંધી રાષ્ટ્રી ય ગ્રામીણ રોજગાર, ઇન્દીનરા આવાસ યોજના, સ્વિચ્છર ભારત, મિશન મંગલમ, જિલ્લાા જળસ્ત્રાષવ વિકાસ, આરોગ્યપ વિભાગ, આઇસીડી એસ, દુધ સંજીવની યોજના, સોઇલ હેલ્થ્ કાર્ડ, પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, ઇ-ગ્રામ, સર્વ શિક્ષા અભિયાન, રાષ્ટ્રી ય ગ્રામીણ પેયજળ, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વસચ્છ, ભારત મિશન શહેરી, અમૃત મિશન યોજના, પ્રધાનમંત્રી ઉજવલા યોજના, મધ્યાહન ભોજન યોજના, દેના આરસેટી, વીજ કંપનીની ઉદય યોજનાની સમીક્ષા કરવામાં આવી હતી.

સાંસદ લીલાધરભાઇ વાઘેલાએ બાકી રહેલ કામગીરી ઝડપથી પુરી કરવા અને યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તેવું આયોજન કરવા અધિકારીઓને જણાવ્યું હતું. રાજયસભાના સાંસદશ્રી દિલીપભાઇ પંડયાએ વિકાસ કામગીરીમાં અવરોધરૂપ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ના નિયામકશ્રી ડી.એલ.પરમાર, નાયબ ડી.ડી.ઓ. વ્યાસ, તાલુકાના પદાધિકારીઓ, સબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિઅત રહયા હતા.

# મેઘરજના ઝેરીવાડા પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

હિંમતનગર

રાજયમાં વિદેશી દારૂ ઘુસાડવાના બુટલેગરો દ્વારા અવનવા નુસખાઓ અપનાવવાના બનાવો દિનપ્રતિદિન વધી રહયા છે ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ઝેરીયાવાડા ગામેથી રવિવારના રોજ સાડા એક વાગ્યાના અરસામાં ઈસરી પોલીસે મુદ્દામાલ સહિત રૂા.૪,૪૪,૪૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે.

મળતી માહિતી અનુસાર ઝેરીયાવાડા પાસેથી અશોક લેલન દોસ્ત નં. જીજે ૧ સીઝેડ ૯૯૯૫ માં વગર પાસ પરમીટનો જુદી જુદી બ્રાન્ડનો લઈ જવાતો વિદેશી દારૂ ઈસરી પોલીસે ઝડપી પાડી બીયર તેમજ ઓફિસર ચોઈસની બોટલ ૩૯૬ નંગ કિંમત રૂ.૪૪૪૦૦નો વિદેશી દારૂ તથા ૪ લાખ કિંમતનો અશોક લેલન દોસ્ત ડાલુ મળી ઈસરી પોલીસે મુદ્દામાલ સહિત રૂ.૪,૪૪,૪૦૦નો દારૂ ઝડપી પાડી જીજે ૧ સીઝેડ ૯૯૯૫ ના ચાલક સામે ગુજરાત સરકારના નવા સુધારાની પ્રોહિબીશન એકટની કલમ ૬૫ એ.ઈ. તથા ૧૧૬ બી મુજબ ગુન્હો નોધી ઈસરી પી.એ.આઈએ આગળની વધુ તપાસ હાથ ધરી છે

# પાટણમાં જલારામ મંદિર નજીકની કેનાલમાં ગંદકી ઠલવાતા સોસાયટીઓના રહીશોમાં રોશ

પાટણ

પાટણ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલી કેનાલ પોતાની નહીં હોવાનું જણાવી સિંચાઈ ખાતું અને નગરપાલિકા એકબીજાની સામસામે આવી ગયા છે, જેના કારણે કેનાલ રોડ પરથી ૧૫ થી ૨૦ જેટલી સોસાયટીના રહીશો કેનાલની ગંદકીમાં જીવવા મજબૂર બન્યા છે.કેનાલના અસ્તિત્સવથી લઈને અત્યાર સુધી બંને સરકારી એકમોને કેનાલનો રેકોર્ડ નહિં મળતાં કબજો લેવા તૈયાર નથી.

પાટણ નગરપાલિકા વિસ્તારમાં જલારામ મંદિરથી ટેલિફોન એક્સચેન્જ આગળ જતાં પસાર થતી મસમોટી કેનાલ સ્વચ્છ ભારત મિશનના દાવા વચ્ચે ભારે ગંદકીથી ખદબદી રહી છે. અંદાજે ૭૦૦ મીટરથી વધુ લંબાઈ ધરાવતી કેનાલની આસપાસ ૧૫ થી ૨૦ સોસાયટીઓ આવેલી છે અને ૧૦ હજારથી વધુ નગરજનો વસવાટ કરી રહ્યા છે. આમ છતાં ઘેર ઘેર કચરો લઈ સંતોષ માનતી પાલિકા કેનાલ પોતાની નહિં પરંતુ સિંચાઈ વિભાગ હેઠળ આવતી હોવાના ગાણા ગાય છે.

હકીકતમાં કેનાલ રોડ પાલિકા મત વિસ્તારમાં આવેલ છે. પરંતુ માત્ર કેનાલ પુરતી જ વાત કરીએ તો રેકર્ડના અભાવે નગરપાલિકા તથા સિંચાઈ ખાતુ નક્કી કરી શક્યા નથી. કે કેનાલ કોની? ભલે ગમે તેની કેનાલ હોય પરંતુ ગંદકીની સફાઈ કરવી જોઈએ તેવું અહીંના રહીશોનું માનવું છે.

# સિધ્ધપુર વિધાનસભા વિસ્તારમાં ૫ કરોડના ખર્ચે નવીન રોડ અને બોક્ષ કલવર્ટ બનશે

સિધ્ધપુર

સિધ્ધપુરના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, મત વિસ્તારના નાગરિકોની રજૂઆતના પ્રશ્ને તેઓએ સરકારમાં અસરકારક ધ્યાન દોરી માર્ગ અને મકાન વિભાગમાં નવીન રોડ અને બોક્ષ કલવર્ટ મંજુર કરાવી જોબ નંબરની ફાળવણી કરાવેલ છે.

ધારાસભ્યના જણાવ્યા મુજબ સેંહસા- જાફરીપુરા થઈ ડીંડરોલ સુધીનો ૩.૫૦ કિ.મી. લંબાઈનો રોડ રૂા. ૧૮૯ લાખના ખર્ચે, સેદ્રાણાથી ધારેવાડા સુધીનો ૨.૫૦ કિ.મી. લંબાઈનો રોડ ૧૧૩.૫૦ લાખના ખર્ચે, સરસ્વતી તાલુકાના ગણેશપુરાથી ગોવનીયા સુધીનો ૨ કિ.મી. રોડ ૧૧૮.૨૫ લાખના ખર્ચે તેમજ મેત્રાણા- કાકોશી- મેથાણ- મુડવાડા રોડ ઉપર કાકોશી ગામે રૂપિયા ૨૨ લાખના ખર્ચે બોક્ષ કલવર્ટ અને સિધ્ધપુર- ગણેશપુરા- ઠાકરાસણ- નાંદોત્રી- વરસીલા રોડ ઉપર નાંદોત્રીમાં બોક્ષ કલવર્ટ રૂપિયા ૬૦ લાખના ખર્ચે બનાવવા નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે જોબ નંબર ફાળવણી કરેલ છે. આ રોડ અને બોક્ષ કલવર્ટ બનતા બન્ને તાલુકાના ગામોના લોકોને અવર- જવરમાં સુગમતા વધશે. આ બાબતે ગ્રામજનોએ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પાલનપુર ડેપોની રાણીપ - સુંધામાતા બસ અમદાવાદના સેન્ટ્રલ બસ મથકથી ઉપાડવા જનતાની માંગ

ઉંઝા

પાલનપુર એસ.ટી. ડેપો સંચાલિત રાણીપ - સુંધામાતા આંતરરાજય બસ સર્વિસને અમદાવાદના મુખ્ય સેન્ટ્રલ બસ મથકેથી ઉપાડવા મુસાફર જનતાની તીવ્ર માંગણી ઉઠી છે.

પાલનપુર એસ.ટી. ડેપો દ્વારા સાંજના સમયે પાલનપુરથી રાણીપ ગુર્જરનગરી સર્વ સર્વિસ ચાલે છે. આ બસ રાતના સાડા આઠ વાગે રાણીપ પહોંચીને રાણીપથી રાત્રે ૧૦-૨૦ કલાકે ઉપડી રાજસ્થાનના સુપ્રસિધ્ધ શકિતપીઠ સુંધામાતા જતી હોય છે. આ બસ લગભગ પોણા બે કલાક સુધી રાણીપ બસ સ્ટેશનમાં પડી રહે છે અને રાત્રિના રાણીપથી સુંધામાતા જતી ગુર્જરનગરી બસ સર્વિસમાં પૂરતા મુસાફરો મળતા નથી. જેથી આવક ઓછી થાય છે. આથી સદર બસને પાલનપુરથી સીધા અમદાવાદ સેન્ટ્રલ બસ મથક સુધી દોડાવીને અહીંથી જ રાત્રે સુંધામાતા જાય તેમ કરવા મુસાફરોની માંગ ઉઠી છે. આમ થાય તો બસમાં ટ્રાફિક મળી રહે અને તંત્રની આવકમાં પણ વધારો થાય તેમ છે. આ બાબતે નિગમના ઉચ્ચ અધિકારીઓએ સત્વરે ઘટતું કરવું જરૂરી છે.

અમદાવાદ એસ.ટી. વિભાગ સંચાલિત રાજસ્થાનથી આંતરરાજય સબ સર્વિસો અમદાવાદ ગીતામંદિર બસ મથકેથી જ ઉપડે છે. જયારે ઉત્તર ગુજરાતના વિભાગોની આંતરરાજય (રાજસ્થાન તરફ જતી બસોને) રાણીપ સુધી ટૂંકાવીને રાણીપથી જ ઉપાડવામાં આવે છે. જેથી આવી બસોમાં ટ્રાફિકનું પ્રમાણ ઘટી જવાની સાથે આવકમાં પણ કાપ મુકાયો છે.

# ભદ્રાડાથી- સાંકરાનો ૩ કિ.મી.નો રોડ પેવર બનાવવા લોકમાંગ

હારીજ

પાટણ અને હારીજ તાલુકાના ગામડાઓને જોડતા ધુળીયા માર્ગના કારણે અનેક લોકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ભદ્રાડાથી સાંકરા સુધીના ૩ કિ.મી.નો કાચો રસ્તો પાકી સડકમાં રૂપાંતરિત કરવામાં આવે તો આ વિસ્તારના અનેક ગામોને ફાયદો થાય તેમ છે.

જાણવા મુજબ હારીજ તાલુકાના સાંકરાથી પાટણ- પાટણ તાલુકાના ભદ્રાડા સુધીનો રોડ પેવર બનાવવામાં આવે તો પીપલાણા, માલસુંદ, સાંકરા, બાદીપુર, ખારીવાવડીથી પાટણ જવા માટેનો ટુંકો માર્ગ અસ્તિત્વમાં આવી શકે, અને આ વિસ્તારમાં અંતરિયાળ ગામોનો પાટણ સાથે સીધો સંપર્ક થવાથી ગામડાઓને શિક્ષણ, આરોગ્ય, વેપારી, રોજગારીની નવી તકો નિર્માણ થાય એમ છે.

ઉપરોક્ત વિસ્તારના લોકોના જણાવ્યા મુજબ ચૂંટણીઓ આવે એટલે રાજકીય આગેવાનો આશ્વાસનો આપે છે. પરંતુ ચૂંટણી પતી ગયા પછી શોધે જડતા નથી.

**વ્યાજબી ભાવની દુકાનો અને રાંધણગેસના એજન્સીઓની ચકાસણીઓમાં ગેરરીતી બહાર આવી**

# મહેસાણા જીલ્લાની ૭ વ્યાજબી ભાવની દુકાનોના પરવાના એક માસ માટે મોકુફ

**રાંધણ ગેસના ૭૨ બાટલાઓ કોમર્શીયલ વપરાશમાંથી ઝડપાયા : જિલ્લા પુરવઠા અધિકારીઃ- ભાર્ગવ પટેલ**

મહેસાણા

મહેસાણા કલેકટર સાહેબના માર્ગદર્શન હેઠળ જિલ્લાના ૧૦ તાલુકાઓમાં જીલ્લા પુરવઠા શાખા તરફથી વ્યાજબી ભાવોની દુકાનોની ક્રોસ ચકાસણી હાથ ધરાયેલ હતી. જેમાં તપાસણી દરમ્યાન ક્ષતી જણાયેલ સાત વ્યાજબી ભાવની દુકાનોના પરવાના એક માસ માટે મોકુફ રાખવાના આદેશો આપી સંબંધકર્તા દુકાનદારોને કારણદર્શક નોટીસ આપી ખુલાસા માંગવામાં આવેલ છે. તેમજ ૧૦ તાલુકાઓમાં રાંધણગેસના ઘરગથ્થુ વપરાશના ૧૪.૨ કે.જી. ના સીલીન્ડરના વ્યવસાયીક ધોરણે ઉપયોગ થતા હોવાની ચકાસણી દરમ્યાન બહાર આવતા ૭૨ જેટલા ગેસ સીલીન્ડર ઝડપી લઈને જિલ્લા પુરવઠા શાખાની ટીમે કાયદેસરની કાર્યવાહી કરી છે.

# વિજાપુરની યુવતીને નોકરી અપાવવા બહાને પ્રેમલગ્ન કરી દુષ્કર્મ આચરતા ફરિયાદ

મહેસાણા

વિજાપુરની યુવતીને ગત દિવાળીના સમયે અમદાવાદના એક ઈસમે હોટલમાં પીરસવાની નોકરી રખાવવાના મામલે પ્રેમલગ્ન નોંધાવવા જરૂરી છે, તેમ કહી નોંધાવીને યુવતી સાથે દુષ્કર્મ આચરી હોવા બાબતની ફરિયાદ વિજાપુર પોલીસ સ્ટેશને નોંધાવા પામી છે. વિજાપુરના સેનમાવાસની એક યુવતીને અમદાવાદના લેઉવા પ્રકાશભાઈ ભવાનભાઈ ગત દિવાળી બાદ યુવતીને સોનાની બુટ્ટી, દોરો, ચાંદીની શેરો, વેઢ, ચાંદીનો ઝુડો અને ચાંદીના પાટલા આપ્યા હતા. તે દાગીનાને પરત લેવા યુવતી અને તેના માતા પિતાએ માંગણી કરી હતી. પરંતુ યુવકે પરત આપ્યા ન હતા. જેથી યુવતી અને તેના માતા-પિતાએ વિજાપુર પોલીસ સ્ટેશનમાં આવી ફરિયાદ નોંધાવી હતી. જેમાં લેઉવા પ્રકાશભાઈ ભવાનભાઈએ યુવતીને અમદાવાદ અમરાઈવાડીની હોટલમાં પીરસવાની નોકરી રખાવા જણાવ્યું હતું. જેમા પ્રેમલગ્ન નોંધાવવા જરૂરી હોઈ તેની સાથે લગ્ન નોંધણી કરાવેલ. બાદમાં તેણીને પ્રકાશભાઈ તેના ભાઈ દિલીપભાઈના ઘરે તેમજ રખીયાદમાં ગત દિવાળીના દિવસોમાં અન્ય કોઈ જગ્યાએ લઈ ગયેલ અને અવારનવાર જબરજસ્તીથી દુષ્કર્મ આચરેલ. જેમાં પ્રકાશનો મોટો ભાઈ દિલીપ તથા તેની માતા સુશીલાબેને મદદગારી કરી હતી.જેથી આ ત્રણે જણા સામે વિજાપુર પોલીસ સ્ટેશને યુવતીએ ફરિયાદ નોંધાવતા પીએસઆઈ આર.એમ. રબારીએ તપાસ હાથ ધરી છે.

# ઉંઝા પોલીસ સ્ટેશન વિસ્તારના ગંજ બજાર અને ગોડાઉનોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા આદેશ

મહેસાણા

જિલ્લા અધિક મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે તેમજ અનિચ્છનીય બનાવો અટકાવવા ઉંઝા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સી.સી.ટીવી કેમેરા લગાવવા આદેશ કર્યો છે.

મહેસાણા જિલ્લાના ઉંઝા પોલીસ સ્ટેશન વિતારના ગંજ બજાર અને તેના ગોડાઉન જેવી અગત્યની જગ્યાઓએ ઉચ્ચ ગુણવત્તાવાળા સી.સી.ટી.વી કેમેરા વીથ રેકોંર્ડિંગ સીસ્ટમના કેમેરાની વ્યવસ્થા કરવા તેમજ આ સીસીટીવી કેમેરા લગાવવા તથા આ સીસી ટીવી કેમેરાના રેકોર્ડિંગના ડેટા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવા તથા ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી વહીવટકર્તાઓની રહેશે.આ કેમેરા દિન સાતમાં લગાવી દેવાના રહેશે.તેમજ ઉંઝા પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ અધિકારીએ બેઠક બોલાવી સંપુર્ણ અમલ કરાવવાનો પ્રયાસ કરવાનો રહેશે. સી.સી.ટીવી કેમેરા સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા,પ્રવેશ અને બહાર નીકળતા તમામ માણસોની અવર-જવર જોઇ શકાય તે રીતે લગાવવા,નાઇઝ વિઝન અને હાઇ ડેફીનેશનવાળા લગાવવા અને ભારતીય સ્ટાન્ડર્ડ સમય મુજબ સેટ કરવા,ડેપોના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા, પાર્કિંગની જગ્યામાં સુંપુણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા,તેમજ સુંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાનો આદેશ કર્યો છે.

સી.સી ટીવી કેમેરા (નાઇટવિઝન અને હાઇડેફીનેશન વીથ રેકોડ'ગ સીસ્ટમ દર્શાવેલ સ્પેશીફીકેશનવાળા લગાવવાના રહેશે. તેમજ તેમને ત્યાં બહારથી આવતા મજુરોની નોંધણી સ્થાનીક પોલીસ સ્ટેશનમાં ફરજીયાત નોંધણી કરાવવાની રહેશે તેમજ તેમના નામ સરનામા ઉમર / વર્ષ રહેઠાણ વગેરેની વિગત રાખતું રજીસ્ટર રાખવાનું રહેશે. આ હુકમનો અમલ જાહેરનામાં પ્રસિધ્ધીના દિન સાતમાં કરવાનો રહેશે જે ૨૬ એપ્રીલ ૨૦૧૭ સુધી અમલમાં રહેશે, આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે

# પાટણમાં ભૈરવ મંદિર અને સિધ્ધનાથ મંદિર પાસેના દબાણો દૂર કરવા માંગ

પાટણ

પાટણમાં શ્રી સિધ્ધનાથ મહાદેવના પુરાણા મંદિર પાસે કરવામાં આવેલા દબાણોથી રસ્તો સાંકડો બની ગયેલ છે. વર્ષો અગાઉ આ રસ્તાની બંને બાજુ માત્ર નાની જુની દેરીઓ હતી અને વિશાળ સંખ્યામાં વૃક્ષો ઉગેલા હતા. પરંતુ વર્તમાન સમયમાં દેરીઓ કે વૃક્ષો અદ્રશ્ય થઈ જતાં માત્ર કાચા- પાકા મકાનો બની ગયા છે, આ તમામ મકાનો બિનઅધિકૃત રીતે બનાવવામાં આવ્યા છે. સિધ્ધનાથ મંદિર અને ભેરવ મંદિર તરફ જવાના માર્ગ પર અમુક ઠેકાણે દબાણ કરવામાં આવ્યા હતા. જે ગત વર્ષે પાલિકાએ તોડી પાડ્યા હતા પરંતુ છેલ્લા છ માસથી તથા દબાણો થતા વાહન ચાલકોને અહીંથી નિકળવું મુશ્કલ બને છે. અત્રે નોંધવું ઘટે કે સિધ્ધનાથ મહાદેવ મંદિર પાસેનો જે રોડ છે તે રોડ પણ સાંકડો બની ગયેલ છે. જેથી ટ્રક જેવા વાહનને નિકળવું હોય તો બેહદ પરેશાન થવું પડે છે, રોડની બંને સાઈડે આવેલી સોસાયટીના રહીશો દ્વારા સદર દબાણ થયેલ હોવાનું ચર્ચાય છે.

# શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલયના સાયન્સના વિદ્યાર્થીઓ માટે પ્રેરણા વ્યાખ્યાન યોજાયું

પાટણ

શ્રી બી.ડી. સાર્વજનિક વિદ્યાલય પાટણમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ડૉ.સુરાણીનું પરીક્ષામાં તણાવ મુકત અને હકારાત્મક અભિગમ કેળવી તણાવ મુકત વાંચન અને પરીક્ષાનો ડર દુર કરી યાદ શકિત વિકસાવવા માટેની તેમની પ્રથાના કૌશલ્યો વિકસાવવા તેઓ આવનાર પરીક્ષામાં સફળતા હાંસલ કરી પોતાની શકિતનો ઉપયોગ કરવા અને વિજ્ઞાન પ્રવાહમાં આવતા વિવિધ અભ્યાસક્રમ અને તે પાછળ પ્રવેશની રીતનું માર્ગદર્શન પણ આપવામાં આવેલ. આ સમગ્ર સંચાલન સાયન્સના શિક્ષક મિત્રો દ્વારા કરી વિદ્યાર્થીઓમાં પરીક્ષાની કસોટીમાં હકારાત્મક રીતે પાર ઉતરે તેવો પ્રયત્ન કરવામાં આવેલ. શાળાના આચાર્ય ડૉ.બી.આર. દેસાઈ દ્વારા બધા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓ આ પ્રેરણા વ્યાખ્યાનમાં ઉપસ્થિત રહ્યા હતા.

# …k÷™…wh™k ÷k÷ Ëðk¾k™k{kt {kuŒ™u {k{÷u …rhðkhsLkkuLku nk{kþku

(Mktsþ òu»ke)

™ðòŒ ƒkºfe ÷uðk™ku R…

…k÷™…wh™k ÷k÷ Ëðk¾k™k{kt MxkV™e ƒuÌfkeyu «‚wEk™wt {k{÷u {ŒÉf™k …rhðkhs™kuyu nkuƒk [f[kh {[e sðk …k{e nŒe. ytŒu Ëkuƒ …ku÷e‚u {ktz {k{÷u Úkk¤u …kzTÞk ÷k÷ Ëðk¾k™k{kt yLkwMktÄkLk ÃkkLkk Lkt.6

# zeMkk Mktík yÒkk Mfq÷ ÔnkuMkLkk hneþku îkhk [qtxýeLkku çkrn»fkh

(¼hík MkwtËuþk)



zeMkk nuík hneþku îkuLkku Wøkhtþkuyu çkÃkk™ yLkwMktÄkLk ÃkkLkk Lkt.6

# ykt„ýðkze yktËku÷™ {ku¤ku «rŒ,kÄ

(MktsÞ òu»ke)

3300 ykt„ýðkze fuLÿku{ktÚke {k°k 222 ƒtÄ nkuðk™ku ŒtÈk™ku Ëkðku

# çkxkxk MkkuLkkLkk LknªÃkký{ykLkk ¼kðu ðu[kÞ Au : yÕÃkuþ Xkfkuh





Ãkw»fh økkuMkkE

Mkkæðe sÞ©eøkeheLku 9 {ktÚke çku økwLkk{k ò{eLk {éþk Ãkk÷LkÃkwh

# çkxkxk{kt {tËeLkk Ãkøk÷u WLkk™k {økV¤eLkwt ðkðuíkh ðÄþu



Lkh®Mkn ÉuMkkE

# ÞkufkuÃkex

(LkkøkeÞuhLkk AkuíkhkLkku Aktðzh)

WíÄkkEf : LktËLkðLk, ytçkkS {ku. : 9408729910, 02749-264704

# 5kt[ Ãkhøkýk MkwÚkkh Mk{gn ÷øl.k òuøk

Ãkkt[ Ãkhøkýk MkwÚkkh Mk{ksLkk ykÞkusLk fhðk{kt ykðu÷ Au.

Ãkkt[ Ãkhøkýk MkwÚkkh MktÃkfo Lktçkh :- 94273 94264 85900, 99795 6597

# ...k÷™...wh{kt rhûkk[k÷fkuyu {k™ð ,ktf¤ h[e rðhkuÄ ÔÞõŒ fÞkuo

(MktsÞ òu»ke)

# ¼kð¼eLke ©æÄktsrj

Mð.Ãkh{kh MkkuLkkçkuLk {økLkS Mð.ík.19-6-h00Ãk

Mð.Ãkh{kh Lkxw¼kE {økLkS Mð.ík.hÃk-h-h017

rðrÄLkkt ÷Ïkt ÷u¾ fuðk ¢wh ÚkE økÞkt, nkMÞ íkÿkt Íí¤eÞkt ykt¾ku{kt y©wLkkt Ãkqh ÚkE økÞkt, Akuzâku ík{u nkÚk, y{u {sçkwh ÚkE økÞkt

«¼w ykÃkLkk rËÔÞ yk{Lkku þktrík yÃkuo yus yÇÞÚkoLkk.

rð.

Ãkh{kh {økLkS ÃkLkkS, Ãkh{kh f{÷uþ økýuþS, Ãkh{kh Mkw¼k»k økýuþS, Ãkh{kh çkkçkw¼kE økýuþS, Ãkh{kh nhuþ økýuþS, Ãkh{kh yÕÃkuþ økýuþS

ykÚkk{ : yktËÞ {kuxk ykÚkk{ ¾k{ …kuLkk … ykËk

y{khe {ík]©e Mð.Ãkh{kh MkkuLkkçkuLk {økLkS yLkðhu ík.6-3-h017 Lkk Mkkuu{ðkhLkk hkus ...

MÚk¤ : ykLktË Vk{o nkWMk, økkÞºke zuheLke çkkswt, ¼k¼h